RNI No. GUJGUJ/2009/30906
RNI TITLE CODE NO. GUJGUJ12914

# રાજકોટ મિરર

RAJKOT MIRROR DAILY MORNING NEWS PAPER

Year : 15 Issue : 393 Dt. 07-08-2026 Page : 08 Price : Rs 3

આમારી Whatsapp Channel માં
જોડાવા માટે નીચે આપેલ QR Code Scan કરો

Editor : PRATIPALSINH NARENDRASINH JADEJA, Publisher, Printer & Owner : YASHPALSINH JAYCHANDRASINH JADEJA
Place of Publication and Printing : 201-SAGAR APPARTMENT, C-WING, OPP. SHREEJI HOTEL, NEAR MILESTONE APPARTMENT, ROYAL PARK STREET NO. 10, KALAWAD ROAD, RAJKOT

## યુક્રેન પર રશિયાનો ભીષણ હુમલોઃ ૨૧ મોત

### રશિયા-યુક્રેન યુદ્ધ વધુ તીવ્ર બન્યું : ૪૮ કલાકમાં ૬૦ લોકોનો ભોગ લેવાયો : રશિયાએ યુક્રેનના ૪૭૫ ડ્રોન તોડી પાડયા, બ્લેક સીમાં યુક્રેન માટે શસ્ત્રો લઈ જતાં ત્રણ બલ્ક કેરિયર પર હુમલો કર્યો

નવી દિલ્હી, તા.૬

રશિયા મિસાઈલ અને ડ્રોન વડે યુક્રેન પર તૂટી પડયુ હતુ. રશિયાએ લગભગ બે કલાક સુધી યુક્રેન પર મિસાઈલ અને ડ્રોનનો ભીષણ મારો ચલાવ્યો હતો. રશિયાએ કુલ ૨૪ બેલેસ્ટિક મિસાઈલ અને ૧૧૫ જેટ પાવર્ડ ડ્રોન વડે ત્રાટક્યુ હતુ. રશિયાના આ ભીષણ હુમલામા યુક્રેનમાં ૨૧ના મોત થયા હતા અને ૪૪ ઘાયલ થયા હતા. યુક્રેને પણ વળતો પ્રહાર કરીને રશિયન ડ્રોન ફેક્ટરીના વડાને ઉડાવ્યો હતો. રશિયા-યુક્રેનના યુદ્ધે બે દિવસમાં ૬૦ લકોનો ભોગ લીધો હતો.

યુક્રેનના પ્રમુખ ઝેલેન્સ્કીએ જણાવ્યું હતું કે રશિયાએ તેના બેલેસ્ટિક મિસાઈલ-કમ-ડ્રોન એટેકમાં બ્રુઈંગ કંપની, બાંધકામ સામગ્રી બનાવતું વેરહાઉસ, ધંધાકીય સંકુલ, ટ્રેન સ્ટેશન, મેઈલ સોર્ટ કરતી ઓફિસને લક્ષ્યાંક બનાવી હતી, જેને આ યુદ્ધ સાથે સ્નાસૂતકનો પણ સંબંધ ન હતો. તેની સામે રશિયન સંરક્ષણ મંત્રાલયે જણાવ્યું હતું કે અમે હુમલો કર્યો તે કારોબારો કોઈને કોઈ સ્વરૂપમાં લશ્કર સાથે સંબંધ ધરાવતા હતા.



યુક્રેન રશિયાના બેલેસ્ટિક મિસાઈલો આંતરી શકતું ન હોવાથી તેણે સહયોગી દેશોને વિનંતી કરી છે કે તેઓ પૂરતા પ્રમાણમાં એર ડિફેન્સ સિસ્ટમ્સ આપે, જેથી રશિયાના હુમલાનો વધુ સારી રીતે સામનો કરી શકાય અને મૃત્યુઆંક ઘટાડી શકાય. જો અમારી પાસે પૂરતા પ્રમાણમાં એર ડિફેન્સ હોત તો હાલમાં મૃત્યુ પામ્યા છે તેટલા નાગરિકો મૃત્યુ પામ્યા ન હોત. ઝેલેન્સ્કીએ જણાવ્યું હતું કે ચાલુ વર્ષના અર્ધવાર્ષિક સમયગાળામાં યુક્રેનને ડિફેન્સ મિસાઈલ પૂરુ પાડવાનું પ્રમાણ ૨૦૨૫ની તુલનાએ ત્રીજા ભાગનું થઈ ગયું છે. અમારા ભાગીદારો જો અમને મિસાઈલ પૂરા નહી પાડે તો અમારી જાનહાનિ સતત વધતી જ જશે.

જો કે રશિયાના હુમલાનો યુક્રેને વળતો જવાબ આપ્યો હતો. શાંતિના કોઈ સંજોગો દેખાતા નથી ત્યારે રશિયાને વાટાઘાટના ટેબલ પર લાવવા યુક્રેન હવે રશિયામાં સતત ઊંડે પ્રહાર કરી રહ્યુ છે. તેની રીફાઈનરીઓ અને ઓઈલ ડેપોને લક્ષ્યાંક બનાવી રહ્યું છે. આવા જ એક હુમલામાં યુક્રેને રશિયાની ડ્રોન બનાવતી ફેક્ટરીના સીઈઓ પર હુમલો કર્યો હતો. રશિયન લશ્કર માટે એફપીવી ડ્રોન બનાવતી કંપની યુરાલડ્રોનજાવોદના સીઈઓ વ્લાદીમીર તકાચુક તેમની મર્સીડીઝ બેન્ઝ કારમાં જતા હતા ત્યારે તેમા બોમ્બ ફીટ કરાયો હતો. તેમની કાર ચાલતી હતી ત્યારે તેમા વિસ્ફોટ થયો હતો. આ વિસ્ફોટમાં તેમના ડ્રાઈવરનું મોત થયું છે અને તે ગંભીર રીતે ઘાયલ થયા છે. આ ડ્રોનનો ઉપયોગ સશસ્ત્ર વાહનો ઉડાડવા માટે કરવામાં આવે છે. આ અગાઉ એક હુમલામાં અન્ય એક ડ્રોન ફેક્ટરીના વડા પર હુમલો કરવામાં આવ્યો હતો. આમ યુક્રેન હવે રશિયા માટે શસ્ત્રો ડિઝાઈન કરનારા પર પણ હુમલા કરી રહ્યું છે.યુક્રેને આ સિવાયના અન્ય હુમલામાં રશિયાના લોજિસ્ટિક્સને નિશાન બનાવ્યા હતા. તેમા વાઈલ્ડ બેરીઝ ખાતેની ફેસિલિટીઝનો સમાવેશ થાય છે. તે રશિયાની સૌથી મોટી રિટેલર છે. યુક્રેનિયન ડ્રોનનો આ કંપનીના ૧૪મા વેરહાઉસ પર હુમલો હતો. રશિયાના સંરક્ષણ મંત્રાલયે જણાવ્યું હતું કે તેમના દળોએ લગભગ ૪૭૫ યુક્રેનિયન ડ્રોન તોડી પાડયા હતા. આ ડ્રોન રશિયાના કુલ ૧૬ પ્રાંત પર ત્રાટક્યા હતા. આ સિવાય રશિયાએ દાવો કર્યો હતો કે તેણે ઓડેસાના બ્લેક સીમાં ત્રણ બલ્ક કેરિયર પર હુમલો કર્યો છે, જે યુક્રેનને શસ્ત્રો પૂરા પાડવા જઈ રહ્યા હતા. ઉલ્લેખનીય છે કે કાર બોમ્બ વિસ્ફોટમાં ઘાયલ થયેલા તકચુક નાના પાયા પરના ઉદ્યોગસાહસિક છે. તેમણે એન્જિનીયરોની ટીમ સ્થાપીને રશિયા માટે ઉપિર ડ્રોન વિકસાવ્યા છે. આ ઉપિર ડ્રોન એકદમ સસ્તા છે અને તેનું સંચાલન સરળ છે. રશિયન લશ્કર માટે તે ખૂબ જ ઉપયોગી નીવડયા છે. તે જામ પણ થતા નથી. સપ્ટેમ્બર ૨૦૨૪માં તકાચુકે પ્રમુખ પુતિન સમક્ષ તેની ડિઝાઈન રજૂ કરી હતી. આ સિવાય તકાચુક ક્રેમલિનના યુક્રેન સામેના લશ્કરી પગલાના પ્રબળ સમર્થક છે. તેઓ વોર ચેનલ પણ ચલાવે છે, તેના ટેલિગ્રામ પર ૬.૫૦ લાખથી વધુ ફોલોઅર છે. તેના સ્પતાહ પહેલા વધુ એક ડ્રોન મેકર એન્દ્રેઈ ચેરેઝોવને પણ તુલા ખઆતે ગોળી મારવામાં આવી હતી.યુક્રેનમાં શાકભાજીવાળા પાછળ રશિયાનું ડ્રોન પડયુ હતુ. તેનો વિડીયો પણ વાઈરલ થયો છે. યુક્રેનના દક્ષિણમાં આવેલા શહેર ખેરસનમાં રશિયન ડ્રોન એક શાકભાજીવાળાનો પીછો કરીને તેના પર ત્રાટક્યું હતું.

### Gen Z આકર્ષવા પ્રયાસઃ PMની રીલ્સ બાદ.....

## રાહુલ ગાંધીનું 'આસ્ક મી એનીથિંગ'સેશન

નવી દિલ્હી, તા.૬

આગામી વિધાનસભા ચૂંટણીઓ પહેલાં, કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ ર્ક્ષ્યક્ષ ણ મતદારો સુધી પહોંચવા ઈન્સ્ટાગ્રામ પર 'આસ્ક મી એનિથિંગ' સેશન શરૂ કર્યું છે. લોકસભામાં વિરોધ પક્ષના નેતા તરીકે, તેમણે 'ડ' પર જાહેરાત કરી કે તેઓ વિદ્યાર્થીઓ અને ર્ક્ષ્યક્ષ ણ ના પ્રશ્નોના જવાબ આપશે. ઙ્ખ મોદીની સોશિયલ મીડિયા સક્રિયતાની સલાહ બાદ આ પગલું લેવાયું છે, જે યુવાનોને આકર્ષવાનો પ્રયાસ છે.આવતા વર્ષે ઉત્તર પ્રદેશ અને પંજાબ સહિત અનેક રાજ્યોમાં યોજાનારી વિધાનસભા ચૂંટણીઓ પૂર્વે તમામ રાજકીય પક્ષોએ યુવા મતદારો, ખાસ કરીને 'ર્ક્ષ્યક્ષ ણ' (નવી પેઢીના યુવાનો)ને પોતાની તરફ આકર્ષવા માટે સોશિયલ મીડિયા પર સક્રિયતા વધારી દીધી છે. દિલ્હીના જંતર-મંતર પર વિદ્યાર્થીઓના વિરોધ બાદ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ઈન્સ્ટાગ્રામ રીલ્સ દ્વારા યુવાનો સાથે સંવાદ સાધવાનો પ્રયાસ કર્યો હતો. હવે તેના જ જવાબરૂપે કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ પણ ર્ક્ષ્યક્ષ ણ સુધી પહોંચવા ઈન્સ્ટાગ્રામ પર 'આસ્ક મી એનિથિંગ' (અતસ ખય અક્ષુવિંશક્ષલ) સત્ર શરૂ કર્યું છે.લોકસભામાં વિરોધ પક્ષના નેતા



રાહુલ ગાંધીએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'ડ' પર એક પોસ્ટ શેર કરતા લખ્યું હતું કે, 'વિદ્યાર્થીઓ અને ર્ક્ષ્યક્ષ ણ, હું તમારી વાત સાંભળવા માટે અહીં ઉપસ્થિત છું. તમે ઈન્સ્ટાગ્રામ પર મને કોઈ પણ પ્રશ્ન પૂછી શકો છો, અને હું શક્ય તેટલા વધુ પ્રશ્નોના જવાબ આપવાનો પ્રયાસ કરીશ.' આ સાથે જ તેમણે એક ખાસ લિંક પણ શેર કરી છે, જેના દ્વારા યુવાનો પોતાના પ્રશ્નો સીધા જ મોકલી શકશે.રાહુલ ગાંધીની આ પહેલ એવા સમયે સામે આવી છે જ્યારે કેન્દ્રીય સ્તરે પણ યુવાનો સાથે જોડાવા માટે સોશિયલ મીડિયાનો ઉપયોગ વધી રહ્યો છે. નોંધનીય છે કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પણ કેન્દ્રીય મંત્રીઓને યુવાનોમાં લોકપ્રિય એવા ઈન્સ્ટાગ્રામ પર વધુ સક્રિય રહેવા, રીલ્સ બનાવવા અને યુવા પેઢી સાથે સીધો સંવાદ વધારવાની સલાહ આપી હતી.તાજેતરમાં ગઊઊઝ-ઞૠ પરીક્ષામાં કથિત ગેરરીતિઓને લઈને દિલ્હીના જંતર-મંતર ખાતે વિદ્યાર્થીઓએ યોજેલા વિરોધ પ્રદર્શનમાં સોશિયલ મીડિયાએ મહત્વની ભૂમિકા ભજવી હતી. ઈન્સ્ટાગ્રામ અને અન્ય ડિજિટલ પ્લેટફોર્મ્સ દ્વારા યુવાનોએ આ આંદોલનને દેશભરમાં પહોંચાડ્યું હતું. આ પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને જ આગામી ચૂંટણીઓ પહેલા તમામ મોટા પક્ષો યુવાનોની આકાંક્ષાઓ અને પ્રશ્નોને સીધા સાંભળવા માટે ડિજિટલ પ્લેટફોર્મનો સહારો લઈ રહ્યા છે.

## 'સુપ્રીમના' આદેશ બાદ અમેરિકાએ ૧૦૦ અબજ પાછા આપવા પડ્યા!

**અમેરિકાની સુપ્રીમ કોર્ટેનો ડોનાલ્ડ ટ્રમ્પને મોટો આંચકો**

નવી દિલ્હી, તા.૬

અમેરિકાની સુપ્રીમ કોર્ટે ડોનાલ્ડ ટ્રમ્પને મોટો આંચકો આપતાં ઈંઊઊઙ્અ હેઠળના ટેરિફને ગેરકાયદેસર જાહેર કરી, ટ્રમ્પ પ્રશાસનને વસૂલેલી રકમ રિફંડ કરવાનો ઐતિહાસિક આદેશ આપ્યો છે, જેના પગલે ઞજ કસ્ટમ્સ દ્વારા લગભગ ૧૦૦ અબજનું ટેરિફ કલેક્શન પરત કરી દેવામાં આવ્યું છે. ડોનાલ્ડ ટ્રમ્પનો આ ટેરિફ બોમ્બ હવે તેમની પોતાની જ મુશ્કેલીઓ વધારી રહ્યો છે, કારણ કે વીતેલા વર્ષના એપ્રિલ મહિનામાં તેમણે



વિશ્વના તમામ દેશો પર રેસિપ્રોકલ ટેરિફ લગાવવાનું શરૂ કર્યું હતું જેનાથી વૈશ્વિક સ્તરે ટ્રેડ વોરની પરિસ્થિતિ સર્જાઈ હતી. સુપ્રીમ કોર્ટે ચાલુ વર્ષની ૨૦ ફેબ્રુઆરીના રોજ ૬-૩ ની બહુમતીથી આપેલા આ મહત્ત્વના ચુકાદામાં અંતરરાષ્ટ્રીય આપાતકાલીન આર્થિક શકિત અધિનિયમ (ઈંઊઊઙ્અ) હેઠળ લાદવામાં આવેલા ટેરિફના મોટા હિસ્સાને રદ કરી સ્પષ્ટ કર્યું હતું કે રાષ્ટ્રીય સુરક્ષા ઈમરજન્સી માટે ૧૯૭૭માં બનેલા કાયદાનો ઉપયોગ કરી વ્યાપારી ભાગીદારો પર આકરો ટેરિફ લાદીને ટ્રમ્પે પોતાના અધિકારક્ષેત્રનું ઉલ્લંઘન કર્યું છે અને આ કાયદો પ્રમુખને એકતરફી શુલ્ક લાદવાની સત્તા આપતો નથી. ઞજ આંતરરાષ્ટ્રીય વ્યાપાર ન્યાયાલયમાં રજૂ કરાયેલી અરજી મુજબ, વ્યાજ સહિત રિફંડની પ્રક્રિયા સરકારની કસ્ટમ્સ રિફંડ સિસ્ટમ દ્વારા પૂરી કરી દેવાઈ છે અને નાણાંના વિતરણ માટે આ રકમ નાણા વિભાગને મોકલી આપવામાં આવી છે, જે રદ કરાયેલા આશરે ૧૬૬ અબજના ટેરિફમાંથી અડધાથી વધુ રકમ છે. જોકે, ટ્રમ્પ પ્રશાસન દ્વારા વસૂલાયેલા નાણાં પરત કરી દેવાયા હોવા છતાં આ રિફંડ હવે એક નવા રાજકીય વિવાદનું કારણ બન્યું છે, કારણ કે આલોચકોના મતે આ નાણાં માત્ર તે આયાતકારો અને કોર્પોરેટ કંપનીઓને જ પાછા મળી રહ્યા છે જેમણે ટેરિફ ચૂકવ્યો હતો, જ્યારે ટ્રમ્પના આ ટેરિફ વોરના કારણે મોંઘવારીનો સામનો કરનારા અને વધારેલી કિંમતો ચૂકવનારા સામાન્ય અમેરિકન ગ્રાહકોને તેનો કોઈ જ લાભ મળી રહ્યો નથી.

## સોશિયલ મીડિયા પર PMનો સ્વદેશી મેસેજ

### ફ્રેન્ડશીપની જેમ હેન્ડલૂમ ડેની ઉજવણી કરવાનો સંદેશ

નવી દિલ્હી, તા.૬

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ૭ ઓગસ્ટ એટલે કે 'રાષ્ટ્રીય હાથવણાટ દિવસ'ના અવસર પર ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ પરથી એક ખાસ વીડિયો મેસેજ જારી કર્યો છે. પીએમ મોદીએ દેશના ઈતિહાસ, સ્વતંત્રતા સંગ્રામ અને સ્વદેશી આંદોલનની પાયાની વાતો યાદ અપાવતા ભારતના પરંપરાગત વણકર સમુદાયને આર્થિક રીતે વધુ સશક્ત બનાવવાનું આહ્વાન કર્યું છે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પોતાના વીડિયો સંદેશની શરૂઆત ઈતિહાસના એક અત્યંત મહત્વપૂર્ણ પ્રકરણને યાદ અપાવીને કરી હતી. પીએમે કહ્યું, 'સાથીઓ, ૧૯૦૫ નો ૭ ઓગસ્ટ આપણે ભૂલવાનો નથી. ૭ ઓગસ્ટ ૧૯૦૫ ના રોજ દેશની આઝાદી માટે સ્વદેશી આંદોલનનો પ્રારંભ થયો હતો અને આત્મનિર્ભર ભારતની પાયો નંખાયો હતો.



અંગ્રેજો સામે દેશવાસીઓએ એક ખૂબ મોટી લડાઈ લડી હતી અને જન-જન આની સાથે જોડાઈ ગયો હતો.'

યુવાનો અને દેશવાસીઓ સાથે સીધા જોડાઈને પીએમ મોદીએ કહ્યું કે, 'જેમ હાલમાં જ સૌએ પૂરા ઉત્સાહ સાથે 'ફ્રેન્ડશિપ ડે' ઉજવ્યો છે, ઠીક તેવી જ રીતે ૭ ઓગસ્ટના રોજ 'હેન્ડલૂમ ડે' પણ ઉમંગ સાથે ઉજવાવો જોઈએ.' તેમણે વધુમાં ઉમેર્યું કે, હેન્ડલૂમ ડે ઉજવવાનો સાચો મતલબ દેશના એ ગરીબ વણકર પરિવારો સાથે ઊભા રહેવાનો છે, જેઓ પોતાના ઘરોમાં હાથવણાટના સાધનો પર પોતાના હાથથી સુંદર અને વિવિધતાથી ભરેલા કપડાં તૈયાર કરે છે.

ગરીબ વણકર ભાઈઓ-બહેનોને આર્થિક રીતે સમૃદ્ધ બનાવવા અને 'આત્મનિર્ભર ભારત'ના સ્વપનને સાકાર કરવા માટે વડાપ્રધાને દેશવાસીઓને એક ખાસ ડિજિટલ પ્રવૃત્તિમાં ભાગ લેવા પ્રેરિત કર્યા હતા. તેમણે અપીલ કરી કે દરેક નાગરિક પોતે હાથવણાટથી બનેલી કોઈને કોઈ પ્રોડક્ટ કે કપડું ચોક્કસપણે ખરીદે. તે હાથવણાટની વેરાયટી સાથે એક નાનો વીડિયો કે રીલ બનાવીને તેને દુનિયા સામે સોશિયલ મીડિયા પર મૂકે. આ ઝુંબેશ દ્વારા ભારતીય વણકરોના હુનર, સામર્થ્ય અને મહેનતનો પરિચય આખી દુનિયાને કરાવી શકાશે.પીએમ મોદીએ અંતમાં તમામ દેશવાસીઓને ૭ ઓગસ્ટ 'રાષ્ટ્રીય હાથવણાટ દિવસ' ની હાર્દિક શુભકામનાઓ પાઠવી હતી.

## રાજ્યોમાં જળબંબાકાર,મેઘતાંડવથી તારાજી

### હિમાચલથી કેરળ સુધી દુર્ઘટનાઓ, અનેક ઠેકાણે સાંબેલાધાર

નવી દિલ્હી, તા.૬

દેશભરમાં ચોમાસાનો પ્રકોપ જોવા મળી રહ્યો છે. હિમાચલ પ્રદેશમાં વરસાદી અકસ્માતોમાં ૬૪નાં મોત અને ₹૭૯૭ કરોડનું નુકસાન થયું છે. ઉત્તર પ્રદેશમાં મકાન ધરાશાયી થતાં ૧ બાળકીનું મોત થયું, જ્યારે ૬ લોકો ઘાયલ થયા. દિલ્હી, હરિયાણા, મહારાષ્ટ્ર, ઓડિશા અને વેસ્ટ બંગાળ સહિતના રાજ્યોમાં ભારે વરસાદથી જનજીવન પ્રભાવિત થયું છે.

દેશભરમાં ચોમાસાનો ભારે પ્રકોપ જોવા મળી રહ્યો છે. હિમાચલ પ્રદેશમાં ચોમાસાની શરૂઆતથી અત્યાર સુધીમાં ૧૪ ભૂસ્ખલન અને પૂર સહિતના વરસાદી અકસ્માતોમાં ૬૪ લોકોના મોત થયા છે અને ₹૭૯૭ કરોડનું નુકસાન થયું છે, જ્યારે ઉત્તર પ્રદેશમાં મકાન ધરાશાયી થતાં ૧ બાળકીનું મોત થયું છે અને ૬ લોકો ઘાયલ થયા છે. બીજી તરફ, દિલ્હી, હરિયાણા, મહારાષ્ટ્ર, ઓડિશા અને વેસ્ટ બંગાળ સહિતના રાજ્યોમાં ભારે વરસાદના કારણે રસ્તાઓ પર પાણી ભરાઈ જતાં જનજીવન પ્રભાવિત થયું છે.

હિમાચલ પ્રદેશમાં જૂન મહિનાના અંતમાં ચોમાસાના આગમનથી લઈને અત્યાર સુધીમાં વરસાદ સંબંધિત ઘટનાઓમાં ૬૪ લોકોના મોત નીપજ્યા છે. રાજ્ય ઈમરજન્સી ઓપરેશન સેન્ટર (જઊઘઈ) ના જણાવ્યા અનુસાર, ભયાનક વરસાદના કારણે રાજ્યમાં ૧૨૦ રસ્તાઓ બંધ થઈ ગયા છે, ૬૦ વોટર સપ્લાય સ્કીમ અને ૩૯ ટ્રાન્સફોર્મર ખોરવાઈ ગયા છે. તંત્ર દ્વારા રાજ્યને અત્યાર સુધીમાં ₹૭૯૭ કરોડનું મોટું નુકસાન થયું હોવાનું આંકવામાં




આવ્યું છે. રાજ્યમાં ઓગસ્ટ ૧૨ સુધી વરસાદી માહોલ યથાવત રહેવાની શક્યતા છે. મકાન ધરાશાયી થતાં બાળકીનું મોત અને વારાણસી-ગાઝિયાબાદમાં પાણી ભરાયાઉત્તર પ્રદેશના મુઝફ્ફરનગરના બુઢાના પોલીસ સ્ટેશન વિસ્તારના હબીબપુર ગામમાં ભારે વરસાદ દરમિયાન મકાનની છત ધરાશાયી થતાં ૧ વર્ષની માસૂમ બાળકી સાવનીનું મોત થયું છે, જ્યારે તેની માતા અને બે બાળકો સહિત કુલ ૬ લોકો ગંભીર રીતે ઘાયલ થયા છે. બીજી તરફ, વારાણસીમાં છેલ્લા બે દિવસથી થઈ રહેલા સતત વરસાદને કારણે શ્રાવણ મહિનામાં લોકોને બળતરા અને ગરમીથી મોટી રાહત મળી છે.


ગાઝિયાબાદના લોની-ભોપુરા રોડ, રાજ નગર, બસ સ્ટેન્ડ અને શાસ્ત્રી નગરમાં મોડી રાતથી જ સતત વરસાદને કારણે અનેક વિસ્તારોમાં પાણી ભરાઈ ગયા છે, જોકે તાપમાનમાં ઘટાડો થતાં લોકોને ગરમીથી રાહત પણ મળી છે.

દિલ્હીમાં ધોધમાર વરસાદથી જળબંબાકારની સ્થિતિ જોવા મળી હતી. રાજધાની દિલ્હીમાં ભારે વરસાદને કારણે અનેક વિસ્તારોમાં રસ્તાઓ પર પાણી ભરાવાની સમસ્યા સર્જાઈ છે. તુગલકાબાદ સ્થિત ઉઉઅ ડિસ્ટ્રિક્ટ પાર્ક, ઐતિહાસિક લાલ કિલ્લાની આસપાસના વિસ્તારો, સંગમ વિહાર, મહાત્મા ગાંધી માર્ગ અને ઝાકિર હુસૈન માર્ગ પર ભારે જળભરાવના દ્રશ્યો સામે આવ્યા છે, જેનાથી વાહનવ્યવહારને ભારે અસર પહોંચી છે. હરિયાણામાં સાર્વત્રિક વરસાદને કારણે સ્માર્ટ સિટી ગુરુગ્રામ અને ફરીદાબાદના નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાઈ ગયા છે. રસ્તાઓ પર પાણી ફરી વળતાં ટ્રાફિક જામની સમસ્યા સર્જાઈ હતી. ઉત્તરાખંડના હરિદ્વારમાં સતત થઈ રહેલા વરસાદ છતાં કાંવડયાઓના ઉત્સાહમાં કોઈ ઘટાડો થયો નથી. પવિત્ર ગંગાજળ લેવા અને ગંગા ઘાટ પર આસ્થાની ડૂબકી લગાવવા માટે મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ ઉમટી રહ્યા છે. મહારાષ્ટ્રના ગોંદિયા જિલ્લાના અનેક ભાગોમાં મુશળધાર વરસાદ ખાબક્યો છે. છેલ્લા કેટલાક સમયથી ચાલતા બફારા અને ઊંચા તાપમાન બાદ વરસાદ પડતાં સ્થાનિક લોકોને ભારે ઉકળાટમાંથી મોટી રાહત મળી છે. ઓડિશાની રાજધાની ભુવનેશ્વરમાં સતત થઈ રહેલા ભારે વરસાદને કારણે વિઝિબિલિટી ખૂબ જ ઘટી ગઈ છે. રસ્તા પર વાહનચાલકોને પોતાના ગંતવ્ય સ્થાન સુધી પહોંચવામાં ભારે મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છે.પશ્ચિમ બંગાળના પશ્ચિમ મેદિનીપુરમાં ભારે વરસાદને કારણે નેશનલ હાઈવે-૬૦ (ગઇ-૬૦) પર પાણી ભરાઈ જતાં વાહનવ્યવહાર ખોરવાયો હતો અને હાઈવે પર વાહનોની લાંબી લાઈનો જોવા મળી હતી.કેરળના ઇડુક્કી જિલ્લાના કાંચિયાર લબ્બાકડા ખાતે ભારે વરસાદના કારણે એક વેપારી બિલ્ડિંગની છત તૂટી પડી હતી. આ ઘટનામાં દુકાનદારોનો આબાદ બચાવ થયો હતો અને મોટી દુર્ઘટના ટળી હતી.

એક ટન માલ રાજકોટ ઉતારી બાકીનો ૨૫.૫ ટન માલ જામનગર પહોંચાડવાનો હતોઃ પણ બીજા દિવસે ટ્રક ખાલી હાલતમાં રાજકોટમાં જ મળ્યો

# રાજકોટમાં ચોરાયો ૨.૩૭ કરોડનો બ્રાસ સ્ક્રેપ

## ટ્રક ડ્રાઈવર અને ક્લીનર માલ સગેવગે કરી ફરારઃ મેનેજરની ભક્તિનગર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ



રાજકોટ, તા.૬

રાજકોટના ઢેબર રોડ પર આવેલી 'શ્રી શ્યામ ટ્રાન્સપોર્ટ એજન્સી'માં મેનેજર તરીકે નોકરી કરતા અને મૂળ ગોંડલ તાલુકાના હડમતાળા ગામના વતની પૃથ્વીરાજસિંહ રેવતુભા જાડેજા દ્વારા ભક્તિનગર પોલીસ સ્ટેશન ખાતે આ અંગે સત્તાવાર ગુનાહિત વિશ્વાસઘાત અને પૂર્વઆયોજિત કાવતરાની વિગતવાર ફરિયાદ નોંધાવવામાં આવી છે. ફરિયાદમાં જણાવ્યા અનુસાર, દિલ્હી ખાતે આવેલી તેમની ટ્રાન્સપોર્ટની મુખ્ય ઓફિસેથી ગત તા. ૩૧/૦૭/૨૦૨૬ના રોજ ટ્રક નંબર છ્ઉં-૫૨-ત્ર્અ-૪૪૧૩ માં અંદાજે ૨૭ ટન જેટલો કરોડો રૂપિયાનો બ્રાસ સ્ક્રેપ (પીતળનો ભંગાર) લોડ કરવામાં આવ્યો હતો. આ માલ રાજકોટ અને જામનગરના વિવિધ બ્રાસ ઉદ્યોગકારોને પહોંચાડવાનો હતો, જેની તમામ જવાબદારી ટ્રાન્સપોર્ટ એજન્સીની હતી. સોફ્ટવેરમાં ઉપલબ્ધ વિગતો મુજબ આ ટ્રકને ડ્રાઇવર મનોહરસિંહ કરણસિંહ અને ક્લીનર પ્રતાપસિંહ (બંને રહે. રાજસ્થાન) લઈને રાજકોટ આવવા માટે રવાના થયા હતા.

ટ્રકમાં ભરેલા ૨૭ ટન માલમાંથી ૨ ટન માલ રાજકોટની સ્થાનિક પાર્ટીઓનો હતો, જ્યારે બાકીનો અંદાજે ૨૫.૫ ટન માલ જામનગરના જીઆઈડીસી વિસ્તારમાં આવેલા અલગ-અલગ ૧૨થી વધુ નામાંકિત બ્રાસ વેપારીઓનો હતો. ગત તા. ૦૪/૦૮/૨૦૨૬ના રોજ બપોરે આ ટ્રક રાજકોટ ખાતે આવી પહોંચ્યો હતો. ટ્રાન્સપોર્ટ મેનેજર પૃથ્વીરાજસિંહે દિલ્હીથી આવેલી ગાડીની બિલ્ટી ચકાસીને રાજકોટનો ૨ ટન માલ એજન્સી ખાતે સફળતાપૂર્વક ખાલી કરાવ્યો હતો. ત્યારબાદ રાત્રિના સમયે 'નો-એન્ટ્રી'નો સમય પૂરો થયા પછી બાકીનો ૨૫.૫ ટન માલ ભરેલો ટ્રક લઈને જામનગર ખાતે ઓફિસે પહોંચાડી દેવા માટે ડ્રાઈવર મનોહરસિંહને સ્પષ્ટ સૂચના આપવામાં આવી હતી.

જોકે, બીજા દિવસે તા. ૦૫/૦૮/૨૦૨૬ના રોજ સવારે જામનગરની 'એલાયન્સ મેટલ' કંપની તરફથી ટ્રાન્સપોર્ટ ઓફિસે ફોન આવ્યો હતો કે તેમનો માલ હજુ સુધી પહોંચ્યો નથી. આથી ટ્રાન્સપોર્ટ સંચાલકો અને સ્ટાફમાં ભારે દોડધામ મચી ગઈ હતી. શંકા જતાં ટ્રાન્સપોર્ટ એજન્સીના કર્મચારીઓએ આસપાસના વિસ્તારમાં તપાસ શરૂ કરી હતી. તપાસ દરમિયાન રાજકોટ ખાતે ટ્રાન્સપોર્ટ ઓફિસની પાછળ જ્યાં સામાન્ય રીતે ગાડીઓ પાર્ક થાય છે, ત્યાં જ આ ટ્રક છ્ઉં-૫૨-ત્ર્અ-૪૪૧૩ પાછળથી આખો ખુલ્લો અને સાવ ખાલી હાલતમાં બિનવારસી પડેલો મળી આવ્યો હતો. માલ ગાયબ જોઈને ટ્રાન્સપોર્ટ સ્ટાફના હોશ ઉડી ગયા હતા.

ઘટનાની ગંભીરતાને ધ્યાને લઈને ટ્રાન્સપોર્ટ એજન્સીના મેનેજરે તાત્કાલિક ડ્રાઈવર મનોહરસિંહ અને ક્લીનર પ્રતાપસિંહના મોબાઇલ નંબર પર સંપર્ક કરવાનો સતત પ્રયાસ કર્યો હતો, પરંતુ બંનેના ફોન સ્વિચ ઓફ આવતા હતા. ત્યારબાદ દિલ્હી ઓફિસે જાણ કરી ગાડીમાં જીપીએસ ફ્લીટ ટ્રેકિંગ અને ડ્રાઈવર-ક્લીનરના આધાર પુરાવા મંગાવવામાં આવ્યા હતા. તલાશી દરમિયાન ખાલી પડેલા ટ્રકની કેબિનમાંથી જામનગરના વેપારીઓની માલની બિલ્ટીઓની ફાઈલ મળી આવી હતી. જેના પરથી સ્પષ્ટ થયું હતું કે અંદર રહેલો માલ મોટી કિંમતનો હતો અને ડ્રાઈવર તથા ક્લીનરે આર્થિક લાભ ખાતર રાતોરાત આખું ષડયંત્ર રચ્યું હતું.

આ શાર્પ ગુનાહિત કાવતરામાં જામનગરની અલગ-અલગ ૧૨ પાર્ટીઓનો કુલ ૨૫,૫૪૧.૩૫ કિલોગ્રામ (અંદાજે ૨૫.૫ ટન) બ્રાસ સ્ક્રેપ, જેની કુલ કિંમત ૨,૩૭,૩૩,૧૩૪ (રૂપિયા બે કરોડ સાડત્રીસ લાખ તેત્રીસ હજાર એકસો ચોંત્રીસ) થાય છે, તે આખોય માલ રસ્તામાંથી બારોબાર વેચી કે સગેવગે કરી દેવામાં આવ્યો હતો. આ મામલે ભક્તિનગર પોલીસ સ્ટેશનના પીએસઆઈ એસ.એચ. ગોહિલે આકરી કલમો હેઠળ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે. પોલીસે ફરાર થઈ ગયેલા રાજસ્થાનના ડ્રાઈવર અને ક્લીનરની શોધખોળ માટે સીસીટીવી ફુટેજ અને ટેકનિકલ સર્વેલન્સની મદદથી ચક્રો ગતિમાન કર્યા છે.

ઝેપ્ટોમાંથી બગડેલા દૂધના ૧૭૫ રૂપિયાનું રિફંડ મેળવવા જતાં

# નિવૃત્ત વૃદ્ધાએ ૧.૯૧ લાખ ખોયા

રાજકોટ, તા.૬

રાજકોટના જામનગર રોડ પર આવેલ ગાયત્રીધામ સોસાયટી (એ-૫) માં રહેતા ૬૩ વર્ષીય નિવૃત્ત વૃદ્ધા શોભાબેન પ્રમોદકુમાર રાઠીએ સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશનમાં ઓનલાઈન છેતરપિંડીની ફરિયાદ નોંધાવી છે. શોભાબેન છેલ્લા ત્રણ વર્ષથી એકલા રહીને નિવૃત્ત જીવન પસાર કરે છે.

તેમના પરિવારમાં એક પુત્ર પુલકિત રાઠી છે જેઓ રાજસ્થાનના જોધપુર એરબેઝ ખાતે વિંગ કમાન્ડર તરીકે ફરજ બજાવે છે, અને પુત્રી આંચલ અમદાવાદ ખાતે સાસરે રહે છે.

ગત તારીખ ૧૨/૦૬/૨૦૨૬ ના રોજ સવારે શોભાબેને ઝેપ્ટો (ણયાક્ષ્રિં) એપ્લિકેશન મારફતે પાંચ થેલી દૂધનો ઓર્ડર કર્યો હતો. દૂધ બગડેલું આવતા, તેમને રિફંડ મેળવવા માટે ગૂગલ પર સર્ચ કરીને ઝેપ્ટો કસ્ટમર કેરનો નંબર શોધ્યો હતો. ગૂગલ પર મળેલી એક વેબસાઈટ પરથી તેમણે ૯૨૯૬૮૫૮૨૧૯ નંબર પર સંપર્ક કર્યો હતો.

અજાણ્યા ગઠિયાઓએ સુનિયોજિત કાવતરું રચીને નીચે મુજબ છેતરપિંડી આચરી હતી. ખાસ કરીને ગઠીયાઓ અપનાવેલી તરકીબોમાં શોભાબેને ફોન કર્યાના થોડા સમય બાદ તેમને એક સામેથી ફોન આવ્યો, જેમાં વાત કરનાર વ્યક્તિએ પોતાનું નામ 'ઇસ્માઇલ અન્સારી' હોવાનું અને પોતે ઝેપ્ટો કસ્ટમર કેરમાંથી બોલતો હોવાનું જણાવી રૂ. ૧૭૫ નું રિફંડ અપાવવાની ખાતરી આપી હતી. ત્યારબાદ આરોપીએ વોટ્સએપ નંબર ૬૦૦૩૮૧૮૦૭૮ પરથી સંપર્ક કરી એક ખ્ઁદ્ગ ઈઉ (રફૌીીયતવફુબ૧) મોકલી ત્ર્ક્ષક્ષલહય ઙ્ગફુ મારફતે એક પ્રક્રિયા કરાવી હતી. આ પ્રક્રિયા દરમિયાન શોભાબેનના બેંક ઓફ બરોડાના ખાતામાંથી રૂ. ૯૭,૦૭૨ આરોપીના ઈઉત્ર્ઝ્ર બેંકના ખાતામાં ટ્રાન્સફર થઈ ગયા હતા.

પોતાની સાથે છેતરપિંડી થઈ હોવાનું માલૂમ પડતાં શોભાબેને તાત્કાલિક ૧૯૩૦ સાયબર હેલ્પલાઇન પર ફરિયાદ નોંધાવી હતી (જેનો એક્નોલેજમેન્ટ નંબર ૩૧૧૦૬૨૬૦૧૩૪૩૪૬ છે). ત્યારબાદ તારીખ ૦૬/૦૮/૨૦૨૬ ના રોજ રાજકોટ સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશનમાં તમામ મોબાઈલ નંબર અને બેંક ખાતાધારકો વિરુદ્ધ સત્તાવાર ત્ર્ઈઇછ નોંધવામાં આવી છે.

પોલીસે અજાણ્યા શખ્સો સામે બી.એન.એસ. ની કલમ ૩૧૮(૪), ૩૧૯, ૩(૫) તથા આઈ.ટી. એક્ટની કલમ ૬૬(સી) અને ૬૬(ડી) મુજબ ગુનો દાખલ કર્યો છે. આ કેસની વધુ તપાસ પોલીસ ઈન્સ્પેક્ટર શુભેન્દુ દુર્લભજીભાઇ ફુલતરીયા ચલાવી રહ્યા છે.

સગા કાકાજી સસરાએ જ ભત્રીજાને શીશામાં ઉતાર્યો

# જમીન વેચવાના બહાને ૭૦ લાખની છેતરપિંડી

## ગાંધીગ્રામ પોલીસ મથકમાં બે શખ્સ સામે ગુનો : શોધખોળ

રાજકોટ, તા.૬

રાજકોટના ૧૫૦ ફૂટ રિંગ રોડ પર આવેલ મોદી સ્કૂલની બાજુમાં, દેશળદેવ નગર જ્ઞાનજીવન-૦૨ માં રહેતા ૩૪ વર્ષીય પાયલબેન અર્જુનભાઇ સોહલાએ ગાંધીગ્રામ પોલીસ મથકમાં પોતાના જ સગાઓ વિરુદ્ધ છેતરપિંડીની ફરિયાદ નોંધાવી છે. પાયલબેનના પતિ અર્જુનભાઈ અગાઉ ટ્રાન્સપોર્ટનો વ્યવસાય કરતા હતા અને તેમની માલિકીની રાજકોટ તાલુકાના મઘરવાડા ગામમાં સર્વે નંબર ૯૭ ની આશરે પોણા ચાર એકર જમીન આવેલી હતી. આ જમીનનો અસલ દસ્તાવેજ અર્જુનભાઈએ તેમના કાકાજી સસરા ગેલાભાઈ ઉકાભાઈ સોહલા (રહે. શિવપરા, રૈયા રોડ) ને સાચવવા આપ્યો હતો.૨૦૨૩ માં આર્થિક પરિસ્થિતિ નબળી હોવાથી અર્જુનભાઈએ પોતાની આ જમીન વેચવાનો નિર્ણય કર્યો હતો, પરંતુ કૌટુંબિક માથાકૂટના કારણે કોઈ આ જમીન ખરીદવા તૈયાર ન હતું. આ તકનો લાભ લઈને કાકાજી સસરા ગેલાભાઈએ જમીન વેચાવી આપવાની ખાતરી આપી હતી. ગેલાભાઈએ તેમના મિત્ર બીજલભાઈ નાગજીભાઈ ગોલતર (રહે. રેલનગર) સાથે મળીને અર્જુનભાઈનો રૂ. ૧,૫૧,૦૦,૦૦૦ (દોઢ કરોડથી વધુ) માં જમીનનો સોદો નક્કી કર્યો હતો. જોકે, પારિવારિક વિવાદ નડે નહીં તે માટે ગેલાભાઈએ અર્જુનભાઈને વિશ્વાસમાં લઈ આ જમીનનો દસ્તાવેજ પાયલબેનના દાદા લાલાભાઈ ધોળકિયાના નામે ટ્રાન્સફર કરાવ્યો હતો (જે ૧૭/૦૭/૨૦૨૩ ના રોજ રજીસ્ટર થયો હતો). આ વખતે દેખાવા ખાતર અર્જુનભાઈના ખાતામાં રૂ. ૧૪,૫૦,૦૦૦ જમા કરાવાયા હતા, જેમાંથી મોટાભાગની રકમ ગેલાભાઈના પુત્ર અને લાલાભાઈને રોકડમાં પરત આપી દેવાઈ હતી.એકવાર દસ્તાવેજ અન્યના નામે થઈ ગયા બાદ, ગેલાભાઈ અને બીજલભાઈએ અર્જુનભાઈને અંધારામાં રાખીને આ જમીન લાલાભાઈ કિહલા નામના વ્યક્તિને બારોબાર વેચી મારી દસ્તાવેજ પણ કરી આપ્યો હતો. દોઢ કરોડના નક્કી થયેલા સોદા સામે અર્જુનભાઈને કટકે-કટકે માત્ર રૂ. ૧૬,૦૦,૦૦૦ જ ચૂકવવામાં આવ્યા હતા. બાકીના રૂપિયા માંગતા આરોપીઓએ દલાલી અને અન્ય ખર્ચાઓ ગણાવીને હવે માત્ર રૂ. ૭૦ લાખ જ નીકળતા હોવાનું જણાવ્યું હતું. અર્જુનભાઈ જમીનનો કબજો આપતા ન હોવાથી, આરોપીઓએ પાયલબેનના પિતા અને ભાઈ સાથે મળીને રૂ. ૩૫-૩૫ લાખના બે ચેકના ફોટા મોબાઈલમાં વોટ્સએપ પર મોકલી વિશ્વાસમાં લીધા હતા. પેમેન્ટ મળી ગયું છે તેમ સમજીને અર્જુનભાઈએ જમીનનો કબજો સોંપી દીધો હતો, પરંતુ ત્યારબાદ ચેક કે બાકીના ૭૦ લાખ રૂપિયા ક્યારેય આપવામાં આવ્યા ન હતા.જ્યારે પાયલબેને પોતાના પિતા અને ભાઈ પાસે જઈને ચેક અને રૂપિયાની માંગણી કરી, ત્યારે તેમણે પણ ચેક ખોવાઈ ગયો હોવાના બહાના કાઢ્યા હતા. દોઢ વર્ષ જેટલો સમય વીતી જવા છતાં રૂપિયા ન મળતા પાયલબેને પોતાના પિતાને પૂછપરછ કરી ત્યારે તેઓ પણ મારવા દોડતા હતા અને જણાવ્યું હતું કે જમીનના રૂપિયામાંથી ૧૦ લાખ રૂપિયા અન્ય વ્યક્તિને આપી દીધા છે.આખરે, પોતાના જ કાકાજી સસરા અને પિયરપક્ષના લોકોના કાવતરાનો ભોગ બનેલા પાયલબેન સોહલાએ ગાંધીગ્રામ પોલીસ સ્ટેશનમાં તારીખ ૦૬/૦૮/૨૦૨૬ ના રોજ ફરિયાદ નોંધાવી છે. પોલીસે આરોપી ગેલાભાઈ સોહલા અને બીજલભાઈ ગોલતર વિરુદ્ધ ભારતીય ન્યાય સંહિતા (ઇ.ગ.જ.) ની કલમ ૩૧૮(૪) અને ૬૧(૨)બી મુજબ ગુનો દાખલ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. આ સમગ્ર કૌભાંડની વધુ તપાસ પીએસઆઈ એ.બી.ચાવડા ચલાવી રહ્યા છે.

# નાણાવટી ચોક પાસે સામાન્ય બાબતે યુવાનો વચ્ચે સશસ્ત્ર મારામારી

## વાહનોમાં તોડફોડ -જાતિ અપમાન અંગે ૩ શખ્સો સામે એટ્રોસિટીનો ગુનો

રાજકોટ, તા.૬

રાજકોટમાં મહિલા કોલેજ પાછળ આવેલ વૈશાલી નગર શેરી નંબર ૧૦ માં રહેતા અને રિક્ષા ડ્રાઈવિંગનો વ્યવસાય કરતા ૨૭ વર્ષીય હિતેશભાઈ વાલજીભાઈ મારુ દ્વારા ગાંધીગ્રામ-૨ (યુનિવર્સિટી) પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવવામાં આવી છે. ગત તારીખ ૦૨/૦૮/૨૦૨૬ ના રોજ રાત્રિના નવેક વાગ્યાના સુમારે હિતેશભાઈ પોતાની જીજે-૦૩-એડબલ્યુ-૭૧૦૭ નંબરની રિક્ષામાં તેમના કૌટુંબિક ભત્રીજા સુમીત મુકેશ મારુ અને મિત્ર બીપીનભાઈ પરશોતમભાઈ મકવાણા સાથે મોરબી ખાતે ધકાવાળા મેલડીમાના મંદિરે દર્શનાર્થે ગયા હતા. ત્યાંથી દર્શન કરીને તારીખ ૦૩/૦૮/૨૦૨૬ ના રોજ વહેલી સવારે ત્રણેક વાગ્યે તેઓ પરત ફર્યા હતા. બીપીનભાઈને તેમના ઘરે ઉતાર્યા બાદ, હિતેશભાઈ પોતાના ભત્રીજા સુમીતને મૂકવા માટે નાણાવટી ચોક પાસે આવ્યા હતા.

નાણાવટી ચોક પાસે તેઓને તેમના મિત્ર આર્યન મનીશભાઇ ચૌહાણ મળ્યા હતા, અને ત્યારબાદ આર્યન તથા સુમીત બંને ટાઇટેનિયમ એપાર્ટમેન્ટ સામે, રાધિકા પાર્ક પાસે આવેલ 'ક્રિષ્ના પાન' ની દુકાને માવો લેવા ગયા હતા. હિતેશભાઈ પણ તેમની પાછળ ત્યાં પહોંચ્યા ત્યારે તેમણે જોયું કે દુકાન પાસે ત્રણ અજાણ્યા શખ્સો સુમીત સાથે ફોટા પાડવા બાબતના મનદુઃખને લઈને ઉગ્ર બોલાચાલી કરી રહ્યા હતા અને ગાળો આપી રહ્યા હતા. આ ત્રણેય શખ્સો સુમીતના જ મિત્રો હતા જેમના નામ મિહીરભાઈ ઉર્ફે હોલો પરમાર, રુત્વિક ઉર્ફે લલુડી દીપકભાઇ સુબા અને ખંજન ઉર્ફે ખંચન જીગ્નેશ જોષી હોવાનું જાણવા મળ્યું હતું. હિતેશભાઈએ પોતે સુમીતના કાકા હોવાનું જણાવી વચ્ચે પડીને યુવાનોને સમજાવવાનો અને ઝઘડો શાંત કરવાનો પ્રયાસ કર્યો હતો.

સમજાવટ છતાં ઉશ્કેરાયેલા ત્રણેય આરોપીઓએ હિતેશભાઈને વચ્ચે ન પડવાની ધમકી આપી હતી. ત્યારબાદ 'હોલો' (મિહીર) નામના શખ્સે દુકાન પાસેથી પાઇપ ઉઠાવીને હિતેશભાઈને વાંસાના ભાગે ફટકારી દીધો હતો. જ્યારે ભત્રીજો સુમીત તેમને છોડાવવા વચ્ચે પડ્યો ત્યારે તેને પણ વાંસામાં પાઇપનો એક ઘા મારવામાં આવ્યો હતો. આ ઉપરાંત ત્રણેય આરોપીઓએ ભેગા મળીને આર્યન ચૌહાણને પણ ઢીકાપાટુનો મૂંઢ માર માર્યો હતો.

હુમલાખોરો આટલેથી જ ન અટકતા, તેઓએ પાઈપના ઘા ઝીંકીને હિતેશભાઈની રિક્ષાની લાઇટો તોડી નાખી હતી અને આર્યનના એક્સેસ સ્કૂટરમાં પણ ભારે તોડફોડ કરી નુકસાની પહોંચાડી હતી. આ સમગ્ર ઘટના દરમિયાન આરોપીઓએ હિતેશભાઈ અને તેમના ભત્રીજાને જ્ઞાતિ પ્રત્યે અપમાનજનક શબ્દો કહીને જાતિવિષયક અપમાન પણ કર્યું હતું. આ હુમલા વખતે ક્રિષ્ના પાનનો સંચાલક જય ટપુભાઇ સરેણા પણ તેઓને છોડાવવા વચ્ચે આવ્યો ન હતો.

હુમલાથી બચવા હિતેશભાઈ ત્યાંથી દોડીને દૂર જતા રહ્યા હતા અને નાણાવટી ચોકમાં પહોંચી સુમીત અને આર્યનને બોલાવ્યા હતા. ત્યારબાદ ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે તેઓ સરકારી દવાખાને સારવાર અર્થે ગયા હતા. આ ગંભીર બનાવ સંદર્ભે પોલીસ કમિશનરને અરજી કર્યા બાદ, તારીખ ૦૬/૦૮/૨૦૨૬ ના રોજ બપોરે ૪ વાગ્યે હિતેશભાઈ મારુએ મિહીરભાઈ ઉર્ફે હોલો પરમાર, રુત્વિક ઉર્ફે લલુડી દીપકભાઇ સુબા અને ખંજન ઉર્ફે ખંચન જીગ્નેશ જોષી વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે. ગાંધીગ્રામ-૨ (યુનિ.) પોલીસે ત્રણેય આરોપીઓ વિરુદ્ધ ગુનો દાખલ કર્યો છે. બનાવની વધુ તપાસ મદદનીશ પોલીસ કમિશનર આર.એસ. બારીઆએ હાથ ધરી છે.

# પત્નીનો પીછો કરતા પતિને મારી નાખવાની ધમકી

## રાજકોટની આર.આર. પેલેસ હોટલના એક શખ્સ સામે ભક્તિનગર પોલીસમાં ગુનો

રાજકોટ, તા.૬

રાજકોટ-ગોંડલ નેશનલ હાઈવે પર કાંગશીયાળી ખાતે એ.જે.કે. ફુડ પ્રોડક્ટ (અમર ઇન્ડસ્ટ્રીયલ ઝોન) માં રહેતા અને વેપાર કરતા ૩૯ વર્ષીય રવિન્દ્રભાઇ જેન્તીભાઇ કારેલીયાએ ભક્તિનગર પોલીસ મથકમાં જાનથી મારી નાખવાની ધમકી અંગેની ફરિયાદ નોંધાવી છે. ફરિયાદીના પત્ની બિમલ અને તેમના બાળકો ગત તારીખ ૧૮/૦૬/૨૦૨૬ થી રાજકોટના દેવપરા વિસ્તારમાં તેમના સસરાના ઘરે રહેતા હતા.

ગત તારીખ ૨૪/૦૭/૨૦૨૬ ના રોજ રવિન્દ્રભાઈને વોટ્સએપ અને સ્નેપચેટ મેસેજ મારફતે જાણવા મળ્યું હતું કે તેમના પત્ની કોઈને મળવા જવાના છે. આથી તેમણે પત્નીનો પીછો કર્યો હતો, જેમાં તેમના પત્ની નંબર પ્લેટ વગરની એક સફેદ સ્વીફ્ટ કારમાં બેસીને ઢેબર રોડ પર મીલપરા-૧૪ માં આવેલી 'આર.આર. પેલેસ હોટલ' ખાતે ગયા હતા. કારમાંથી બિમલબેન, એક અજાણ્યો શખ્સ અને નિલેષભાઇ જલુ નામના વ્યક્તિ નીચે ઉતર્યા હતા. પત્ની અને પેલા અજાણ્યા શખ્સને હોટલમાં મૂકીને નિલેષભાઈ પરત સ્વીફ્ટ કારમાં બેસી ગયા હતા. થોડીવારમાં જ રવિન્દ્રભાઈ ૧૧૨ પોલીસ સ્ટાફ સાથે ત્યાં પહોંચ્યા હતા અને કારમાં તપાસ કરતા તેમાં નિલેષભાઇ જલુ અને અનીસાબેન હાજર મળ્યા હતા, પરંતુ પત્ની કે પેલો અજાણ્યો શખ્સ જોવા મળ્યા ન હતા. હોટલના રિસેપ્શન રજીસ્ટરમાં પણ તેમની કોઈ એન્ટ્રી ન હતી.



હોટલના રિસેપ્શન હોલમાં જ રવિન્દ્રભાઈની નિલેષભાઇ જલુ સાથે ઉગ્ર બોલાચાલી થઈ હતી. આ સમયે નિલેષભાઈએ ફરિયાદીને ગાળો આપી હતી અને ''હવે તું ફરીયાદ કરી લેજે કેમ થાય છે. તારે થાય તે કરી લેજે. મારી નાખીશ.'' તેમ કહીને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. આ ઘટના વખતે ૧૧૨ પોલીસ સ્ટાફ અને અન્ય લોકો પણ ત્યાં હાજર હતા. ત્યારબાદ રવિન્દ્રભાઈ હોટલના સ્ટાફ અને ૧૧૨ ની લેડીઝ પોલીસ સાથે રૂમ અને અગાસીમાં તપાસ કરવા ગયા હતા, પરંતુ હોટલ સ્ટાફે તેમને બાજુની અગાસીમાં તપાસ કરતા રોક્યા હતા, જ્યાં તેમની પત્ની છુપાયેલી હોવાની તેમને આશંકા હતી.

બનાવ બાદ ૧૧૨ સ્ટાફ ફરિયાદીને ભક્તિનગર પોલીસ સ્ટેશન લઈ ગયો હતો, પરંતુ શરૂઆતમાં પોલીસે પત્નીના માતા-પિતાને પૂછવા જણાવી અરજી સાંભળી ન હતી. બાદમાં પત્નીનો ફોન સ્વીચ ઓફ આવતો હોવાથી રાત્રે મિસિંગની અરજી લેવાઈ હતી અને મોડી રાત્રે ૧ થી ૧:૩૦ વાગ્યાની વચ્ચે પોલીસે સીધા જ પત્નીને તે છુપાયેલી હતી ત્યાંથી શોધી કાઢી હતી. રવિન્દ્રભાઈએ પોતાની ફરિયાદમાં શંકા વ્યક્ત કરી છે કે પત્ની સાથે રહેલો અજાણ્યો શખ્સ અને નિલેષભાઈ જલુ પોલીસ સ્ટાફના માણસો હોઈ શકે છે, કારણ કે નિલેષની ફેસબુક આઈડીમાં હથિયાર સાથેના ફોટા છે અને તેને પોતાની ઓળખનો ઉપયોગ કરીને હેરાન કર્યા હોવાની આશંકા છે.

સમગ્ર મામલે રવિન્દ્રભાઈની ફરિયાદના આધારે ભક્તિનગર પોલીસે તારીખ ૦૬/૦૮/૨૦૨૬ ના રોજ બપોરે ૧૩:૩૦ કલાકે આરોપી નિલેષ જલુ વિરુદ્ધ બી.એન.એસ. ની કલમ ૩૫૨ અને ૩૫૧(૩) મુજબ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. આ કેસની વધુ તપાસ પીએસઆઈ વી.એલ. રાઠોડ દ્વારા હાથ ધરાઈ છે.

# ‘એનાલોગ’ પનીર પર પ્રતિબંધ

## ઉત્પાદન, વેચાણ અને પરિવહન પર તાત્કાલિક પાબંધિઃ અલગ-અલગ જગ્યાએથી લેવાયેલા સેમ્પલની તપાસમાં પ્રોડક્ટ્સ માનવ સ્વાસ્થ્ય માટે અત્યંત હાનિકારક સાબિત થતાં સરકારે પગલું ભર્યું



રાજકોટ, તા. ૬

ગુજરાત સરકારે પ્રજાના આરોગ્યની સુરક્ષા અને ગ્રાહકોના હિતમાં એક અત્યંત મહત્વપૂર્ણ અને કડક નિર્ણય લીધો છે. રાજ્યભરમાં અસલી દૂધની બનાવટોના નામે વેચાતા કૃત્રિમ અને ભેળસેળયુક્ત એનાલોગ પનીર, ચીઝ અને બટરના ઉત્પાદન, વેચાણ તેમજ પરિવહન પર તાત્કાલિક અસરથી પૂર્ણપણે પ્રતિબંધ લાદી દેવામાં આવ્યો છે. અલગ-અલગ જગ્યાએથી લેવાયેલા સેમ્પલની તપાસમાં આ પ્રોડક્ટ્સ માનવ સ્વાસ્થ્ય માટે અત્યંત હાનિકારક સાબિત થતાં સરકારે આ પગલું ભર્યું છે.

આ રાજ્યવ્યાપી નિર્ણય પાછળ રાજકોટ શહેર પોલીસની સ્પેશિયલ ઓપરેશન ગ્રુપ (જ્ઘ્ત્રૠ) શાખાની મહત્વની ભૂમિકા રહી છે. રાજકોટમાં અગાઉ ઝડપાયેલા બનાવટી પનીરના મોટા જથ્થા બાદ, તત્કાલીન ડીસીપી પાર્થરાજસિંહ ગોહિલના માર્ગદર્શન હેઠળ જ્ઘ્ત્રૠના તત્કાલીન પી.આઈ. એસ.એમ. જાડેજા અને પીએસઆઈ એસ. બી.ઘાસુરાએ ફેબ્રુઆરી ૨૦૨૫માં ફૂડ એન્ડ ડ્રગ્સ લેબોરેટરીને એક લેખિત રિપોર્ટ સોંપ્યો હતો.

આ રિપોર્ટમાં સ્પષ્ટપણે જણાવાયું હતું કે બજારમાં અસલી પનીર જેવા જ દેખાતા, પરંતુ વનસ્પતિ ફેટ, સ્ટાર્ચ અને કેમિકલ્સથી બનેલા 'એનાલોગ' પદાર્થો વ્યાપકપણે વેચાઈ રહ્યા છે. સાધારણ ગ્રાહક આ બંને વચ્ચેનો તફાવત પારખી શકતો નથી, જેના કારણે ગ્રાહકોની આરોગ્ય સુરક્ષા જોખમાય છે.

જ્ઘ્ત્રૠ દ્વારા તમામ દુકાનો અને રેસ્ટોરન્ટ્સમાં ‘‘આ પ્રોડક્ટ એનાલોગ છે‘‘ તેવા બોર્ડ લગાવવા સૂચન કરાયું હતું, જેને આધારે ગાંધીનગર સ્થિત ખોરાક અને ઔષધ નિયમન તંત્રે આ સઘન ઝુંબેશ શરૂ કરી હતી. સરકારે સ્પષ્ટ ચીમકી આપી છે કે આ પ્રતિબંધનો અનાદર કરનાર કે કાયદાનો ભંગ કરનાર કોઈ પણ વ્યક્તિ કે ફૂડ બિઝનેસ ઓપરેટર (ત્રૠ્ઈઘ) સામે ફૂડ સેફ્ટી એક્ટ હેઠળ આકરામાં આકરી કાનૂની કાર્યવાહી કરવામાં આવશે અને ગુનેગારોને જેલ ભેગા કરવામાં આવશે.

### એનાલોગ પનીરમાં શૂન્ય પોષણઃ પ્રફુલ્લ પાનશેરિયા

રાજ્યના આરોગ્ય મંત્રી પ્રફુલ્લ પાનશેરિયાએ જાહેરાત કરતાં જણાવ્યું હતું કે, ‘‘ગુજરાત ફૂડ એન્ડ ડ્રગ્સ કન્ટ્રોલ એડમિનિસ્ટ્રેશન દ્વારા છેલ્લા ચાર મહિનાથી સમગ્ર રાજ્યમાંથી લેવાયેલા નમૂનાઓની તપાસમાં સામે આવ્યું છે કે એનાલોગ પનીર સ્વાસ્થ્ય માટે અત્યંત નુકસાનકારક છે અને તેમાં કોઈ પોષક તત્વો નથી. લોકોના સ્વાસ્થ્ય સાથે થતાં ચેડાં અટકાવવા સરકારે આજથી જ તેના પર સંપૂર્ણ બેન મૂકી દીધો છે.સસ્તા અને નકલી એનાલોગ ઉત્પાદનોના કારણે ગ્રાહકો તો છેતરાતા જ હતા, સાથે સાથે શુદ્ધ દૂધનું ઉત્પાદન કરતા સાચા પશુપાલકો અને ડેરી ઉદ્યોગને પણ ભારે આર્થિક નુકસાન વેઠવું પડતું હતું. સરકારના આ નિર્ણાયક પગલાંથી એક તરફ ગ્રાહકોનું સ્વાસ્થ્ય સચવાશે તો બીજી તરફ રાજ્યના ડેરી ક્ષેત્ર અને પશુપાલકોને મોટું પ્રોત્સાહન મળશે.

# ૮૧.૬૮ લાખના ખર્ચે ડ્રોન- AI ટેકનોલોજીથી મચ્છરજન્ય રોગો પર કંટ્રોલ કરાશે

### આજી નદી વિસ્તારની સફળતા બાદ 'પ્રાઈમ યુએવી' એજન્સીને કોન્ટ્રાક્ટ મંજૂર; ઊંચી ઈમારતો, ખુલ્લા પ્લોટ અને દુર્ગમ વિસ્તારોમાં લાર્વીસાઈડ ટ્રીટમેન્ટ હાથ ધરાશે



રાજકોટ, તા. ૬

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા શહેરના મહાનગર વિસ્તારમાં વાહકજન્ય રોગ નિયંત્રણ કાર્યક્રમ અંતર્ગત એક મહત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યો છે. શહેરમાં પોરાનાશક કામગીરી (લાર્વીસાઈડ ટ્રીટમેન્ટ) અને પોટેન્શીયલ મોસ્કીટો બ્રિડીંગ સોર્સના સર્વે માટે હવે આધુનિક ડ્રોન ટેકનોલોજીનો ઉપયોગ કરવામાં આવશે. આ કામગીરી માટે 'પ્રાઈમ યુએવી' (ડ્રશિળય ઞઅટ) એજન્સીને રૂ. ૮૧.૬૮ લાખના ખર્ચે કોન્ટ્રાકટ આપવાની દરખાસ્તને મંજૂરી આપવામાં આવી છે. નોંધનીય છે કે, અગાઉ વધુ અભ્યાસ માટે આ દરખાસ્ત મોકૂફ રાખવામાં આવી હતી, જેનો સભ્યો દ્વારા ઊંડાણપૂર્વક અભ્યાસ કર્યા બાદ આજે આખરે લીલી ઝંડી આપી દેવામાં આવી છે.

સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેને આ અંગે વિગતવાર માહિતી આપતા જણાવ્યું હતું કે, વર્ષ ૨૦૨૫માં આજી નદીના કાંઠા વિસ્તારમાં ક્યુલેક્સ મચ્છરનો ભારે ઉપદ્રવ જોવા મળ્યો હતો. તે સમયે પાયલોટ પ્રોજેક્ટ તરીકે ડ્રોન આધારિત કામગીરી કરવામાં આવી હતી, જે અત્યંત અસરકારક સાબિત થઈ હતી. ચોમાસાની ઋતુ દરમિયાન જો મચ્છરોના ઉત્પત્તિ સ્થાનોને સમયસર નષ્ટ કરવામાં આવે, તો મેલેરિયા, ડેંગ્યુ અને ચિકનગુનિયા જેવા જીવલેણ રોગોના ફેલાવા પર સક્ષમતાથી નિયંત્રણ મેળવી શકાય છે.

આ કામગીરીમાં માત્ર ડ્રોન જ નહીં, પરંતુ આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ (અઈ) ટેકનોલોજીનો ઉપયોગ કરીને મચ્છરોના ઉત્પત્તિ કેન્દ્રોની ઓળખ કરી તેને નિયંત્રણમાં લાવવામાં આવશે. એજન્સી દ્વારા આપવામાં આવેલું પ્રેક્ટિકલ નિદર્શન (ડેમોન્સ્ટ્રેશન) ખૂબ જ સંતોષકારક જણાયું હતું.

# થોરાળા વિસ્તારમાંથી ૧૭ વર્ષીય સગીરનું અપહરણ

### મોડી રાત્રે ફાકી ખાવા ગયા બાદ પુત્ર ગુમ થતા પોલીસ ફરિયાદ

રાજકોટ, તા.૬

રાજકોટ શહેરના ભાવનગર રોડ પર, નવા થોરાળા મેઈન રોડ સ્થિત ન્યુ સર્વોદય સોસાયટી શેરી નં-૪ માં રહેતા ખીમજીભાઇ ઉર્ફે કિશોરભાઇ કેશુભાઇ વઘેરાએ થોરાલા પોલીસ મથકમાં પોતાના સગીર પુત્રના અપહરણ અંગેની ગંભીર ફરિયાદ નોંધાવી છે. ૪૦ વર્ષીય ફરિયાદી ખીમજીભાઇ રાજકોટ આર.એમ.સી. (છ્બઈ) ના વોર્ડ નં-૫ માં કોન્ટ્રાક્ટ બેઝ પર ડ્રાઈવિંગનું કામ કરી પોતાના પરિવારનું ગુજરાન ચલાવે છે. પરિવારમાં તેમના પત્ની જાનકીબેન (ઉ.વ.૩૮), દિકરી અને સગીર પુત્ર નો સમાવેશ થાય છે.પોલીસ ફરિયાદ મુજબ, ગત તારીખ ૦૪/૦૮/૨૦૨૬ ના રોજ રાત્રિના અગિયારેક વાગ્યાના અરસામાં પરિવાર જમી-પરવારીને ઘરે બેઠો હતો. તે સમયે પુત્રના મોબાઈલ પર કોઈનો ફોન આવ્યો હતો અને તે ફોન પર વાત કરતા-કરતા ઘરની બહાર ચાલવા લાગ્યો હતો. પિતાએ રાત્રે બહાર જવા અંગે પૂછતાં જણાવ્યું હતું કે તે ૮૦ ફુટ રોડ પર આવેલા સરવૈયા હોલ પાસે પાનની દુકાને 'ફાકી' ખાવા જાય છે. ત્યારબાદ તે પરિવારની માલિકીનું ગ્રે કલરનું જ્યુપીટર સ્કૂટર (જેનો રજીસ્ટ્રેશન નંબર ઋઉં-૦૩-ગ્રૠ-૧૫૪૮ છે) લઈને ઘરેથી નીકળી ગયો હતો.બીજા દિવસે તારીખ ૦૫/૦૮/૨૦૨૬ ના રોજ વહેલી સવારે સાડા પાંચ વાગ્યે માતા જાનકીબેન જાગ્યા ત્યારે તેમણે જોયું કે પુત્ર આખી રાત દરમિયાન ઘરે પરત ફર્યો ન હતો. માતાએ તેને મેસેજ કર્યો પરંતુ કોઈ જવાબ ન મળ્યો. સવારે આઠ વાગ્યે પિતાએ સગીર પુત્રના મોબાઈલ નંબર (૯૩૧૩૨-૭૬૫૮૬) પર ફોન કરતા તેનો ફોન સ્વિચ ઓફ આવતો હતો. ચિંતિત પરિવારે સગા-સંબંધીઓ અને આસપાસના વિસ્તારોમાં પોતાની રીતે ભારે શોધખોળ કરી હતી, પરંતુ પુત્ર કે તે લઈને ગયેલ જ્યુપીટર સ્કૂટરની કોઈ જ ભાળ મળી ન હતી.પોતાની રીતે તપાસ કર્યા બાદ પણ સગીર પુત્ર ન મળતા, અંતે પોતાના પુત્રનું કોઈ અજાણ્યા શખ્સે કાયદેસરના વાલીપણામાંથી અપહરણ કર્યું હોવાની શંકા સાથે ખીમજીભાઇએ પોતાના માસા અને પત્ની સાથે પોલીસ સ્ટેશન જઈને તારીખ ફરિયાદ નોંધાવી છે. થોરાલા પોલીસે અજાણ્યા વ્યક્તિ સામે ગુનો દાખલ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. ગુનાની વધુ તપાસ પીએસઆઈ દક્ષાબેન ભીખાભાઈ કારેથા ચલાવી રહ્યા છે.

# ૮૨ નવા તલાટીઓમાંથી ૬૦ને ભૂમિ સીમાંકનની વિશેષ જવાબદારી

### તાલીમ ટૂંકાવી તાત્કાલિક પડધરી, લોધિકા અને કોટડાસાંગાણી મોકલાયા




રાજકોટ, તા. ૬

રાજ્ય સરકારના મહેસૂલ વિભાગ દ્વારા તાજેતરમાં જ રાજકોટ કલેક્ટર તંત્ર હસ્તકની જિલ્લાની મહેસૂલી કચેરીઓ માટે ૮૨ નવા મહેસૂલી તલાટીઓની ફાળવણી કરવામાં આવી હતી. જોકે, કામગીરીનું ભારણ ઘટે અને પડતર પ્રશ્નોનો ઉકેલ આવે તે હેતુથી કલેક્ટર તંત્ર દ્વારા આ ૮૨ પૈકી ૬૦ તલાટીઓને તાત્કાલિક અસરથી ભૂમિ સીમાંકન (જમીન માપણી)ની વિશેષ કામગીરીમાં જોતરી દેવામાં આવ્યા છે.

મહેસૂલ વિભાગ દ્વારા રાજકોટ જિલ્લાને ફાળવવામાં આવેલા આ ૮૨ નવા તલાટીઓની જિલ્લાની વિવિધ કચેરીઓમાં વિધિવત નિમણૂક આપવાની પ્રક્રિયા બાકી હતી અને હાલમાં તેમનો તાલીમી કાર્યક્રમ ચાલી રહ્યો હતો.

આ તાલીમ દરમિયાન જ જમીન સીમાંકનના પેન્ડિંગ કેસોનો ત્વરિત નિકાલ લાવવા તેમજ નવા તલાટીઓને ફિલ્ડની પ્રત્યક્ષ તાલીમ મળી રહે તેવા બેવડા આશયથી તેમની તાલીમ ટૂંકાવી દેવામાં આવી છે અને આજથી જ નવી ફરજ સોંપી દેવામાં આવી છે. ત્રણ તાલુકામાં ૨૦-૨૦ તલાટીઓની તૈનાતી જમીન સીમાંકનની કામગીરીને વેગ આપવા માટે પસંદ કરાયેલા ૬૦ તલાટીઓને ત્રણ મુખ્ય તાલુકાઓમાં સરખા ભાગે વહેંચવામાં આવ્યા છે.

પડધરી, લોધિકા અને કોટડાસાંગાણી વિસ્તારમાં મોટી સંખ્યામાં જમીન માપણી અને સીમાંકનને લગતી અરજીઓ પેન્ડિંગ હોવાથી જમીન સીમાંકન કચેરીઓ પર કામનું ભારે ભારણ હતું. નવા તલાટીઓની નિમણૂકથી આ વિસ્તારના ગ્રામીણ અરજદારોના જમીન સીમાંકન અને માપણીને લગતા પ્રશ્નો તેમજ જમીન વિવાદોનો ઉકેલ ઝડપથી આવશે. કલેક્ટર તંત્રના આ નિર્ણયથી ગ્રામ્ય વિસ્તારના જમીન સંબંધિત મુદ્દાઓનો વહેલી તકે નિકાલ આવશે તેવી આશા સેવાઈ રહી છે.

# મનપા ૨.૧૫ લાખ મિલકતોનું કરશે જિઓ ટેગિંગ

## બાકી રહેલી મિલકતોના પ્રોપર્ટી જિઓ ટેગિંગ અંગે મહાનગરપાલિકાનો મહત્વનો નિર્ણય

રાજકોટ, તા. ૬

રાજકોટ મહાનગરપાલિકાની સ્ટેન્ડિંગ કમિટીની બેઠકમાં શહેરની બાકી રહેલી મિલકતોના પ્રોપર્ટી જિઓ ટેગિંગ અંગે એક મહત્વનો નિર્ણય લેવામાં આવ્યો છે. મનપાના રેકોર્ડ પર બાકી રહેલી ૨.૧૫ લાખ મિલકતોનું આગામી ચાર મહિનામાં જિઓ ટેગિંગ પૂર્ણ કરવા માટે 'હર્ટસ એજન્સી'ને રૂ. ૮૨.૪૦ લાખના ખર્ચે કામગીરી સોંપવાની મંજૂરી આપવામાં આવી છે.

મહાનગરપાલિકાના વેરા વસૂલાત શાખાના રેકોર્ડ મુજબ શહેરમાં કુલ ૬.૪૫ લાખ મિલકતો નોંધાયેલી છે. અગાઉના વર્ષોમાં મિલકતો ખાતે વોટર કનેક્શનની ચકાસણી કરવી, મિલકતોના રેકોર્ડ અપડેટ કરવા અને પ્રોપર્ટી જિઓ ટેગિંગ સહિતની કામગીરી હાથ ધરવામાં આવી હતી. જોકે, આ લાંબા સમયગાળાની કામગીરી દરમિયાન એક એજન્સી અધૂરું અને વેરવિખેર કામ કરીને ભાગી ગઈ હતી, જેના કારણે ૨.૧૫ લાખ મિલકતોનો ડેટા તૈયાર કરવાનો બાકી રહી ગયો હતો. જેને ધ્યાને રાખીને આજે આ બાકી રહેલી કામગીરીને આખરી મંજૂરી આપવામાં આવી છે.આ નવી કામગીરી અંતર્ગત પ્રતિ મિલકત જિઓ ટેગિંગનો ખર્ચ રૂ. ૩૮.૩૨ થશે. એજન્સી દ્વારા જિઓ ટેગિંગ સાથે મિલકત ધારકના ફોન નંબર સહિતની તમામ જરૂરી વિગતો પણ એકત્રિત કરવામાં આવશે.

આગામી ચાર મહિનામાં શહેરની તમામ પ્રોપર્ટીનો ડેટા મનપા પાસે ઉપલબ્ધ થઈ જશે. હાલ રાજકોટમાં આશરે ૪૬ હજાર જેટલા નળ જોડાણ (વોટર કનેક્શન) મિલકત સાથે લિંકઅપ વગરના છે. સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેનના જણાવ્યા અનુસાર, આ નવો ડેટા તૈયાર થઈ ગયા બાદ આ ૪૬ હજાર પૈકી કેટલા જોડાણો 'ભૂતિયા' (ગેરકાયદે) છે તેનો ચોક્કસ અંદાજ અને વિગતો મેળવી શકાશે.



રાજકોટ મિરર તંત્રીની કલમે

# પનીર અંગારા કાઢશે ધુમાડા!

## એનાલોગ પનીર કરતા અસલી પનીરની બમણા જેટલી કિંમત



ગુજરાતમાં પંજાબી વાનગીઓનો ક્રેઝ અભૂતપૂર્વ રીતે વધ્યો છે. પનીર, ચીઝ અને બટર વગર ગુજરાતીઓનો ખોરાક અધૂરો ગણાવા લાગ્યો છે. આ પ્રચંડ માંગની આડમાં ફૂડ માર્કેટમાં એનાલોગ પ્રોડક્ટ્સનો મોટો ખેલ ખેલાઈ રહ્યો હતો. હોટેલો, રેસ્ટોરન્ટ્સ અને લારી-ગલ્લાઓ પર એનાલોગ પનીર, ચીઝ અને બટરનો ધમધોકાર ઉપયોગ થતો હતો.

સ્વાદના શોખીન લોકો પણ કંઈપણ જાણ્યા વગર આ કૃત્રિમ વસ્તુઓના દીવાના બની ગયા હતા. વાસ્તવમાં વનસ્પતિ તેલ અને કેમિકલ્સમાંથી બનતી આ પ્રોડક્ટ્સ આરોગ્ય માટે અત્યંત ઘાતક છે.

હવે ગુજરાત સરકારે આ એનાલોગ પ્રોડક્ટ્સ પર પ્રતિબંધ મૂકી દીધો છે. પ્રતિબંધ આવતા જ પનીર પ્રેમીઓએ ફરજિયાતપણે અસલી ડેરી પ્રોડક્ટ્સ તરફ વળવું પડશે. જોકે, આ નિર્ણય સાથે જ ગ્રાહકોના ખિસ્સા પર મોટો બોજ આવવાનો છે.

માર્કેટની વર્તમાન સ્થિતિ પર નજર કરીએ તો એનાલોગ પનીર રૂ. ૧૫૦ પ્રતિ કિલો મળતું હતું, જ્યારે શુદ્ધ મિલ્ક પનીરનો ભાવ રૂ. ૪૫૦ સુધી પહોંચે છે. પરિણામે, 'પનીર અંગારા' જેવી સ્વાદિષ્ટ વાનગીઓના શોખીનોના ખિસ્સામાંથી હવે વધારે ધુમાડા નીકળશે.

કિંમત સિવાય પણ એક મોટો પ્રશ્ન એ ઊભો થાય છે કે શું માર્કેટમાં પનીરની પ્રચંડ માંગ સામે અસલી દૂધનું એટલું ઉત્પાદન શક્ય બનશે? જો માંગ પ્રમાણે પૂરતો પુરવઠો પૂરો નહીં પાડી શકાય, તો અસલી પ્રોડક્ટ્સની ગુણવત્તા સામે પણ મોટા સવાલો સર્જાશે. દૂધ ઉત્પાદનની મર્યાદા વચ્ચે આટલા વિશાળ પ્રમાણમાં શુદ્ધ પનીર પૂરું પાડવું એક જટિલ પ્રક્રિયા છે.

તંત્ર માટે પણ આ સ્થિતિ ઓછી પડકારજનક નથી. બજારમાંથી એનાલોગનો પ્રતિબંધ કાગળ પર અમલી બનાવવો અને અસલી પનીરમાં થતી નવી ભેળસેળ અટકાવવી એ ફૂડ સેફ્ટી વિભાગ માટે મોટો પરીક્ષાનો સમય છે. જેમ નકલી ઘી અને નકલી દૂધના નેટવર્ક બહાર આવી રહ્યા છે, તેમ હવે પનીર, ચીઝ અને બટરમાં પણ નકલી માલ ઘૂસાડવાની શક્યતાઓ નકારી શકાતી નથી.

આવા સંજોગોમાં માત્ર સરકારી તંત્ર પર ભરોસો રાખીને બેસી રહેવાને બદલે ગ્રાહકોએ પોતે જ જાગૃત થવું પડશે. ખાણીપીણીની વસ્તુઓની ખરીદી વખતે તેની શુદ્ધતા તપાસવી અને સસ્તાના મોહમાં આરોગ્ય સાથે ચેડાં ન થાય તે જોવું અત્યંત જરૂરી બન્યું છે.

# અતિક અહેમદના પુત્ર અબાનનું મૃત્યુ

## અબાન જેલમાં બંધ તેના ભાઈને મળવા ઝાંસી જઈ રહ્યો હતોઃ આ અકસ્માતમાં બે લોકોના મોત અને ત્રણ લોકો ઘાયલ થયા હતા





નવીદિલ્હી, તા. ૬

અતિક અહેમદના નાના પુત્ર અબાન અહેમદનું રોડ અકસ્માતમાં મૃત્યુ થયું છે. અહેવાલો અનુસાર, અબાન અહેમદ તેના ભાઈને મળવા પ્રયાગરાજથી ઝાંસી જેલ જઈ રહ્યો હતો ત્યારે આ અકસ્માત થયો. ઝાંસીના પૂંછ પોલીસ સ્ટેશન વિસ્તારમાં હાઈવે પર તેની કાર ડિવાઈડર સાથે અથડાઈ. આ અકસ્માતમાં અબાન અહેમદ સહિત બે લોકોનું મોત નીપજ્યું હતું, જ્યારે ત્રણ લોકો ગંભીર રીતે ઘાયલ થયા હતા. તેઓ અલી અહેમદને મળવા પ્રયાગરાજથી ઝાંસી જેલ જઈ રહ્યા હતા. ટક્કર એટલી ગંભીર હતી કે કારનો આગળનો ભાગ સંપૂર્ણપણે ક્ષતિગ્રસ્ત થઈ ગયો હતો. પોલીસ ઘટનાસ્થળે પહોંચી અને ઘાયલોને હોસ્પિટલમાં લઈ ગઈ. ૧ ઓક્ટોબર, ૨૦૨૫ ના રોજ અલી અહેમદને નૈની જેલથી ઝાંસી જેલમાં ખસેડવામાં આવ્યો હતો. પોલીસે અકસ્માતની તપાસ શરૂ કરી છે.

પ્રાથમિક માહિતી અનુસાર, વહેલી સવારે અબાનની કાર ડિવાઈડર સાથે અથડાઈ હતી. અતિક અહેમદના નાના પુત્ર અબાનનું અકસ્માતમાં મૃત્યુ થયું હતું. તે ઝાંસી જેલમાં કેદ તેના મોટા ભાઈને મળવા જઈ રહ્યો હતો. ઝાંસી જિલ્લા વહીવટીતંત્ર હાલમાં આ મામલાની વિવિધ દ્રષ્ટિકોણથી તપાસ કરી રહ્યું છે. દરમિયાન, ઝાંસી એસએસપીએ જણાવ્યું હતું કે માર્યા ગયેલા માફિયા ડોન અતીક અહેમદના પુત્ર અબાનનું તેની ઝડપી કાર ડિવાઈડર સાથે અથડાતા મૃત્યુ થયું હતું. તેના મિત્ર સોનુએ પણ આ અકસ્માતમાં જીવ ગુમાવ્યો હતો.

અતીક અહેમદ અને તેના પરિવારના મોટાભાગના સભ્યો કાં તો માર્યા ગયા છે, જેલમાં છે, અથવા ફરાર છે. આ પ્રશ્ન ઉભો કરે છેઃ આજે અતીકના આખા પરિવારની સ્થિતિ શું છે? અતીકને પાંચ પુત્રો હતા, કેટલા બાકી છે? અતીક અહેમદ અને શૈસ્તા પરવીનને પાંચ પુત્રો હતા. એક સમયે પ્રયાગરાજમાં સૌથી પ્રભાવશાળી વ્યક્તિ માનવામાં આવતા અતીક અહેમદનો પરિવાર હવે સંપૂર્ણપણે વિખેરાઈ ગયો છે. બે પુત્રો જેલમાં છે, બે મૃત્યુ પામ્યા છે, અને તેની પત્ની અને અન્ય મહિલા સંબંધીઓ ફરાર છે. ફક્ત એક પુત્ર તેના પરિવાર સાથે રહે છે. અતીક અહેમદના નાના પુત્ર અબાનનું રોડ અકસ્માતમાં મૃત્યુ થયું હતું. તે જેલમાં રહેલા તેના ભાઈને મળવા ઝાંસી જઈ રહ્યો હતો. આ અકસ્માતમાં અબાન સહિત બે લોકો માર્યા ગયા હતા, જ્યારે ત્રણ અન્ય ઘાયલ થયા હતા.

આ અકસ્માતમાં અતિક અહેમદના પુત્ર અબાન અહેમદ અને તેના સાથી અજમ ઉર્ફે સોનુનું ઘટનાસ્થળે જ મોત થયું હતું. મોહમ્મદ ઝૈદ અને ઉમર સહિત ત્રણ અન્ય લોકો ગંભીર રીતે ઘાયલ થયા હતા અને તેમને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. પ્રાપ્ત માહિતી અનુસાર, કારમાં સવાર લોકો પ્રયાગરાજથી ઝાંસી જઈ રહ્યા હતા જેથી તેઓ ત્યાં કેદ થયેલા અતિક અહેમદના પુત્ર અલી અહેમદને મળી શકે. અલી અહેમદને ૧ ઓક્ટોબર, ૨૦૨૫ના રોજ નૈની સેન્ટ્રલ જેલમાંથી ઝાંસી જેલમાં ખસેડવામાં આવ્યો હતો.

અકસ્માતની માહિતી મળતાં, પૂંછ પોલીસ સ્ટેશનની પોલીસ ઘટનાસ્થળે પહોંચી અને બચાવ અને રાહત કામગીરી શરૂ કરી. ઘાયલોને તાત્કાલિક હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા, જ્યારે મૃતદેહોને કસ્ટડીમાં લઈ પોસ્ટમોર્ટમ માટે મોકલવામાં આવ્યા. પોલીસે અકસ્માતના કારણની તપાસ શરૂ કરી છે. પ્રારંભિક શંકા છે કે કાર વધુ ઝડપને કારણે કાબુ ગુમાવી દીધી હતી અને ડિવાઈડર સાથે અથડાઈ હતી. પોલીસ અન્ય પાસાઓની પણ તપાસ કરી રહી છે.

# રાજ્યસભામાં હંગામો

## અધ્યક્ષે કિરેન રિજિજુને વિપક્ષની લાગણીઓ ગૃહમંત્રી સુધી પહોંચાડવા કહ્યું



નવીદિલ્હી, તા. ૬

ગુરુવારે રાજ્યસભામાં કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ અંગે વધુ એક હોબાળો જોવા મળ્યો. દિલ્હીમાં થયેલા લાઠીચાર્જ અંગે વિપક્ષ અમિત શાહ પાસેથી જવાબ માંગી રહ્યું છે. કાર્યવાહી દરમિયાન, સંસદીય બાબતોના મંત્રી કિરેન રિજિજુને અધ્યક્ષ સી.પી. રાધાકૃષ્ણન દ્વારા ગૃહમંત્રી સુધી વિપક્ષની લાગણીઓ પહોંચાડવા કહેવામાં આવ્યું. કેન્દ્રીય સંસદીય બાબતોના મંત્રી કિરેન રિજિજુએ કહ્યું, ''નિયમો અનુસાર, તમે દરરોજ એક જ ભાષણનું પુનરાવર્તન કરી શકતા નથી. તમે અધ્યક્ષને સૂચના પણ આપી શકતા નથી. સંસદીય બાબતોના મંત્રી તરીકે, હું નવા સભ્ય પવન ખેરાનું ગૃહમાં સ્વાગત કરવા માંગુ છું, પરંતુ કોંગ્રેસ પક્ષ દ્વારા સતત હોબાળો અને સૂત્રોચ્ચારને કારણે, પવન ખેરા જેવા નવા સભ્યોને બોલવાની તક મળી રહી નથી.'' ત્યારબાદ અધ્યક્ષે રિજિજુને ગૃહમંત્રી સુધી વિપક્ષની લાગણીઓ પહોંચાડવા કહ્યું.

વિપક્ષ ગૃહમંત્રી અમિત શાહ પાસેથી પ્રસાદની ચોરી અને વિરોધ કરી રહેલા વિદ્યાર્થીઓ સામે પોલીસ કાર્યવાહી અંગે નિવેદન માંગી રહ્યું છે. હોબાળાને કારણે, ગુરુવારે સત્ર શરૂ થયાના થોડા સમય પછી રાજ્યસભા બપોરે ૧૨ વાગ્યા સુધી સ્થગિત કરવામાં આવી. અધ્યક્ષ સી.પી. રાધાકૃષ્ણને શૂન્યકાળ દરમિયાન ગૃહના ટેબલ પર જરૂરી દસ્તાવેજો મૂક્યા અને સભ્યોને જાહેર મહત્વના મુદ્દાઓ ઉઠાવવા કહ્યું. આ દરમિયાન, કોંગ્રેસ અને સમાજવાદી પાર્ટી સહિત વિપક્ષી સભ્યોએ અયોધ્યામાં રામ મંદિર માટે પ્રસાદની ચોરી અને લીક થયેલા ગઊઊઝ પ્રશ્નપત્રનો વિરોધ કરી રહેલા વિદ્યાર્થીઓ સામે પોલીસ કાર્યવાહી અંગે ગૃહમંત્રી અમિત શાહ પાસેથી નિવેદન લેવાની માંગણીનો પુનરોચ્ચાર કર્યો.અધ્યક્ષે સભ્યોને શૂન્યકાળ ચાલુ રાખવાની અપીલ કરી. તેમણે શૂન્યકાળ દરમિયાન સભ્યોને મુદ્દાઓ ઉઠાવવા હાકલ કરી, પરંતુ વિપક્ષી સભ્યોએ સૂત્રોચ્ચાર કરવા અને તેમની માંગના સમર્થનમાં હંગામો કરવાનું શરૂ કર્યું. કેટલાક સભ્યો તેમની બેઠકો પરથી ઉભા થયા અને આગળ આવ્યા. અધ્યક્ષે આ સભ્યોને તેમની બેઠકો પર પાછા ફરવા કહ્યું.શૂન્યકાળ દરમિયાન કેટલાક સભ્યોએ જાહેર મહત્વના મુદ્દાઓ ઉઠાવ્યા. સંસદીય બાબતોના મંત્રી કિરેન રિજિજુએ વિપક્ષી સભ્યોના વર્તન પર નારાજગી વ્યક્ત કરતા કહ્યું કે સંસદની કાર્યવાહી દરરોજ આ રીતે વિક્ષેપિત કરવી યોગ્ય નથી. તેમણે કહ્યું કે વિપક્ષી સભ્યોના હોબાળાને કારણે સત્ર સતત વિક્ષેપિત થઈ રહ્યું છે.રાધાકૃષ્ણને આંદોલનકારી સભ્યોને શાંત રહેવા અને શૂન્યકાળ ચાલુ રાખવાની અપીલ કરી. પોતાના શબ્દોનો કોઈ પ્રભાવ ન જોઈને, તેમણે સવારે ૧૧:૨૫ વાગ્યે બેઠક બપોરે ૧૨ વાગ્યા સુધી મુલતવી રાખી. સંસદનું ચોમાસુ સત્ર ૨૦ જુલાઈના રોજ શરૂ થયું હતું, અને અયોધ્યામાં રામ મંદિર માટે પ્રસાદની કથિત ચોરી અને લીક થયેલા ગઊઊઝ પ્રશ્નપત્રનો વિરોધ કરી રહેલા વિદ્યાર્થીઓ સામે પોલીસ કાર્યવાહી સહિતના વિવિધ મુદ્દાઓ પર મડાગાંઠને કારણે ઉપલા ગૃહની કાર્યવાહી વારંવાર ખોરવાઈ ગઈ છે. વિપક્ષે રાજ્યસભામાં ખલેલ પહોંચાડવાનું ચાલુ રાખ્યું. સંસદીય બાબતોના પ્રધાન કિરેન રિજિજુએ જવાબ આપ્યો કે હોબાળાને કારણે નવા સાંસદો બોલી શક્યા નથી.

# બિહારની જીત બાદ પ્રશાંત કિશોર મુંબઈમાં

નવીદિલ્હી, તા. ૬

બિહારમાં ચૂંટણીમાં મળેલી સફળતા બાદ, જન સૂરજના સ્થાપક પ્રશાંત કિશોરે મહારાષ્ટ્રના નાયબ મુખ્યમંત્રી અને ગઈઙ (અજીત પવાર જૂથ) ના રાષ્ટ્રીય અધ્યક્ષ સુનેત્રા પવાર સાથે મુલાકાત કરી. મુંબઈમાં થયેલી આ મુલાકાતથી મહારાષ્ટ્રના રાજકીય વર્તુળોમાં અટકળો શરૂ થઈ ગઈ. સૂત્રોના જણાવ્યા અનુસાર, બેઠકમાં મહારાષ્ટ્રની રાજકીય પરિસ્થિતિ, સંગઠનને મજબૂત બનાવવા અને ભવિષ્યની રણનીતિ સહિત વિવિધ મુદ્દાઓ પર ચર્ચા કરવામાં આવી હતી. સાંસદ પાર્થ પવાર પણ હાજર હતા. જોકે, ગઈઙ નેતાઓનું કહેવું છે કે આ એક નિયમિત રાજકીય બેઠક હતી અને તેમાંથી કોઈ રાજકીય નિષ્કર્ષ કાઢવા જોઈએ નહીં. મહારાષ્ટ્રના રાજકારણમાં નવા જોડાણો અંગે તાજેતરમાં થયેલી ચર્ચાઓને કારણે આ બેઠકને રાજકીય મહત્વ પણ મળ્યું. જોકે, બંને પક્ષે કોઈ ઔપચારિક રાજકીય કરાર કે જોડાણની પુષ્ટિ કરી નથી.

બિહારના બાંકીપુરથી ચૂંટણી જીત્યા પછી કિશોરની આ પહેલી મહારાષ્ટ્ર મુલાકાત છે. આ મુલાકાતનું કારણ હજુ સ્પષ્ટ નથી, પરંતુ ટૂંક સમયમાં પુષ્ટિ કરવામાં આવશે. કિશોર હવે પવારને મળવા દેવગીરી બંગલે પહોંચ્યા છે. એવું કહેવામાં આવી રહ્યું છે કે તેઓ ચૂંટણીમાં વિજય પછી તેમના અભિનંદન સ્વીકારવા આવ્યા છે. તેઓ પાર્થ પવારને પણ મળશે. બે મહિના પહેલા પીકે સુનેત્રા પવારની મુલાકાત લીધી હતી. તે સમયે સાંસદ પાર્થ પવાર પણ હાજર હતા. બેઠક બાદ પાર્થ પવારે કહ્યું કે પ્રશાંત કિશોરને માત્ર રાજકારણ જ નહીં પરંતુ સમાજની પણ સારી સમજ છે. તે સમયે રાજ્ય, દેશ અને સંગઠનને લગતા ઘણા મુદ્દાઓ પર ચર્ચા થઈ હોવાના અહેવાલ હતા. અજિત દાદા અને પ્રશાંત કિશોર વચ્ચે લાંબા સંબંધો હતા. પાર્થ પવારે કહ્યું કે મુંબઈ પહોંચ્યા પછી તેમની સાથે સારી વાતચીત થઈ હતી. બિહારમાં જીત બાદ, અટકળો તેજ થઈ ગઈ છે કે પ્રશાંત કિશોર મહારાષ્ટ્રમાં સુનેત્રા પવારની ગઈઙ સાથે કામ કરશે.





સુનેત્રા પવારને મળ્યા બાદ રાજકીય ગતિવિધિઓ તેજ

શબ્દ બ્રહ્મ

સદગુરૂ કૃપા હી કેવલમ્...

# ચિંતનની ક્ષણે

## કામિકા એકાદશી કરવાથી વાજપેય યજ્ઞનું ફળ મળે! તો આ વાજપેય યજ્ઞ એટલે શું??



હે ઈશ્વર.

આપનાં શ્રીચરણોમાં મારાં સહ પરિવાર સાદર સાષ્ટાંગ પ્રેમ પ્રણામ. સમગ્ર ગુજરાતમાં અષાઢમાં બારે મેઘ ખાંગા થયાં, અને હવે અષાઢ સમાપ્તિને આરે છે. રવિવારે ૯/૮ નાં રોજ અષાઢ વદ એકાદશી છે, અને આપણી હિન્દુ સંસ્કૃતિમાં એકાદશીનું ખૂબ મહત્વ છે,તો આપણને વિચાર આવે કે એકાદશીને આટલું મહત્વ શું કામ અપાયુ છે! અને સદગુરુ કૃપા એ ચિંતન કરીએ તો દરેક જીવ પાસે દસ કર્મેન્દ્રિયો અને અગિયારમી ઈન્દ્રિય તરીકે મન છે! અને એમાં કળિકાળે મન સૌથી વધુ કાર્યરત છે! એટલે એમ કહી શકાય કે અગિયારમી ઈન્દ્રિય મનનાં કહેવાં પ્રમાણે બાકીની દસે કર્મેન્દ્રિયો સંસાર રુપી વનમાં વિચરે છે, અથવા તો ઈન્દ્રિયને ગાય સાથે સરખાવીએ તો, સંસાર રુપી વનમાં ચરે છે, એમ કહી શકાય! હવે આ દસે કર્મેન્દ્રિયો આડી અવળી જગ્યાએ ન જાય, અથવા માર્ગ ભટકી જાય નહીં, એની માટે મનનું જાગૃત હોવું બહુ જરૂરી છે, અને એટલે જીવની જાગૃતિ માટે એકાદશીનું મહાત્મ્ય બતાવ્યું છે! પ્રથમ તો મન પર સંયમ બની રહે, એ માટે હરિ સ્મરણ અને હરિ સંકિર્તનનું મહત્વ છે. ઉપવાસ એ બીજી પ્રાથમિકતામાં આવે છે, કારણ કે ઉપવાસમાં ફરાળને નામે પણ કેટલુંય હોય છે! એટલે એમ સંયમ થવો એ કઠિન છે.

અષાઢ વદ એકાદશીને કામિકા એકાદશી કહેવામાં આવે છે. આ દિવસે ભગવાન વિષ્ણુની પૂજા થાય છે. આ વ્રત કરવાથી પાપ નાશ પામે છે, અને પુણ્ય મળે છે. આ પવિત્ર એકાદશીને હિંદુ ધર્મમાં મોક્ષ અને શાંતિ આપનાર માનવામાં આવે છે.ભક્ત આ દિવસે મન તથાં અન્ય ઈન્દ્રિયોનાં સંયમ માટે ઉપવાસ કરે છે. પરંતુ અહીં ઉપવાસ એટલે અન્ન ત્યાગ નથી, ઉપ + વાસ એટલે કે ઉપરવાળા હરિ સંગે વાસ કરવાનો છે, અને એથી આ ખાવું! આ પીવું! એમ ભોગમાં અટવાઈ જવાય નહીં માટે અન્ન ત્યાગનું મહત્વ છે. આ ઉપરાંત વિષ્ણુ સહસ્ત્રનામનો પાઠ કરવામાં આવે છે, અને રાત્રીએ જાગરણનું વિશેષ મહત્ત્વ છે. કામિકા એકાદશીએ વિષ્ણુનાં શ્રીધર સ્વરૂપની પૂજા કરવામાં આવે છે,આ કથા સાંભળવાથી વાજપેય યજ્ઞ જેવું ફળ મળે છે.તો આ છે આ એકાદશી કરવાનું મહાત્મ્ય.

કામિકા એકાદશી પાછળની પૌરાણિક કથા શું છે? એવો જ્યારે યુધિષ્ઠિરે ભગવાન શ્રીકૃષ્ણને પ્રશ્ન કર્યો, ત્યારે એમણે જણાવ્યું કે બ્રહ્માએ આ કથાનક નારદ મુનિને કહ્યું હતું! કે પ્રાચીન સમયમાં એક ગામમાં એક બળવાન જમીનદાર ક્ષત્રિય રહેતો હતો. એક દિવસ કોઈ કારણસર તેને ગામનાં એક બ્રાહ્મણ સાથે ઝઘડો થઈ ગયો. ક્રોધમાં આવીને ક્ષત્રિયના હાથે બ્રાહ્મણની હત્યા થઈ ગઈ. પોતાનાં હાથે બ્રહ્મહત્યાનું પાપ થતાં ક્ષત્રિય ખૂબ જ દુઃખી થયો.તે બ્રાહ્મણોનાં અંતિમ સંસ્કાર કરવા માંગતો હતો,પરંતુ અન્ય બ્રાહ્મણોએ તેને તેમ કરવા દીધું નહીં, અને તેને સભામાંથી બહાર કાઢી મૂક્યો. બ્રાહ્મણોએ તેને કહ્યું કે જ્યાં સુધી તું બ્રહ્મહત્યાનાં પાપમાંથી મુક્ત નહીં થાય, ત્યાં સુધી તારાં હાથનું ભોજન અમે સ્વીકારીશું નહીં, અને તારાં ઘરનાં કોઈ પ્રસંગે બ્રાહ્મણો આવશે નહીં. ક્ષત્રિયે ખૂબ જ પસ્તાવો કર્યો અને એક પૂજ્ય ઋષિ પાસે જઈને આ પાપમાંથી મુક્તિ મેળવવાનો ઉપાય પૂછ્યો. ઋષિએ તેને જણાવ્યું કે અષાઢ મહિનાના વદ પક્ષની કામિકા એકાદશીનું વ્રત કર. પૂર્ણ શ્રદ્ધાથી ભગવાન વિષ્ણુની પૂજા કર અને રાત્રે જાગરણ કર. આ વ્રતનાં પ્રભાવથી તારું પાપ નષ્ટ થઈ જશે. ઋષિનાં કહેવાં પ્રમાણે ક્ષત્રિયે આ વ્રત રાખ્યું. રાત્રે જ્યારે તે ભગવાનની મૂર્તિ પાસે સૂતો હતો, ત્યારે તેને સ્વપનમાં ભગવાન વિષ્ણુના દર્શન થયા. ભગવાને પ્રસન્ન થઈને કહ્યું, હે ક્ષત્રિય! તારા વ્રત અને ભક્તિથી હું અત્યંત પ્રસન્ન છું. તારું બ્રહ્મહત્યાનું પાપ દૂર થાય છે.'' આ રીતે કામિકા એકાદશીના વ્રતથી તે ક્ષત્રિય પાપમુક્ત બન્યો.

ઉપર આપણે જોયું કે આ એકાદશી કરનારને વાજપેય યજ્ઞનું ફળ મળે છે! રાજસૂય યજ્ઞ અને અશ્વમેઘ યજ્ઞ વિશેની જાણકારી હોય, પણ શાસ્ત્રો વાજપેય યજ્ઞને આ બંને યજ્ઞ કરતાં પણ ઉપરની શ્રેણીમાં મુકે છે! વાજપેય યજ્ઞ એ વૈદિક કાળનો એક અત્યંત મહત્વપૂર્ણ અને ભવ્ય યજ્ઞ છે. હિન્દુ ધાર્મિક ગ્રંથોમાં તેનું વિશેષ સ્થાન છે. 'વાજ' એટલે અન્ન અથવા શક્તિ, અને 'પેય' એટલે સોમરસ અથવા પેય પદાર્થ. આ યજ્ઞ અન્ન, સમૃદ્ધિ અને શક્તિ મેળવવા માટે કરવામાં આવતો હતો. આ યજ્ઞ મુખ્યત્વે રાજાઓ એટલે કે ક્ષત્રિયો અથવા ઉચ્ચ કોટિનાં બ્રાહ્મણો દ્વારાં જ કરવામાં આવતો હતો. આ યજ્ઞ દરમિયાન રથ દોડનું આયોજન થતું હતું, જેમાં જે રાજાનો રથ વિજેતા બનતો, તે તેની સર્વોપરી સત્તા દર્શાવતો હતો. હિન્દુ શાસ્ત્રો મુજબ આ યજ્ઞ કરવાથી વ્યક્તિને પૃથ્વી પર અપાર કીર્તિ, સમૃદ્ધિ અને મૃત્યુ પછી સ્વર્ગલોકની પ્રાપ્તિ થાય છે. કામિકા એકાદશીનું વ્રત રાખવાથી આ મોંઘા અને કઠિન યજ્ઞ સમાન પુણ્ય સામાન્ય સંસારીને ઘરે બેઠાં મળી જાય છે.

સદગુરુ કૃપાએ આ યજ્ઞ વિશે આધ્યાત્મિક ચિંતન કરીએ તો! આ યજ્ઞ માત્ર વૈદિક કર્મકાંડ નથી, પણ અંતે તો દરેક યજ્ઞ આંતરિક શુદ્ધિ માટે જ્ઞાન વર્ધક સાબિત થાય, કેમ કે ભગવદ્ ગીતામાં શ્રીકૃષ્ણ યજ્ઞને માત્ર અગ્નિમાં આહુતિ પૂરતો સીમિત રાખતાં નથી. તેઓ કહે છે કે કર્મયજ્ઞ, જ્ઞાનયજ્ઞ, તપયજ્ઞ, પ્રાણાયામયજ્ઞ વગેરે પણ યજ્ઞ છે. એટલે વૈદિક મહાયજ્ઞોનું અંતિમ લક્ષ્ય આત્મશુદ્ધિ અને પરમાત્માપ્રાપ્તિ છે. હાં કોઈ પણ યજ્ઞ હોય એનું બાહ્ય રૂપ કદાચ સમૃદ્ધિ સંપત્તિ કે પછી લોકકલ્યાણ છે, પરંતુ આંતરિક અર્થ તો પોતાનાં જીવનમાં જ્ઞાન, સંયમ અને ભક્તિ દ્વારાં આધ્યાત્મિક બળ અને પરમ કલ્યાણ પ્રાપ્ત કરવાનો માર્ગ છે. એટલાં માટે પ્રાચીન ઋષિઓ વાજપેયને માત્ર યજ્ઞ નહીં, પરંતુ જીવનને તેજસ્વી અને ધર્મમય બનાવતી સાધના માનતાં હતાં. વાજ એટલે શક્તિ અને પેય પીણું છે, પણ કોઈ પણ યજ્ઞ હોય તો એમાં અગ્નિ, ઘી, યજ્ઞ સમિધ, અને આહુતિ દ્રવ્ય જરૂરી છે. અહીં તુલસી આપણને મદદ કરે છે, અને એટલે રામચરિત માનસમાં અગ્નિ એટલે આંતરિક જ્ઞાન. ઘી એટલે પરમ તત્વ પ્રત્યેનો સ્નેહ, આહુતિ દ્રવ્ય એટલે પોતાનો અહંકાર, યજ્ઞ સમિધ રાગ અને દ્વેષ, અને અંતે નીપજ તરીકે મળતાં વાજ અને પેય એટલે શક્તિ તરીકે પ્રાણ તત્વની પૃષ્ટિ અને પેય/સોમ એટલે આધ્યાત્મિક આનંદ. રથનો વિજય એટલે ઈન્દ્રિયો અને મન પરનો સંયમ! ટૂંકમાં વાજપેય યજ્ઞનો આંતરિક અર્થ એવો પણ થાય છે કે જે પોતાના જીવનમાં જ્ઞાન, સંયમ અને ભક્તિ દ્વારા આત્મબળ પ્રાપ્ત કરે છે, તે સાચો ''વાજપેય'' કરે છે, અથવા તો જીવનની પ્રાણ ઉર્જા પ્રાપ્ત કરી પરમ તત્વનું સાનિધ્ય પામી આનંદ અર્જીત કરે છે. તો આ એકાદશીએ આપણે પણ એનાં મૂળ મહાત્મ્યને અનુસરી શકીએ એવી એક અનન્ય પ્રાર્થનાં ઈશ્વર ચરણે રાખી, હું મારાં શબ્દોને આજે અહીં જ વિરામ આપું છું. ફરી મળીશું નવાં ચિંતન મનન સાથે, તો સૌને મારા આજનાં દિવસનાં સ્નેહ વંદન અને જય સીયારામ.

**લી ફાલ્ગુની વસાવડા (ભાવનગર)**

### પ્યાસીઓને છેતરીને પોતાના ગજવા ગરમ કરવાનો ભગવતીપરાના અનિશનો ખેલ ઉઘાડો

# સ્કોચની બોટલમાં ઓલસીઝનઃ ધંધામાં પણ ગોલમાલ

## પીસીબીની ટીમે અનિશ નામના શખ્સને દબોચ્યોઃ સ્કોચની બે ભરેલી, ખાલી બોટલો, તેના પર લગાડવાના સીલ, કેપ, રેડીયમ અને હીટગન કબ્જે કર્યાઃ સાતસો-આઠસોમાં બનતી બોટલ જેવી બ્રાન્ડ એવા ભાવ મુજબ બટકાવી દેતો

રાજકોટઃ તા. ૬

રંગીલા મોજીલા રાજકોટ શહેરમાં અનેક એવા પ્યાસીઓ છે જે પીવા માટેની કાયદેસરની હેલ્થ પરમીટ ધરાવતાં નથી પરંતુ બૂટલેગરો મારફત કે પછી કોઇપણ રીતે આસપાસના દીવ, દમણ જેવા શહેરો કે રાજસ્થાન તરફ જઇને પોતાના માટેની વ્યવસ્થા કરી લેતાં હોય છે. અમુક બૂટલેગરો આવા પ્યાસીઓને રાજકોટમાં જ ઘરે બેઠા માલ પુરો પાડી દઇ માંગયા દામ વસુલતા હોય છે. જો કે આ ધંધામાં પણ હવે બેઇમાની-દગાખોરી ઘર કરી ગઇ છે. નફો રળી લેવાની લ્હાયમાં લેભાગુઓ હાઇફાઇ સ્કોચની ખાલી બોટલોમાં સાદી રોયલ ચેલેન્જર્સ કે ઓલ સીઝન્સ જેવી બ્રાન્ડનો દારૂ ભરી સ્કોચની બોટલ છે તેવુ કહી પ્યાસીઓને મોંઘા ભાવે બટકાવી દેવાનું કારસ્તાન ખુલ્યું છે. ભગતવીપરામાં રહેતાં મુસ્લિમ શખ્સને પીસીબીએ પકડ્યો હતો.







વિગતો પર નજર કરીએ તોં મોંઘી બ્રાન્ડનો નકલી દારૂ તૈયાર કરવાની આખી પદ્ધતિનો પર્દાફાશ થયો છે. સ્કોચની ખાલી બોટલોમાં સસ્તો અથવા મિશ્રિત દારૂ ગરણીથી ભરી બાદમાં આવી બોટલો ઉપર કેપ , સીલ અને પેકિંગ મટીરિયલ લગાવી વેંચી નાખવામાં આવતી હતી. પેકીંગ માટેનું મટીરીયલ્સ ઓનલાઇન પ્લેટફોર્મ પરથી મગાવવામાં આવતું હતું. જ્યારે સ્કોચની ખાલી બોટલો ભંગારના ડેલાઓમાંથી લેવામાં આવતી હતી.

કારસ્તાન પર નજર કરીએ તો દારૂ જૂગારની પ્રવૃતિ અટકાવવા પીસીબીની ટીમ પેટ્રોલીંગમાં હતી ત્યારે હેડકોન્સ. કિરતસિંહ ઝાલા અને કોન્સ. વાલજીભાઇ જાડાને બાતમી મળી હતી કે ભગવતીપરા વિનોબા ભાવે ટાઉનશીપ બ્લોક નં. બી-૧૬, ૧૦૫માં રહેતો શખ્સ મોંઘા ભાવની સ્કોચ-વ્હીસ્કીની ખાલી બોટલોમાં રોયલ ચેલેન્જ, ઓલ સીઝન્સ જેવી વ્હીસ્કી તથા થોડી સ્કોચ ઉમેરી બોટલો બનાવી સ્કોચના નામે વેંચે છે.

આ બાતમી પરથી ટીમે દરોડો પાડતાં એક શખ્સ ટાઉનશીપના પાર્કિંગમાં થેલા સાથે મળી આવ્યો હતો. તપાસ કરતાં થેલામાં દારૂ તથા અલગ અલગ બોટલના શીલ, સહિતની ચીજવસ્તુ મળી હતી. પુછતાછ કરતાં આ શખ્સે પોતાનું નામ અનિશ આમદભાઇ હીંગોરા હોવાનું અને પોતે આ ટાઉનશીપમાં જ રહેતો હોવાનું તથા છુટક ડ્રાઇવીંગ કરતો હોવાનું કબુલ્યું હતું. પોલીસને થેલામાંથી ધ સિંગલટન સિંગલ મોલ્ટ વ્હીસ્કીની એક લિટરની રૂા. ૫૫૧૪ની એક બોટલ તથા ધ બેલવેનની કેરેબીયન કાસ્કની ૭૫૦ એમએલની એક બોટલ રૂા. ૫૯૯૩ની મળી આવી હતી.

અઠ્ઠાવીસ વર્ષના આ શખ્સની વિશેષ પુછતાછ કરતાં પોતે રનીંગ દારૂની બોટલોમાંથી દારૂ કાઢી સ્કોચની ખાલી બોટલોમાં ભરી ઉપર હીટ ગનની મદદથી સીલ લગાવી સ્કોચના ભાવે વેંચતો હોવાનું કબુલ્યું હતું. પોલીસે તેની પાસેથી શીવાજ રીગલની એક ખાલી બોટલ, ગ્લીનફીડીચ ટ્વેલ્વ યર્સ ઓલ્ડની બે ખાલી બોટલ, ગ્લીનફીડીચ ફીફટીન યર્સ ઓલ્ડની એક ખાલી બોટલ, પ્લાસ્ટીકની ગરણી, હીટ ગન, બોટલ ઉપર લગાડવાનું રેડીયમ, બોટલ ઉપર લગાવવાના લાલ-લીલા રંગના સીલ વીસ નંગ મળી આવ્યા હતાં.

પ્રાથમિક તપાસમાં ખુલ્યા મુજબ અઠવાડીએ બે ચાર આવી બોટલો ગોલમાલ કરીને બનાવતો હતો અને પ્યાસીઓને ઉંચા ભાવે વેંચતો હતો. છેલ્લા કેટલાક સમયથી તેણે આવુ કામ ચાલુ કર્યુ હતું. વધુ પુછતાછ માટે રીમાન્ડની તજવીજ હાથ ધરવામાં આવી છે. પોલીસ કમિશનર બ્રજેશકુમાર ઝાની સુચનાથી ઇન્સપેકટર એમ. આર. ગોંડલીયા, પીએસઆઇ પી. બી. ત્રાજીયા, પીએસઆઇ આર. કે. જાડેજા, એએસઆઇ મયુરભાઇ પાલરીયા, સંતોષભાઇ મોરી, મહિપાલસિંહ ઝાલા, હરદેવસિંહ રાઠોડ, ઘનશ્યામસિંહ ચૌહાણ, હેડકોન્સ. કિરતસિંહ ઝાલા, વિરેન્દ્રસિંહ જાડેજા, હરદેવસિંહ રાણા, કુલદીપસિંહ જાડેજા, વિજયભાઇ મેતા, ઉમેશભાઇ ચાવડા, દિલીપભાઇ બોરીચા, રાહુલગીરી ગોસ્વામી, નગીનભાઇ ડાંગર, હિરેનભાઇ સોલંકી, પ્રદિપસિંહ સરવૈયા, કોન્સ. યુવરાજસિંહ રાણા, દેવરાજભાઇ કલોતરા, વાલજીભાઇ જાડા, હિરેન્દ્રસિંહ પરમરા, વિશાલભાઇ દવે, જયેશભાઇ ગઢવીએ આ કામગીરી કરી હતી.

# પાડાને છકડામાં ક્રુરતાથી બાંધીને લઇ જતાં ત્રણ પકડાયા

### જીવદયા કાર્યકરો અને આજીડેમ પોલીસે પશુનો જીવ બચાવી ત્રણેય સામે ગુનો નોંધ્યો

રાજકોટઃ તા. ૬

અવાર-નવાર અમુક શખ્સો પશુઓ પ્રત્યે ક્રુરતા આચરતા જીવદયા પ્રેમીઓના હાથે અને પોલીસના હાથે પકડાય છે. દરમિયાન ત્રણ શખ્સો છકડો રિક્ષામાં જીવંત પાડાના ચારેય પગ ટૂંકા દોરડા વડે ક્રૂરતાપુર્વક બાંધી, ઘાસચારા કે પાણીની કોઈ વ્યવસ્થા કર્યા વગર ગેરકાયદેસર રીતે હેરાફેરી કરતાં પકડાઇ ગયા હતાં. આ બનાવમાં આજીડેમ પોલીસે જામનગર રોડ પર નાગેશ્વરમાં રહેતાં સામાજીક કાર્યકર બિંદીયાબેન નાગજીભાઇ રાઠોડની ફરિયાદ પરથી ભગવતીપરા નંદનવન સોસાયટી-૩માં રહેતાં ઇકબાલ ઓસમાણભાઇ બાવણકા, ભીલવાસ-૪ના મહેબુબ જમાલભાઇ કટારીયા અને મોચીબજાર કૃષ્ણપરા-૧ના ઇસ્માઇલ આમદઇભા માંડલીયા વિરૂધ્ધ ગુનો નોંધ્યો હતો. ફરિયાદ મુજબ બિંદીયાબેન તથા તેમના સાથી જીવદયા પ્રેમી ભાવિનભાઈ ઘનશ્યામભાઈ ધિયાડ ભાવનગર રોડ કાળીપાટ ચોકડી પાસે પોતાની કારમાં હતા. તે દરમિયાન તેઓને બાતમી મળી હતી કે એક છકડો રિક્ષામાં એક પાડાને ક્રૂરતાપૂર્વક ભરીને ત્રણ શખ્સો પસાર થવાના છે. થોડીવારમાં જ ત્યાંથી એક છકડો રિક્ષા જીજે૦૩ડબલ્યુ-૬૮૧૮ પસાર થઈ હતી. જેના પાછળના ભાગે તાડપત્રી ઢાંકેલી હતી. શંકા જતાં જીવદયા પ્રમીઓએ પોતાની કારથી આ રિક્ષાનો પીછો કર્યો હતો અને તાત્કાલિક ૧૧૨ નંબર પર કોલ કરીને આજીડેમ ચોકડી પાસે પોલીસ મદદ માંગી હતી. આજીડેમ ચોકડી પાસે રિક્ષાને રોકવામાં આવી હતી. તાડપત્રી હટાવતાં જ



ચોંકાવનારા દ્રશ્યો સામે આવ્યા હતા. રિક્ષામાં એક જીવંત પાડો કિમત દસ હજારનો અત્યંત દયાજનક સ્થિતિમાં પડ્યો હતો. તેના ચારેય પગ એવી રીતે દોરડા વડે ટૂંકા બાંધવામાં આવ્યા હતા કે તે હલન-ચલન પણ કરી શકતો નહોતો. એટલું જ નહીં, ઘાંસચારો કે પાણીની પણ કોઈ પ્રાથમિક વ્યવસ્થા કરવામાં આવી નહોતી. પોલીસે ઘટનાસ્થળે જ રિક્ષાચાલક અને તેની સાથે રહેલા શખ્સોની પુછપરછ હાથ ધરી હતી. પશુની હેરાફેરી માટે જરૂરી કોઈપણ આધાર-પુરાવા કે સક્ષમ અધિકારીની મંજૂરી ન હોઇ ત્રણેય સામે પાડાને ગેરકાયદેસર રીતે કતલખાને લઇ જવાનો ગુનો નોંધાવાયો હતો. પોલીસે સાંઇઠ હજારની રિક્ષા કબ્જે કરી હતી. ઇન્સ. એચ. એન. પટેલની રાહબરીમાં એએસઆઇ આર. ડી. વાંકે વિશેષ કાર્યવાહી કરી હતી.

### પૈસા મામલે દિકરાએ બાપનો જીવ લીધો, ત્યાં શેઠે હવે કર્મચારીનો જીવ લીધો

# 'પગાર' માંગનારા કર્મીનું શેઠના મારથી 'મોત'

### આજીડેમ ચોકડી નજીકની હોટેલમાં બનાવઃ ચાર જણાના હુમલામાં ઘાયલ નેપાળી કર્મચારીનો જીવ જતાં આજીડેમ પોલીસે હત્યાની કલમનો ઉમેરો કર્યો

રાજકોટઃ તા. ૬

નાની મોટી વાતે મારામારી થતી રહે છે. તો પૈસા મામલે થઇને મારામારી, હત્યાની કોશિષ કે પછી હત્યાની ઘટનાઓ બનતી રહે છે. આ વચ્ચે રાજકોટ શહેરમાં પૈસા મામલે વધુ એક હત્યા થઇ છે.

ગઇકાલે જ એક કિસ્સામાં વાપરવાના પૈસા મામલે પોતાની માતા સાથે મારામારી કરતાં પિતાને સગીર દિકરાએ ગળાટૂંપો દઇને મારી નાંખ્યાની ઘટના તાજી જ હતી ત્યાં આજીડેમ ચોકડીએ આવેલી હોટેલમાં નોકરી કરતાં નેપાળી કર્મચારીએ પોતાનો ચાર મહિનાનો બાકી નીકળતો પગાર માંગતા શેઠ સહિત ચાર જણાએ ધોકાથી ફટકારી મોત આપી દીધુ છે. આ ઘટનામાં હુમલામાં ગંભીર રીતે ઘાયલ નેપાળી પ્રૌઢે સારવારમાં દમ તોડતાં બનાવ હત્યામાં પલ્ટાયો હતો.

વિગતો પર નજર કરીએ તો આજીડેમ ચોકડી નજીક માન સરોવર પાર્ક પાસે રોનક હોટેલ ખાતે રહેતાં અને ત્યાં જ નોકરી કરતાં મુળ નેપાળના પચાસ વર્ષિય ગુમાનસિંગ ઇમાનસિંગ ઠાકુરને હોટલના માલિક સહિત ચાર જણાએ પગાર મામલે ગત ૨૨મીએ રાતે સાડા બારેક વાગ્યે હોટેલ ખાતે ધોકાથી બેફામ માર મારી હવે પછી પગારના પૈસા માંગીશ તો મારી નાંખીશ તેવી ધમકી આપી હતી. ગંભીર ઇજા સાથે સારવાર હેઠળ રહેલા ગુમાનસિંગનું આજે બપોરે મોત થતાં બનાવ હત્યામાં પલ્ટાયો હતો.

વિશેષ માહિતી અનુસાર આજીડેમ ચોકડીએ માન સરોવર પાર્ક પાસે આવેલી હોટેલ રોનકમાં કામ કરતાં અને ત્યાં જ રહેતાં મુળ નેપાળના સુરખેજ સિમતા ગામના ગુમાનસિંગમ ઠાકુરને બાવીસમી જુલાઇના રાતે સાડા બારેક વાગ્યે હોટેલ સંચાલક-માલિક કરણ મહતરા, તેની સાથેના દીપક અને બે અજાણ્યા શખ્સોએ ગાળો દઇ ઢીકાપાટુનો માર માર્યો હતો.

તેમજ બાદમાં ધોકા વતી બેફામ માર મારી હવે પછી પગાર માંગીશ તો પતાવી દઇશું તેવી ધમકી આપી હતી. ચાર શખ્સોના હુમલામાં ગંભીર ઇજા થતાં ગુમાનસિંગ સિવિલ હોસ્પિટલમાં દાખલ થતાં આજીડેમ પોલીસ મથકના હેડકોન્સ. કે. વી. જાડેજાએ ગુમાનસિંગની ફરિયાદ પરથી હોટેલ માલિક કરણ સહિત ચાર સામે ગુનો નોંધ્યો હતો. ગુમાનસિંગે જે તે વખતે જણાવ્યું હતું કે પોતે હોટેલમાં ઓર્ડર લેવાનું કામ કરતાં હતાં અને તેનો મહિનાનો પગાર અઢાર હજાર રૂપિયા હતાં. ચાર મહિનાથી શેઠ કરણ મહતરાએ પગાર આપ્યો ન હોઇ પોતાને પૈસાની જરૂર હોઇ પગાર માંગતા શેઠે બોલાચાલી કરી હતી.

આ પછી તેણે ાં બીજા ત્રણ જણાને બોલાવીને બેફામ માર માર્યો હતો. ગુમાનસિંગનું આજે મોત થતાં બનાવ હત્યામાં પરિણમ્યો હતો. હત્યાનો ભોગ બનેલા ગુમાનસિંગ પાંચ ભાઇ પાંચ બહેનમાં નાના હતાં. સંતાનમાં એક દિકરો અને એક દિકરી છે.

આજીડેમ પોલીસ સ્ટેશનના ઇન્સપેકટર એન. એન. પટેલ, લક્ષમણભાઇ મકવાણા સહિતે હત્યાની કલમનો ઉમેરો કરવા તજવીજ કરી હતી. આ બનાવમાં અગાઉ બે આરોપી પકડાઇ ગયા હતાં. બાકીના બે આરોપીને શોધી કાઢવા કાર્યવાહી હાથ ધરાઇ હતી. પૈસા મામલે રાજકોટમાં બે દિવસમાં બે લોથ ઢળી છે.

એક કિસ્સામાં સગીર દિકરાએ પૈસા માંગી મારામારી કરનારા બાપને પતાવી દીધો હતો તો બીજા કિસ્સામાં પગાર માંગનારા કર્મચારીનો શેઠે જીવ લઇ લીધો હતો.

# તેતાલીસ વર્ષીય યુવાન સુતા બાદ કાયમને માટે પોઢી ગયા

રાજકોટઃ તા. ૬

દિલની દગાખોરી વધુ એક યુવાન માટે જીવલેણ નીવડી હતી. કોઠારીયા રોડ પર આશાપુરાનગર-૫માં રહેતાં તેતાલીસ વર્ષના મુકેશભાઇ છોટાલાલ કુશવાહારાતે સુતા બાદ સવારે નહિ જાગતાં બેભાન હાલતમાં સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં. પરંતુ અહિ મૃતદેહ જ પહોંચ્યાનું તબિબે જાહેર કર્યુ હતું.

બનાવની જાણ હોસ્પિટલ ચોકીના સ્ટાફે ભકિતનગર પોલીસને કરતાં જરૂરી કાર્યવાહી કરી મોતનું કારણ જાણવા પોસ્ટમોર્ટમ કરાવ્યું હતું. મૃત્યુ પામનાર મકુેશભાઇ મુળ યુપીના વતની હતાં. તે બે ભાઇમાં મોટા હતાં.

સંતાનમાં એક દિકરો અને એક દિકરી છે. પોતે કારખાનામાં મજૂરી કરતાં હતાં. હૃદય રોગનો હુમલો આવી ગયાનું જણાવાયુ. હતું. ઘટનાથી પરિવારમાં શોક વ્યાગી ગયો હતો.

### રાજકોટના લાપાસરીમાં આવેલા સન્યાસ આશ્રમમાં ચર્ચા જગાવતો બનાવઃ પોલીસે દાખલ કરી એફઆઇઆર

# ગુરૂ ''ધગી' ગ્યા, 'ધોકાવાળી' કરી સાધ્વીનો હાથ ભાંગ્યો!

### સેવિકાએ તમે મને ખુબ હેરાન કરો છો, બીજા આશ્રમમાં જતી રહીશ એવુ કહેતાં જ ગુરૂ કાળઝાળ થયાઃ મારને કારણે સેવિકા પહોંચ્યા હોસ્પિટલના ખાટલે

રાજકોટઃ તા. ૬

સંસારની મોહમાયા ત્યજીને સાધુ જીવન જીવનારા સાધુ-સાધ્વીઓ આમ તો પછી તમામ મોહમાયાથી અલીપ્ત થઇ ઇશ્વર ભક્તિમાં અને ધર્મકાર્યો સેવા કાર્યોમાં વધુ ધ્યાન આપતાં હોય છે. પરંતુ ઘણીવાર એવુ બનતું હોય છે કે સાધુ-સાધ્વીઓ વચ્ચે પણ સામાન્ય માણસોની જેમ ડખ્ખા થઇ પડે છે અને વાત એવી વણસી જાય છે કે આ લોકો જોળી-કમડળ પડતા મુકી ધોકા ઉપાડી લેતાં હોય છે. આવી જ એક ઘટના રાજકોટના કોઠારીયાના લાપાસરી ગામના આશ્રમમાં બની હતી. જેમાં બે વર્ષથી ગુરૂ સાથે રહી આશ્રમ-મંદિરમાં સેવા પૂજા કરતાં એક સાધ્વી હાલના આ ગુરૂની હેરાનગતિથી કંટાળી ગયા હોઇ તેણી બીજા આશ્રમમાં રહેવા જવાની વાત કરતાં હોઇ ગુરૂ સાધ્વીની આ વાતથી ગરમ થઇ જતાં, ધગી જતાં ધોકો ઉપાડી લીધો હતો અને સાધ્વીને એવા ફટકાર્યા હતાં કે તેણીનો હાથ




ભાંગી ગયો હતો!ચર્ચા જગાવતી આ ઘટનાની વિગતો પર નજર કરીએ તો કોઠારીયાથી આગળ લાપાસરી ગામમાં આવેલા સન્યાસ આશ્રમ કેસરીયા હનુમાનજીના મંદિરમાં બે વર્ષથી ગુરૂ સાથે રહી સેવાપૂજા કરતાં મુળ તાપીના આશ્રમના મહિલા સેવીકાને તેના જ ગુરૂએ તું બીજા ગામના આશ્રમે દાદા ગુરૂ સાથે રહેવા જવાની વાતો કેમ કરે છે? તેવું કહી બોલાચાલી કરી પાવડાના લાકડાના હાથાથી આડેધડ માર મારતાં કાંડામાં ફ્રેકચર થઇ જતાં સારવાર માટે હોસ્પિટલના ખાટલે પહોંચવાની નોબત આવી પડી હતી. ગુરૂએ સાધ્વી-સેવિકાને ધોકાથી ફટકાર્યાની આ ઘટનાને પગલે લાપાસરી અને આસપાસના ગામમાં પણ ચકચાર જાગી હતી. આ બનાવમાં આજીડેમ પોલીસે લાપાસરી ગામમાં આવેલા સન્યાસ આશ્રમ કેસરીયા હનુમાનજીના મંદિર ખાતે રહેતાં પચાસ વર્ષના સાધ્વી-સેવિકા ઉમાગીરી ગુરૂ સોમેશ્વરગીરીની ફરિયાદ પરથી તેના જ ગુરૂ સોમેશ્વરગીરી વિરૂધ્ધ એફઆઇઆર દાખલ કરી હતી. ઉમાગીરીએ ફરિયાદમાં જણાવ્યું હતું કે હું મુળ તાપી નદીના કિનારે આવેલા સન્યાસી આશ્રમની વતની છું અને હાલ બે ષ્ર્વાથી રાજકોટના લાપાસરીમાં ગુરૂ સોમેશ્વરગીરી સાથે રહી સેવા પૂજા કરુ છું.

તેણીએ આગળ કહ્યુ.કે બુધવારે પાંચમી તારીખે સવારે સાડા સાતેક વાગ્યે હું આરે પુજા-આરતી કરતી હતી ત્યારે મારા ગુરૂ સોમેશ્વરગીરી પણ હાજર હતાં. તેણે મને કહેલું કે-તું દસ બાર દિવસ પહેલા સાવરકુંડલાના ઓળીયા ગામે ગઇ હતી અને ફરીથી ત્યાં જવાની અને ત્યાંના આશ્રમમાં દાદાગુરૂ સાથે રહેવાની કેમ વાતો કરે છે? આથી મેં કહેલું કે તમે મને ખુબ હેરાન કરો છો જેથી હું ત્યાં જતી રહીશ. આ સાંભળી ગુરૂ સોમેશ્વરગીરી ઉશ્કેરાઇ ગયા હતાં અને મારી સાથે બોલાચાલી કરી ઝઘડો કરવા માંડ્યા હતાં. બાદમાં ત્યાં નજીકમાં પાવડાનો લાકડાનો હાથો પડ્યો હોઇ તે ઉપાડીને મને આડેધડ માર મારવા માંડ્યા હતાં. મેં દેકારો મચાવ્યો હતો અને મારને કારણે નીચે પડી ગઇ હતી.

આ વખતે મારા ગુરૂ મને મુકીને જતાં રહ્યા હતાં. જતાં જતાં મારી જોળી-સામાન પણ તે લેતાં ગયા હતાં. એકાદ કલાક પછી આશ્રમે કોઇ દર્શનાથી આવતાં મને મુંઢ ઇજાને કારણે ભારે દુઃખાવો થતો હોઇ અને હું રાડો પાડતી હોઇ જેથી દર્શનાર્થી મારી પાસે આવતાં મેં તેમને જાણ કરતાં ૧૦૮ બોલાવી સારવાર માટે રાજકોટ હોસ્પિટલમાં ખસેડી હતી. અહિ તબિબે નિદાન સારવાર કરતાં મારા જમણા હાથના કાંડામાં ફ્રેકચર થયાનું જણાયું હતું. તેમ વધુમાં ઉમાગીરીએ જણાવતાં પોલીસ ઇન્સપેકટર એચ. એન. પટેલના માર્ગદર્શન હેઠળ પીએસઆઇ ડી. કે. ધાંધલાએ એફઆઇઆર દાખલ કરી હતી. ગુરૂ પોલીસના હાથમાં આવ્યા બાદ હુમલાનું સાચુ કારણ બહાર આવશે.

# જૂગારની મોસમ જામી બે દરોડામાં ૧૧ પકડાયા

### આજીડેમ-બી-ડિવીઝન પોલીસના દરોડાઃ મહિલાઓ પણ પકડાઇ

રાજકોટઃ તા. ૬

ધીમે ધીમે જૂગારની મોસમ ખીલી રહી છે. વધુ બે દરોડામાં મહિલાઓ સહિત અગીયાર જણાને પોલીસ સ્ટેશનની હવા ખાવાની નોબત આવી હતી. વિગતો જોઇએ તો આજીડેમ પોલીસની ટીમ પેટ્રોલીંગમાં હતી ત્યારે બાતમી પરથી સરધાર નજીક ખારચીયા ગામે નવાણનો ઢોળા પાસે જાહેરમાં ગંજીપાના વડે હાર-જીતનો જુગાર રમતા ખારચીયા ગામના વતની પાંચ શખ્સો બટુક કેશાભાઈ હાંડા, ભાવેશ મીઠાભાઈ સગપરીયા, કનુ નાગજીભાઈ પરમાર, વિઠ્ઠલ ધરમશીભાઈ પરમાર અને દેવાયત જશાભાઈ આગરીયાને પકડી રૂા. ૧૧,૨૦૦ કબ્જે લીધા હતાં. પીએસઆઇ એસ. એલ. ગોલિહ, ધર્મેશભાઇ મુંધવા સહિતે દરોડો પાડચો હતો.આ ઉપરાંત બીજા દરોડામાં બી ડીવીઝન પોલીસ મથકના સ્ટાફે મોરબી રોડ સેટેલાઇટ ચોક પાસે આવેલી રાધામીરા પાર્ક



શેરી નંબર ૦૪માં રહેણાંક મકાનમાં દરોડો પાડી ત્રણ મહિલા સહિત ૬ને જૂગાર રમતાં પકડી લીધા હતાં. પોલીસે મકાન માલિક પરસોત મનજીભાઈ યાદવ, તેમજ ચંદ્રસિંહ દીલીપભાઈ હેરમા (રહે. રાધામીરા પાર્ક શેરી નંબર-૪), દિનેશ નાનજીભાઈ મારૂ (રહે. સિલ્વર પાર્ક શેરી નંબર ૨, સેટેલાઇટ ચોક), આશાબેન દિવ્યેશભાઈ ગીડાણી (રહે. ઠાકોર દ્વાર ૧, શેરી નંબર ૧, પરગતિ સ્કુલ પાસે, સેટેલાઇટ ચોક), મમતાબેન રાજુભાઈ ખાચર (રહે. ઠાકોર દ્વાર ૧, શેરી નંબર૧) અને પુજાબેન મનોજભાઈ લુણાગરીયા (રહે. રાધામીરા પાર્ક શેરી નંબર ૨, સેટેલાઇટ ચોક પાસે)ને પકડી રૂા. ૧૩૯૭૦ની રોકડ અને ગંજીપાના કબ્જે લીધા હતાં. પીઆઇ જી. આર. ચૌહાણની રાહબરીમાં પીએસઆઇ એન. આર. ડોબરીયા, સુખદેવભાઇ દાંતી સહિતે દરોડો પાડ્યો હતો.

સાયબર ફ્રોડની દુનિયામાં તદ્દન નવી જ તરકીબનો ગઠીયાઓએ કર્યો ઉપયોગઃ ચેતતા રહેજો

# વેપારીના નામે બારોબાર એકોતેર લાખના રિચાર્જ

## ટીકીટ બૂકીંગ, મોબાઈલ રિચાર્જનું કામ કરતાં વેપારી શિકાર બન્યાઃ તેમનુ ખાતુ હેક કરી ઠગાઈ કરવામાં આવીઃ બીજી તરફ પોલીસે ત્રેવીસ લાખની ચોરીમાં ડઝનેક ગુનામાં સામેલ રીઢા ગુનેગારને દબોચ્યો

રાજકોટઃ તા. ૬

સાયબર ગઠીયાઓ વધુ એક નવી તરકીબ લાવ્યા છે. આ વખતે એક વેપારીનું એકાઉન્ટ હેક કરી તેના આધારે બોંતેર લાખ સુધીના રિચાર્જ બારોબાર કરી લીધા હતાં. ફોન રિચાર્જ કરવાનું કામ કરતાં વેપારી આ ગઠીયાગીરીનો શિકાર બન્યા હતાં. સામાન્ય રીતે કેવાયસી, બેંક એકાઉન્ટ બંધ થયું કે ક્રેડિટ કાર્ડનું બિલ ભરવાના અને ડિજિટલ એરેસ્ટના નામે છેતરપિંડીના બનાવાનો બનતા હોય છે. પરંતુ હવે તો ફોનના રિચાર્જના ઓઠા તળે મોટી ઠગાઇ કરી લેવામાં આવી હતી.

વિગતો પર નજર કરીએ તો નારોલ વિસ્તારમાં બન્યો છે. જેમાં એક નાના વેપારીનું કોમન સર્વિસ સેન્ટર આઈડી હેક કરીને સાઈબર ગઠિયાએ એકોતેર લાખ ઓગણએંસી હજાર રૂપિયા અલગ અલગ મોબાઈલ રિચાર્જ કરી છેતરપિંડી આચરી હતી. નારોલ પોલીસે આ મામલે ગુનો નોંધી સાઈબર ગઠિયાને પકડવા તપાસના ચક્રો ગતિમાન કર્યા હતાં. આ નવતર ઠગાઈની વિગતો આપતાં પોલીસે કહ્યું કે લાંભા વિસ્તારમાં આદિત્ય બંગ્લોઝમાં રહેતા ૫૩ વર્ષીય વિનોદકુમાર અશોકકુમાર ઝા નારોલમાં દુર્ગા ઓટો ઈલેક્ટ્રિક એન્ડ સર્વિસ શોપ ચલાવે છે.

તેઓ વ્યવસાયની સાથે તેઓ સાઈડ ઈન્કમ માટે કોમન સર્વિસ સેન્ટર દ્વારા રેલવે અને બસ ટિકિટ બુકિંગનું કામ પણ કરે છે. તેમને જાણવા મળ્યું કે તેમના સીએસસી એકાઉન્ટમાં તેમની જાણ બહાર વધુ પડતા ટ્રાન્જેક્શન થઈ રહ્યા છે. વિનોદકુમારે તપાસ કરતા માલૂમ પડ્યું કે કોઈ અજાણ્યા શખ્સે તેમનુ કોમન સર્વિસ સેન્ટરનો આઈડી અને પાસવર્ડ હેક કરી લીધો હતો રજિસ્ટર્ડ મોબાઈલ નંબર તથા ઈ-મેઈલ આઈડી બદલી નાખ્યા હતા.

ત્યારબાદ આરોપીએ પોતાનો મોબાઈલ નંબર અને ઈ-મેઈલ આઈડી અપડેટ કરી દીધા હતા. બાદમાં અલગ અલગ દિવસો દરમિયાન કુલ રૂપિયા ૭૧.૭૯ લાખની રકમના અલગ અલગ મોબાઈલ રિચાર્જ કરી છેતરપિંડી આચરી હતી. પોતાની સાથે થયેલી આ છેતરપિંડી અંગે વિનોદકુમારે નારોલ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતાં તપાસ શરૂ થઇ હતી.




બીજી તરફ સુરત શહેરના પોશ ગણાતા અઠવાલાઈન્સ પોલીસ સ્ટેશન વિસ્તાર હેઠળ આવેલા ગોપીપુરા મોહલ્લામાં તસ્કરએ એક બંધ ઘરને નિશાન બનાવ્યું હતું. તસ્કર -થમ માળેથી ઘરમાં પ્રવેશ કરી કબાટ તોડીને અંદર મુકેલા અંદાજે ત્રેવીસ લાખથી વધુની કિંમતના સોના-ચાંદીના કિંમતી દાગીના તેમજ રોકડ રકમ ચોરીને ફરાર થઈ ગયો હતો. ઘટનાની જાણ થતાં જ અઠવાલાઈન્સ પોલીસ મથકની ટીમો તાત્કાલિક એક્શનમાં આવી ગઈ હતી. ટેકનિકલ સર્વેલન્સ અને અઢીસોથી વધુ સીસીટીવી મેરાના ફુટેજ ચકાસીને તેમજ હ્યુમન ઈન્ટેલિજન્સની મદદથી આરોપીની ચોક્કસ ઓળખ મેળવી હતી. પોલીસ તપાસમાં સામે આવ્યું છે કે, ચોરી કરનાર આરોપીનું નામ અબ્દુલ રહેમાન શેખ છે. આરોપી મૂળ છૂટક મજૂરી કામ કરતો હતો. પરંતુ, મજૂરીથી મળતી મર્યાદિત આવકમાં તેના અંગત મોજશોખ અને ખર્ચાઓ પૂરા થતા ન હોવાથી તેણે ચોરી અને ઘરફોડ ચોરી જેવા ગુનાઓનો આસાન રસ્તો અપનાવ્યો હતો.

વધુ વિગતો મુજબ શોર્ટકટથી ઝડપી અને મસમોટી રકમ કમાઈને વૈભવી જીવન જીવવાની ઘેલછાએ તેને રીઢો ગુનેગાર બનાવી દીધો હતો. છેલ્લા આઠ વર્ષના સમયગાળામાં જ તેની સામે સુરતના અલગ-અલગ પોલીસ સ્ટેશનોમાં ચોરી, ઘરફોડ ચોરી અને સહિત એક ડઝન ગુનાઓ નોંધાઈ ચૂક્યા છે, જેમાં તે અગાઉ પણ જેલહવાલે થઈ ચૂક્યો છે. ગોપીપુરામાં ચોરીની વારદાતને અંજામ આપ્યા બાદ આરોપી અબ્દુલ રહેમાન પોતાની ઓળખ છુપાવવા માટે ભેસ્તાન તરફ ભાગી છૂટ્યો હતો. અઠવાલાઈન્સ પોલીસે હ્યુમન નેટવર્ક એક્ટિવ કરીને તેનો પીછો શરૂ કર્યો હતો. તપાસ દરમિયાન માલૂમ પડ્યું કે આરોપી મહારાષ્ટ્રના માલેગાંવ ખાતે ભાગી ગયો છે. જેથી પોલીસ ટીમે માલેગાંવમાં દરોડો પાડી આરોપીને દબોચી લીધો હતો.

મારા હસબન્ડનું ડેથ થયું છે, મારી પાસે ઘણા રૂપિયા છે કહી મિત્રતા કેળવતી અને શીશામાં ઉતારતી

# ફ્રોડ કરનાર આફ્રિકન યુવતિ સહિત ત્રણ પકડાયા

## જસદણના યુવાન સાથે લાખોની ઠગાઇ કરી હતીઃ રાજકોટ રૂરલ પોલીસે ગ્રેટર નોઈડાથી ત્રણેયને પકડ્યાઃ પંદર બેંક એકાઉન્ટ ફ્રીઝ કર્યાઃ પાસપોર્ટ કબ્જેઃ રૂરલ એસપી વિજયસિંહ ગુર્જરે વિગતો જણાવી

રાજકોટઃ તા. ૬

સાયબર ફ્રોડની દુનિયામાં સોશિયલ મિડીયાનો દુરૂપયોગ કરી લાખો કરોડોના ફ્રોડ આચરવામાં આવે છે. આવા કિસ્સામાં આરોપીઓને પકડવાનું ખુબ જ મુશ્કેલ અને પડકારજનક હોય છે. આ દરમિયાન રાજકોટ રૂરલ પોલીસે ફેસબુક મારફતે મિત્રતા કેળવી પાર્સલ મોકલવાના બહાને જસદણ પંથકના યુવાન સાથે સાયબર ફ્રોડ આચરનાર આફ્રિકન મહિલા સહિત ત્રણની ત્રિપુટીને યુપીના ગ્રેટર નોઇડા ખાતેની ઝડપી લઇ વિશેષ કાર્યવાહી હાથ ધરી હતી. પુછપરછમાં આ ટોળકી કઇ રીતે ફ્રોડ આચરતી હતી તેની ચોંકાવનારી વિગતો ખુલી હતી.




વિગતો જોઇએ તો જસદણના ફરિયાદીને મહીલા આરોપી જોસેફીન ઉર્ફે એન્જલએ ખોટા ફેસબૂક એકાઉન્ટ દ્વારા ફરીયાદી સાથે મિત્રતા કરી, વોટ્સએપ પર અવાર નવાર મેસેજ દ્વારા વાતચીત કરી ફરીયાદીને વિશ્વાસમાં લઈ જર્મનીથી ગિટ પાર્સલ મોકલ્યાનું જણાવી ત્યાર બાદ સહ આરોપીઓ તથા મહીલા આરોપીએ મળી ફરીયાદીને અજાણ્યા મોબાઇલ નંબર ઉપરથી ફોન કરી દિલ્હી એરપોર્ટના કર્મચારી બોલે છે અને ફરીયાદીનું જર્મનીથી પાર્સલ આવેલ છે.

આથી રૂરલ સાયબર ક્રાઇમ પોલીસ સ્ટેશનના પો.સબ.ઇન્સ. એ.એન.કામળીયા તથા એ.એસ.આઇ. હિતેષભાઇ ગામી, પો.હેડકોન્સ, રવિભાઇ ચાવડા,પો.કોન્સ. નયદીપભાઇ વાણીયા તથા મહીલા પો.કોન્સ. હિનાબેન કોડીયાતર, રવિનાબેન હડીયલ નાઓ દિલ્હી ખાતે તપાસમાં હોય તે ટીમને આ ગુન્હાના આરોપીઓ બાબતે મળેલ હીકીકત મુજબની સુચના આપી આરોપીઓને પકડી પાડવા સારૂ જરૂરી માર્ગદર્શન તથા ટેકનિકલ મદદ તથા સ્થાનિક પોલીસના સહયોગથી ટીમ દ્વારા આરોપી મહિલાજોસેફીન યાઅનશાહ ઉર્ફે એન્જલ રે.અકારા-ઘાના, મેજેન્જેબી ઇમાની ડેનીલ (રે. તાન્ઝીનીયા ફીલીપ બાતિસ્તા જોસેફ વેલેન્ટાઇન (રે.લાક્કી-સાઉથ સુદાન)ને યુપીના ગ્રેટ નોઇડા ખાતેથી પકડી પાડી ટ્રાન્ઝીસ્ટ રીમાન્ડ લઇ જસદણ ખાતે લાવી જસદણ કોર્ટમાં રજૂ કરાતા ત્રણેયને પાંચ દિ'ની રીમાન્ડ મળ્યા હતોં.

ત્રણેયના કબ્જામાંથી ત્રણ પાસપોર્ટ અને ત્રણ મોબાઇલ કબ્જે કરાયા છે. અને કુલ ૧૫ એકાઉન્ટ ફ્રીઝ કરવામાં આવ્યા છે. આ અંગે પત્રકાર પરીષદમાં વધુ વિગતો આપતા રૂરલ એસપી વિજયસિંહ ગુર્જરે જણાવ્યું હતું કે પકડાયેલ વિદેશી મહિલા જોસેફીન ઉર્ફે એન્જલ ફેસબૂક મારફત મિત્રો બનાવી ચેટમાં મારા હસબન્ડનું ડેથ થયું છે અને એક પુત્ર છે, મારી પાસે ઘણા રૂપીયા છે, મારે તમારે માટે ગીફટ મોકલાવી છે તેમ કહી લોકોને શીશામાં ઉતારતી હતી અને બાદમાં ગીફટ પાર્સલ મોકલવાના બહાને કટકે-કટકે ઓનલાઇન રૂપીયા મંગાવી છેતરપીંડી કરતી હતી.

જયારે તેના સાગ્રીત મેજેન્જેલી તથા ફિલીપબાતીસ્તા ઓનલાઇન મારફત આવેલા રૂપીયા એટીએમ દ્વારા ઉપાડી લેતા હતા. પકડાયેલ વિદેશી મહિલા સહિત ત્રણેય આફ્રિકન એઆઇની મદદથી હિન્દી ભાષામાં વાત કરતા હતા. રૂરલ પોલીસે પકડાયેલ ત્રણેય આફ્રિકનના ૧૫ બેંક એકાઉન્ટ ફ્રીઝ કર્યા છે. ત્રણેયના પાસપોર્ટ અને અન્ય સાઇબર ફ્રોડના ગુન્હા અંગે તપાસ હાથ ધરાઇ છે. રીમાન્ડ પર રહેલા ત્રણેય વિદેશીઓની અંગ્રેજી ભાષાના જાણકાર પોલીસની ટીમ દ્વારા પુછપરછ કરવામાં આવશે.

આ કાર્યવાહીમાં તથા સાયબર ક્રાઇમ સમગ્ર સફળ કામગીરી વિજયસિંહ ગુર્જર પોલીસ અધિક્ષક રાજકોટ ગ્રામ્યના માર્ગદર્શન હેઠળ પોલીસ ઇન્સ્પેક્ટર આર. જે. ગોધમ, વાયરલેસ પોલીસ ઇન્સ્પેક્ટર એમ.એન. કંડીયા, પોલીસ સબ ઇન્સ્પેક્ટર એ. એન. કામળીયા, પો. સબ.ઇન્સ. વી.કે. સુરાણી ત પોલીસ સ્ટેશનના વાયરલેસ, પોલીસ સબ ઇન્સ્પેક્ટર એમ.એન.રાઠોડ, સી.બી. વાંક, એસ.કે.સોલંકી, એ.એસ. આઇ. હિતેષભાઈ ગામી, તથા પો. હેડ કોન્સ્ટેબલ રવિભાઈ ચાવડા, પ્રકાશભાઇ ડાંગર, ભૌમીકભાઇ સોસા, તથા પોલીસ કોન્સ્ટેબલ મેહુલભાઈ સોનરાજ, નયદીપભાઈ વાણીયા, મહેશભાઇ ખોડાણી, મહિલા પો. કોન્સ્ટેબલ હિનાબેન કોડીયાતર, રવીનાબેન હડીયલ, પૂજાબેન હેરભા સહિતના જોડાયા હતા.

નિવૃત જીવન જીવતાં રજીસ્ટ્રારને ફોન કરી તમારા સીમ કાર્ડથી મની લોન્ડરીંગ થયું છે કહી ડરાવ્યા

# વૃધ્ધને ડિજીટલ એરેસ્ટ કરી ત્રીસ લાખ પડાવી લીધા

## જમા કરેલી રોકડ, એફડી તો આપી દીધા છેલ્લે બેંકમાંથી સોનુ ઉપાડવા જતાં દિકરા-પત્નિને શંકા જતાં તપાસ કરતાં ફ્રોડનો ભાંડો ફુટ્યો

રાજકોટઃ તા. ૬

સાયબર ગઠીયાઓ રોજેરોજ ગામને છેતરીને ગજવા ભરી રહ્યા છે. લાખો કરોડોની ઠગાઇ ઓનલાઇન ફ્રોડથી કરવામાં આવી રહી છે. વધુ એક વખત ગઠીયાઓએ ડીજીટલ એરેસ્ટનો તુક્કો અજમાવી નિવૃત રજીસ્ટ્રારને છેતરીને મની લોન્ડરીંગના કેસમાં ફસાવવાની ધમકીઓ આપી ત્રીસ લાખ છોંતેર હજાર પડાવી લીધા છે. આ પ્રકારના ફ્રોડથી બચવા માટે લોકોને જાગૃત કરવા સાયબર ક્રાઇમ પોલીસ સતત પ્રયાસો કરી રહી છે, લોકો જાગૃત પણ થઇ રહ્યા છે. જો કે સાયબર ગઠીયાઓ અજાણ એવા વૃધ્ધોને જ શિકાર બનાવે છે. જેમાં આ વૃધ્ધ પણ સરળતાથી ડિજીટલ એરેસ્ટ ફ્રોડનો શિકાર બની ગયા હતાં.વિગતો પર નજર કરીએ તો વલસાડ કોર્ટના નિવૃત્ત રજિસ્ટ્રાર ઈશ્વરભાઈ પટેલ સાથે રૂ. ૩૦.૭૬ લાખની ડિજિટલ અરેસ્ટ છેતરપિંડી થઈ છે. ઠગબાજોએ દિલ્હી ટેલિકોમ અને મુંબઈ ક્રાઈમ બ્રાન્ચના અધિકારી બની, વીડિયો કોલ દ્વારા તેમને મની લોન્ડરિંગ કેસમાં ફસાવવાની ધમકી આપી. આરોપીઓએ બોગસ ઓર્ડર મોકલી, તેમને ઘરમાં જ ડિજિટલ અરેસ્ટ કરી, એસબીઆઇ અને મ્યુચ્યુઅલ ફંડમાંથી રૂપિયા ડીસીબી અને આઇસીઆઇસીઆઇ બેંકમાં ટ્રાન્સફર કરાવ્યા. આખરે વલસાડ સાયબર ક્રાઈમમાં ફરિયાદ નોંધાવતાં તપાસ શરૂ કરવામાં આવી હતી. વિશેષ માહિતી અનુસાર વલસાડ કોર્ટના નિવૃત્ત રજિસ્ટ્રાર અને ઉમરગામમાં રહેતા વૃદ્ધ સાથે રૂ. ૩૦.૭૬ લાખની છેતરપિંડીનો કિસ્સો સામે આવ્યો હતો. સાયબર ગઠીયાઓ ઠગોએ મુંબઈ ક્રાઈમ બ્રાન્ચ અને દિલ્હી ટેલિકોમના અધિકારી હોવાની ઓળખ આપી વીડિયો કોલ દ્વારા ડરાવી, વૃદ્ધને ઘરમાં જ ડિજિટલ અરેસ્ટ કરી મની લોન્ડરિંગના કેસમાં ફસાવી દેવાની ધમકી આપી આ ખેલ આચર્યો હતો. વલસાડ જિલ્લાના ઉમરગામના સરોન્ડા ગામે રહેતા બાંસઠ વર્ષીય નિવૃત્ત રજિસ્ટ્રાર ઈશ્વરભાઈ ભગવાનજી પટેલના મોબાઈલ પર અજાણ્યા નંબર પરથી ફોન આવ્યો હતો. ફોન કરનારે દિલ્હી ટેલિકોમ વિભાગમાંથી બોલું છું તેમ કહી, તેમના નામે અન્ય સિમકાર્ડ ખરીદી ગેરકાયદે પ્રવૃત્તિ થઈ રહી હોવાનું જણાવ્યું હતું. ત્યારબાદ મુંબઈ ક્રાઈમ બ્રાન્ચના અધિકારી તરીકે ઓળખ આપી, નરેશ ગોયલના રૂ. ૫ લાખના મની લોન્ડરિંગ કેસમાં તેમની સંડોવણી હોવાનો ડર બતાવ્યો હતો. આ પછી સામે પક્ષેથી સુપ્રીમ કોર્ટ, સીબીઆઇઅને એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ઇડી)ના સીલવાળા બોગસ ઓર્ડર મોકલી આપી, ઘરમાં જ રહેવા અને કોઈને જાણ ન કરવા દબાણ કર્યું હતું. ત્યારબાદ સતત ઓનલાઈન વીડિયો કોલ પર રાખીને તેમને ડિજિટલ અરેસ્ટ કરી લીધા હતા. કેસમાંથી બહાર નીકળવા માટે બેંક ટ્રાન્ઝેક્શન ચેક કરવાના બહાને ઈશ્વરભાઈ પાસે એસબીઆઇ અને મ્યુચ્યુઅલ ફંડમાંથી રોકાણ તોડાવી, સમયાંતરે કુલ રૂ. ૩૦.૭૬ લાખ બે બેંકના ખાતાઓમાં ટ્રાન્સફર કરાવી લીધા હતા.

પૈસા કમાવવા માટે ભેગા મળી ધંધો કરાય પણ અવળા ધંધા ન કરાય

# ત્રિપુતીએ ગઠીયાગીરીથી છ વેપારીના લાખો ખંખેર્યા

## એઆઇ ટેકનોલોજીનો દુરૂપયોગ કરી ખોટા દસ્તાવેજો ઉભા કરી વેપારીઓને નકલી ઓર્ડર બતાવી ખરીદીના નામે નાણા ખંખેર્યાઃ પોલીસે ત્રણેયને દબોચી લેતાં ગુનેગારના લેબલો લાગી ગયા

રાજકોટઃ તા. ૬

પૈસા કમાવવા માટે ઘણીવાર મિત્રો સાથે મળીને સારો વેપાર ધંધો કરીને આગળ વધતાં હોય છે. પરંતુ ઘણીવાર મિત્રો ગઠીયાગીરી કે બીજી ગુનાખોરીના રવાડે ચડી જતાં હોય છે.

આવી જ એક ઘટના પોલીસ ચોપડે ચડી છે. જેમાં ત્રણ મિત્રોએ ભેગા મળી ગામને છેતરવાના ધંધા ચાલુ કર્યા હતાં. સરકારી હોસ્પિટલોના નામે એઆઇનો ઉપયોગ કરી નકલી ઓર્ડરથી લાખોની છેતરપિંડી કરવામાં આવી છે. જેમાં પોલીસે તપાસ કરી ત્રણ ગઠીયા મિત્રોને દબોચીલીધા હતાં. આ ગઠીયાઓએ એક બે નહિ છ વેપારીઓને છેતરી લીધા હતા.

વિગતો પર નજર કરીએ તો અમદાવાદ સિવિલ હોસ્પિટલના પર્ચેઝ ઓફિસર બની ગ્રીન પ્લાસ્ટિક બેગના ઉત્પાદક પાસેથી જેમ પોર્ટલ દ્વારા સરકારી ઓર્ડર અપાવવાની લાલચ આપી, વિવિધ સર્ટિફિકેટ્સ અને ઔઝ ડિપોઝિટના બહાને ૯.૬૦ લાખ રૂપિયા પડાવી લેનાર માસ્ટરમાઈન્ડ સહિત ત્રણ આરોપીઓની અમદાવાદમાંથી ધરપકડ કરી લઇ તપાસ શરૂ કરવામાં આવી છે. આ ગેંગે છ વેપારીઓ સાથે લાખોની છેતરપિંડી આચરી છે. અમદાવાદ સિવિલ હોસ્પિટલના પર્ચેઝ ઓફિસરની બોગસ ઓળખ આપી તેમજ આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સનો ઉપયોગ કરીને નકલી ઓર્ડર બનાવી વેપારીઓ સાથે લાખો રૂપિયાની છેતરપિંડી આચરતી ગેંગનો સાયબર ક્રાઈમ અને સ્થાનિક પોલીસે પર્દાફાશ કર્યો છે.

આ ગઠીયાઓએ ગ્રીન પ્લાસ્ટિક બેગના ઉત્પાદક પાસેથી જેમ પોર્ટલ મારફતે સરકારી ઓર્ડર અપાવવાની લાલચ આપીને વિવિધ સર્ટિફિકેટ્સ અને ઔઝ ડિપોઝિટના બહાને ૯.૬૦ લાખ રૂપિયા પડાવી લીધા હતાં. પોલીસે ગણતરીના સમયમાં જ દરોડો પાડીને મુખ્ય માસ્ટરમાઈન્ડ રાહુલ શર્મા અને તેના બે સાગરીતો અમન કુશવાહા તથા વિપુલ તોમરની ધરપકડ કરી હતી. આ ત્રણેય આરોપીઓ મૂળ રાજસ્થાન, ઉત્તર -દેશ અને મધ્ય -દેશના વતની છે, પરંતુ લાંબા સમયથી અમદાવાદના મેઘાણીનગરમાં રહે છે અને બાળપણથી મિત્રો છે. મુખ્ય આરોપી રાહુલ શર્મા અગાઉ ત્રણ વર્ષ સુધી કન્સલ્ટન્સી સર્વિસીસમાં કામ કરી ચૂક્યો હોવાથી તેને સરકારી પોર્ટલ્સની પ્રક્રિયાઓ અને જરૂરિયાતો વિશે ડી માહિતી હતી.




તે ઓનલાઈન પરથી પ્લાસ્ટિક બેગ મેન્યુફેક્ચરર્સના નંબરો શોધતો અને એઆઇ સાધનોનો ઉપયોગ કરીને હૂબહૂ સાચા જેવા દેખાતા ફેક પર્ચેઝ ઓર્ડર અને સરકારી આઈ-કાર્ડ બનાવીને વેપારીઓને વોટ્સએપ પર મોકલી ફસાવતો હતો. ગ્રીન બાય-પ્રોડક્ટ પ્લાસ્ટિક બેગ બનાવતી કંપની ધરાવતા વેપારીનો વોટ્સએપ પર સંપર્ક કરી આરોપીએ પોતાની ઓળખ સિવિલ હોસ્પિટલના પર્ચેઝ ઓફિસર તરીકે આપી હતી. સિવિલ હોસ્પિટલમાં મોટી સંખ્યામાં ગ્રીન પ્લાસ્ટિક બેગની જરૂરિયાત હોવાનું કહ્યું હતું.

બાદમાં સરકારી ઈ-પ્રોક્યોરમેન્ટપોર્ટલ દ્વારા પર્ચેઝ ઓર્ડર આપવાના બહાને કોટેશન મંગાવ્યું હતું. ત્યારબાદ -ક્રિયા આગળ વધારવાના બહાને વેપારી પાસેથી ઝેડઇડી સર્ટિફિકેટ, સીપીસીપી સર્ટિફિકેટ અને બ્ઝ્પ સર્ટિફિકેટ કઢાવી આપવાના નામે પંદર હજારથી ચાલીસ હજાર રૂપિયા સુધીની રકમ પડાવવામાં આવી હતી. વેપારી પાસે એનઇએસી સર્ટિફિકેટ ન હોવાથી તે કઢાવવા અને અર્નેસ્ટ મની ડિપોઝિટ નામે અલગ-અલગ બહાને કુલ ૯.૬૦ લાખ રૂપિયા ટ્રાન્સફર કરાવી ઠગાઈ આચરી હતી. પોલીસની પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું છે કે આ ત્રિપુટીએ અત્યાર સુધીમાં ફરિયાદી સહિત કુલ છ જેટલા વેપારીઓ સાથે આ પ્રકારે લાખો રૂપિયાની છેતરપિંડી આચરી હતી.

આરોપીઓ સામે રખિયાલ અને ચાંગોદર વિસ્તારના વેપારીઓ સાથે પણ આશરે ૧૮ લાખ રૂપિયાની ઠગાઈ કરવા બદલ ગુના નોંધાયેલા છે. હાલ પોલીસે ત્રણેય આરોપીઓની કડક પૂછપરછ હાથ ધરીને વધુ વિગતો મેળવવાની કવાયત શરૂ કરી હતી.

આમ ત્રણ મિત્રોએ ભેગા મળી હાલની એઆઇ ટેક્નોલોજીનો દુરૂપયોગ કરી લાખોની ઠગાઇ આચરવાનું ચાલુ કર્યુ હતું. જો કે તેનો ભાંડો ફુટી ગયો હતો અને પોલીસના હાથે ત્રણેય ઝડપાઇ જતાં ટુંકા માર્ગે માલદાર થવાના તેના સપના રોળાઇ ગયા હતાં અને ગુનેગારના લેબલો લાગી ગયા હતાં.

### અપમૃત્યુની ત્રણ અલગ અલગ ઘટનાઃ યુવાન અને પરિણીતાએ કર્યો જીવ દેવાનો પ્રયાસ

# સીડી પરથી પટકાતાં યુવાનનું મોત

## એક મહિલાનું આંચકી ઉપડ્યા બાદ અને બીજા મહિલાનું ડાયાલિસીસ વિભાગમાં બેભાન થઇ ગયા બાદ મોતઃ યુવાને વાહનની લોન ચડત થતાં એસિડ પીધુંઃ પરિણીતાને પતિએ મારકુટ કરતાં ફિનાઇલ પી ગઇ

રાજકોટઃ તા. ૬

રોજબરોજ કોઇને કોઇ પરિવાર પોતાના સદસ્યોને કોઇને કોઇ રીતે કાયમને માટે ગુમાવી દે છે. આ કરૂણ સિલસિલો યથાવત રહ્યો હતો. વધુ ત્રણ લોકોના અપમૃત્યુ થતાં તેમના પરિવારોમાં શોક વ્યાપી ગયો હતો. એક યુવાન ઘરમાં સીડી ઉતરતી વખતે લપસી પડતાં તેનું મોત થઇ ગયું હતું. એક મહિલાને આંચકી આવ્યા બાદ જીવ ગયો હતો, તો એક મહિલા હોસ્પિટલમાં ડાયાલિસીસ કરાવવા આવ્યા ત્યારે જ બેભાન થઇ જતાં મોત થયું હતું. અન્ય બે ઘટનામાં આપઘાતના પ્રયાસ કરવામાં આવ્યા હતાં. એક મહિલાએ પતિની મારકુટને કારણે કંટાળીને ફિનાઇલ પીધુ હતું, તો બીજા બનાવમાં એક યુવાને બૂલેટ લીધુ હોઇ તેની લોનના હપ્તા ચડી જતાં એસિડ પી લીધુ હતું.

વિગતો પર નજર કરીએ તો ગીર સોમનાથ તાબેના સુત્રાપાડા નજીકના લોઢવા ગામે રહેતો યુવાન ઘરમાં સીડી ઉતરતી વખતે લપસી પડતાં માથામાં ઇજા થવાથી મોત નિપજ્યું હતું. લોઢવા ગામે રહેતો મનિષભાઇ દાનાભાઇ સોલંકી નામનો પાંત્રીસ વર્ષનો યુવાન સાંજે આઠેક વાગ્યે ઘરમાં સીડી પરથી પટકાતાં માથામાં ગંભીર ઇજા થઇ હતી. તેણે ફોન કરી સગાને જાણ કરતાં સારવાર માટે સુત્રાપાડા અને બાદમાં જુનાગઢ હોસ્પિટલમાં દાખલ કરાયો હતો.

ઇજા વધુ હોઇ ત્યાંથી વધુ સારવાર માટે રાજકોટ ખસેડાયો હતો. અહિ ગત મોડી રાતે દમ તોડી દેતાં હોસ્પિટલ ચોકીના સ્ટાફે સુત્રાપાડા પોલીસને જાણ કરી હતી. મૃત્યુ પામનાર મનિષભાઇ ફેબ્રીકેશનનું મજુરી કામ કરતો હતો. સગાના કહેવા તે બે ભાઇ અને એક બહેનમાં મોટો હતો. અગાઉ તેમના એક ભાઇનું અવસાન થઇ ગયુ હતું. બહેન સાસરે છે. માતા-પિતા હયાત ન હોઇ પોતે એકલો જ રહેતો હતો. રાજકોટમાં પોસ્ટમોર્ટમ બાદ સગા સંબંધી મૃતદેહને અંતિમવિધી માટે વતન લઇ ગયા હતાં.

અપમૃત્યુની અન્ય એક ઘટના જોઇએ તો મોરબીમાં રહેતાં મહિલાને આંચકી ઉપડતાં તબિયત બગડતાં સારવાર માટે રાજકોટ ખસેડાયા હતાં. પરંતુ અહિ મૃત્યુ થતાં પરિવારમા ગમગીની વ્યાપી ગઇ હતી. મોરબીમાં ભીમરાવનગર-૩ મહેશ પાનવાળી શેરીમાં રહેતાં લીલાબેન જગદીશભાઇ ચૌહાણ નામના અઠાવન વર્ષના મહિલાને રાતે ઘરે આંચકી ઉપડ્યા બાદ તબિયત બગડતાં મોરબી હોસ્પિટલમાં અને ત્યાંથી રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં.

પરંતુ અહિ તેમનું મૃત્યુ થતાં હોસ્પિટલ ચોકીના સ્ટાફે મોરબી સીટી પોલીસને જાણ કરી હતી. મૃત્યુ



પામનારને સંતાનમાં બે દિકરા અને ત્રણ દિકરી છે. પતિ જગદીશભાઇ સિરામીકમાં કામ કરે છે. પોલીસે મોતનું ચોક્કસ કારણ જાણવા મૃતદેહનું પોસ્ટમોર્ટમ કરાવ્યું હતું.

ત્રીજી એક ઘટના જોઇએ તો રાજકોટમાં આજી વસાહત આંબેડકરનગરમાં રહેતાં ગંગાબેન દિનેશભાઇ દાફડા નામના બેતાલીસ વર્ષના મહિલા સિવિલ હોસ્પિટલના ડાયાલીસીસ વિભાગમાં હતાં ત્યારે અચાનક બેભાન થઇ જતાં મોત થયું હતું. બનાવની જાણ થતાં પ્રદ્યુમનનગર પોલીસે જરૂરી કાર્યવાહી કરી હતી. ગંગાબેન સિવિલમાં જ સિક્યુરીટીની નોકરી કરતાં હતાં. હાલ બિમાર હોઇ રજા પર હતાં. સંતાનમાં એક દિકરો અને એક દિકરી છે.

આપઘાતના પ્રયાસની બે ઘટના જોઇએ તો કોઠારીયા સોલવન્ટ નજીક ગોકુલ મથુરા સોસાયટીમાં રહેતાં અને પરીન ફર્નીચર નજીક કંપનીમાં પીડીએ મેનેજર તરીકે નોકરી કરતાં બત્રીસ વર્ષના ભૌમિક સુરેશભાઇ અગ્રાવત નામના યુવાને એસિડ પી આપઘાતનો પ્રયાસ કરતાં સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં દાખલ કરાયો હતો. ભૌમિક બે બહેન અને એક ભાઇમાં નાનો છે. તેના પિતાના કહેવા મુજબ થોડા સમય પહેલા ભૌમિકે બૂલેટ લોનથી લીધુ હતું. એ દરમિયાન એક નોકરી છુટી ગઇ હતી અને આ કારણે લોનના હપ્તા ભરવાનું ટેન્શન થઇ ગયુ હતું. હાલમાં તેને નવી નોકરી મળી છે. પણ અગાઉના હપ્તાનું ટેન્શન હોઇ વિચારવાયુ થઇ જતાં એસિડ પી લીધુ હતું.

જ્યારે બીજા આવા બનાવમાં કોઠારીયા સોલવન્ટ નજીક હાઇવે પર શીવ હોટલ પાછળ દોલતપરા-૧માં રહેતી અને ભંગાર-કચરો વીણી ગુજરાન ચલાવતી સત્વાયીસ વર્ષની અલ્પાબેન સાગર સાડમીયા નામની પરિણીતાએ ફિનાઇલ પી આપઘાતનો પ્રયાસ કરતાં સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવી છે. અલ્પાબેને ઘરે ફિનાઇલ પી લેતાં સિવિલ હોસ્પિટલમાં ખસેડાતાં હોસ્પિટલ ચોકીના સ્ટાફે જાણ કરતાં આજીડેમ પોલીસ સ્ટેશનના હેડકોન્સ. એસ. ડી. મુંધવાએ હોસ્પિટલે પહોંચી તેણીની ફરિયાદ પરથી તેના પતિ સાગર હંસરાજભાઇ સાડમીયા વિરૂધ્ધ ફરિયાદ દાખલ કરી હતી.

અલ્પાબેનના લગ્ન છ વર્ષ પહેલા થયા છે અને સંતાનમાં બે દિકરા છે. તેણીએ ફરિયાદમાં જણાવ્યું છે કે સાંજે હું ઘરે હતી ત્યારે મેં ભેગો કરેલો ભંગાર રિક્ષામાં ભરી મુકવા જવા માટે સાથે આવવાનું કહેતાં પતિએ મારે સાથે નથી આવવું તેમ કહી ઝઘડો કરી બોલાચાલી કરી મને ગાળો દીધી હતી. મેં તેને ગાળો દેવાની ના પાડતાં તેણે ઉશ્કેરાઇ જઇ બે ઝાપટ મારી દીધી હતી. આ રીતે છેલ્લા એકાદ વર્ષથી તે વારંવાર નાની નાની વાતે ઝઘડા કરી મારકુટ કરી લેતો હોઇ આ વખતે પણ માર મારતાં કંટાળી જઇ મેં આ પગલુ ભર્યુ હતું. તેમ વધુમાં ફરિયાદમાં જણાવ્યું હતું. પોલીસે આ મામલે જરૂરી કાર્યવાહી હાથ ધરી હતી.

---

### છેતરપીંડીના વધુ ત્રણ બનાવોમાં છાત્રા, વેપારી, યુવાન ભોગ બન્યા

# વિદ્યાર્થીનીને બોગસ મેસેજ મોકલી નાણા ઉસેડ્યા

## તમારા પપ્પાને મારે પંદર હજાર દેવાના છે, તમારામાં જમા કરાવ્યા છે કહી નકલી મેસેજ મોકલ્યોઃ વધુ રકમ આવી ગયાનું કહી પાછા મેળવી લીધાઃ વેપારી સાથે કસ્ટમર કેરના નામે ફ્રોડઃ એક યુવાનને તેના મામાએ છેતરી ટેમ્પો બારોબાર ગીરવે મુકી દીધો, માથે જતાં ધમકી દીધી

રાજકોટઃ તા. ૬

સાયબર ફ્રોડની અલગ અલગ ઘટનાઓ વચ્ચે વધુ એક નવી ઘટના સામે આવી હતી. જેમાં ગૂગલ પેમાં ફેક એન્ટ્રી બતાવી ગઠીયાએ વિદ્યાર્થીની પાસેથી નાણા પડાવી લીધા હતાં. અન્ય એક બનાવમાં વેપારી સાથે છવ્વીસ હજારની ઠગાઇ થઇ હતી.પ્રથમ ફ્રોડ પર નજર કરીએ તો ન્યુ રાણીપમાં રહેતી અને ૫દ્મમાં અભ્યાસ કરતી બાવીસ વર્ષીય વિદ્યાર્થીનીને અજાણ્યા નંબરેથી 'શર્મા સાહેબ'ના નામે ફોન આવ્યો હતો. તેણે યુવતીના પિતાને પંદર હજાર આપવાના છે તેમ કહી દસ હજાર તમારા ખાતામાં જમા થઇ ગયા છે તેમ કહી નાણ જમા થયાનો બોગસ મેસેજ અને ગૂગલ-પેની વિગતો મોકલી હતી. જો કે આ ફેક એન્ટ્રી બતાવી હતી.

ત્યારબાદ ગઠિયાએ 'ભૂલથી પચાસ હજાર ટ્રાન્સફર થઇ ગયા છે' તેમ કહી નાણાં પરત માગતા, યુવતીએ વિશ્વાસમાં આવી પિસ્તાલીસ હજાર ઓનલાઈન



ટ્રાન્સફર કરી દીધા હતા. પિતા અને ભાઈ સાથે વાત કરતાં કોઈ રકમ જમા ન થઈ હોવાની જાણ થતાં યુવતીએ સાબરમતી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. આમ આ તદ્દન નવતર સાયબર ફ્રોડ સામે આવ્યું હતું. આ પ્રકારના ફોન મેસેજ આવે તો ચેતવું જરૂરી છે.

અન્ય એક ઠગાઇ જોઇએ તો વેજલપુરમાં મસાલાનો ઈમ્પોર્ટ-એક્સપોર્ટનો વેપાર કરતા ભરત ચૌહાણે પેટીએમ મશીનમાં વધુ ચાર્જ કપાતો હોવાથી કસ્ટમર કેરમાં સંપર્ક કર્યો હતો. ત્યારબાદ કંપનીમાંથી આવ્યા હોવાનું કહીને એક ગઠિયો તેમની ઓફિસે પહોંચ્યો હતો અને ચેકિંગના બહાને વેપારી પાસેથી એટીએમ કાર્ડ મેળવ્યું હતું. મોટા ટ્રાન્ઝેક્શન કરવા અંગે વાતચીત બાદ વેપારીએ બીજા દિવસે આવવા કહ્યું હતું. આથીગઠિયો મશીન અને કાર્ડ લઈને જતો રહ્યો હતો અને છવ્વીસ હજાર ઉપાડી લીધા હતા. આ અંગે નારણપુરા પોલીસે ગુનો નોંધી તપાસ શરૂ કરી હતી.

અન્ય એક બનાવમાં મામાએ ભાણીયાને મામા બનાવી તેનો ટેમ્પો લઇ લીધી હતી અને બારોબાર ભાડે મુકી દીધી હતી. ઠગાઇના આ બનાવમાં વડોદરાના બાપોદ વિસ્તારમાં રહેતા જયેશભાઈ પટેલનો ટેમ્પો કંપનીમાં ભાડે મૂકવાના નામે મેળવી, તેમના સગા મામા મનિષ પટેલે નડિયાદમાં બારોબાર ગીરવે મૂકી દઈ છેતરપિંડી આચરી લેતાં ફરિયાદ થઈ હતી. ભાડાની રકમ અને ટેમ્પો પરત માંગતાં મામાએ ભાણિયાને ગાળો આપી ટાંટિયા ભાંગી નાખવાની ધમકી પણ આપી હતી. વધુ માહિતી અનુસાર બાપોદ વિસ્તારના હીરાબા નગરમાં રહેતા અને ડ્રાઈવિંગ કરતા જયેશભાઈ પટેલે બેંક લોનથી સુપર કેરી ટેમ્પો ખરીદ્યો હતો.

વધુ માહિતી અનુસાર નડિયાદના ઉત્તરસંડા ખાતે રહેતા તેમના સગા મામા મનિષ પટેલે આણંદની કંપનીમાં ટેમ્પો ભાડે મૂકી દર મહિને રૂ. ત્રીસ હજાર અપાવવાની લાલચ આપી ટેમ્પો, આર.સી. બુક અને ચેક મેળવી લીધા હતા. શરૂઆતમાં મામાએ બે મહિના થોડી રકમ ભાડા પેટે મોકલી હતી, પરંતુ ત્યારબાદ નાણાં આપવાનું સાવ બંધ કરી દીધું હતું. જયેશભાઈએ અવારનવાર ફોન કરી ભાડું અને ટેમ્પો પરત માંગતાં મામાએ ગલ્લા-તલ્લા કરી ઉશ્કેરાઈને હવે ટેમ્પો માંગીશ તો ટાંટીયા ભાંગી નાખીશે તેવી ધમકી આપી હતી. મામાના વર્તનથી શંકા જતાં જયેશભાઈએ તપાસ કરાવતાં ખુલાસો થયો હતો કે મામાએ ટેમ્પો કોઈ કંપનીમાં મૂકવાને બદલે નડિયાદમાં બારોબાર ગીરો મૂકી દીધો હતો. વિશ્વાસઘાત અને છેતરપિંડી થતાં જયેશભાઈ પટેલે મામા મનિષભાઈ રમણભાઈ પટેલ વિરૂધ્ધ કાયદેસરની પોલીસ ફરિયાદ નોંધાવવાની કાર્યવાહી હાથ ધરી હતી.

---

# રાજકોટમાં ટ્રેનમાં સુતેલા મહિલાના પર્સની ચોરી

## જલગાંવથી ઉપલેટા જઇ રહેલા મહિલા સાથે બનાવઃ સાથે સફર કરી રહેલા દિકરાએ નોંધાવી ફરિયાદ

રાજકોટઃ તા. ૬

ટ્રેનમાં ચોર ગઠીયા કસબ અજમાવી જતી હોવાની ઘટનાઓ વારંવાર બનતી હોય છે. આ વચ્ચે રાજકોટ રેલ્વે સ્ટેશને જલગાંવથી પહોંચેલી ટ્રેનમાં ઉંઘી રહેલા મહિલાના માથા નીચેથી ઉઠાવગીર રૂા. ૯૮૯૯૯ની માલમત્તા સાથેનું પર્સ ખેંચીને ભાગી જતાં આ બનાવમાં રેલ્વે પોલીસે મહારાષ્ટ્રના જલગાંવ ખાતે ગણેશપુરી મહેરૂન ખાતે રહેતાં અને હાર્ડવેરનો વેપાર કરતાં છવ્વીસ વર્ષીય વેપારી અરાફત અલ્તાફભાઇ નાગવદરીયાની ફરિયાદ પરથી ચોરીનો ગુનો દાખલ કર્યો હતો. અરાફત મેમણે ફરિયાદમાં જણાવ્યા મુજબ તે તથા નાના-નાની, માતા અને અન્ય સભ્યો સાથે તા. ૪ના રોજ કવિગુરૂ એક્સપ્રસ ટ્રેનમાં જલગાંવથી ઉપલેટા આવવા નીકળ્યા હતાં. પાંચમીના પરોઢે બે વાગ્યે વાંકાનેર સ્ટેશન આસપાસ પરિવાર ઘી રહ્યો હતો.



ત્યારબાદ સવારે ૬:૧૦ વાગ્યા આસપાસ ટ્રેન જ્યારે રાજકોટ રેલ્વે સ્ટેશનના પ્લેટફોર્મ નંબર ૨-૩ ઉપર આવીને ભી રહી અને પડવાની તૈયારીમાં હતી, ત્યારે ઉઠાવગીરે ઘનો લાભ લઈ અરફાતના માતા દિલશાદબેનના માથા નીચે રાખેલું લીલા રંગનું લેડીઝ પર્સ આંચકીને ભાગી ગયો હતો. ચોરી કરાયેલા પર્સમાં ૧૮ ગ્રામની સોનાની સાંકળી વાળી ચેઇન અને પેન્ડલ મળી રૂા. ૪૩,૨૦૦, ૧૫ ગ્રામની સોનાની બુટી આશરે કિંમત ૩૬,૦૦૦ અને મોબાઇલ ફોન રૂા. ૬૯૯૯નો તેમજ ૫૮૦૦૦નો અને રોકડા ૭૦૦૦ મળી કુલ રૂા. ૯૮૬૯૯ની માલમત્તા હતી. આ અંગે હેડકોન્સ. મહેશભાઇ માલકીયાએ ગુનો દાખલ કરાવતાં તપાસ શરૂ કરવામાં આવી હતી.

---

### કરવાની હતી પંદર હજારના પગારથી બ્યુટી પાર્લરમાં નોકરી પણ ફસાઇ લેભાગુ દંપતિની જાળમાં

# મદદના નામે યુવતિને ધકેલી દેહવ્યાપારમાં

## રાજકોટ મવડીના શખ્સે પત્નિ અને ભાઇ સાથે મળી યુવતિની મજબૂરનો ગેરલાભ લીધોઃ યુવતિના મિત્રને જેલમાંથી છોડાવવા વકિલની ફી ચુકવવાના નામે તેને લોહીનો વેપલો કરવા મજબૂર કરીઃ ગ્રાહક દીઠ બે હજાર, નાઇટના આઠ હજાર મળશે કહી અઢીસો ગ્રાહકો પાસે મોકલી

રાજકોટઃ તા. ૬

અનેક એવા લોકો હોય છે જે મદદના નામે બીજા લોકોની મજબૂરીનો ગેરલાભ ઉઠાવી પોતાના ગજવા રોકડાથી ગરમ કરતાં હોય છે. આવી જ એક ચોંકાવનારી અને યુવતિઓ માટે લાલબત્તી સમાન ઘટના સામે આવી હતી. જેમાં રાજકોટમાં મવડી વિસ્તારમાં રહેતાં એક દંપતિએ એક યુવતિને બ્યુટી પાર્લરમાં પંદર હજારના પગારની નોકરીની લાલચ આપી એડવાન્સ પેટે દસ હજાર તેણીના પિતાને મોકલી દીધા બાદ રાજકોટ બોલાવી હતી. પણ આ યુવતિનો મિત્ર એક ગુનામાં જેલમાં જતાં આ દંપતિએ તેને છોડાવવા માટે વકીલની ફીના ચાર લાખ ચુકવવા પડશે તેમ કહી આ યુવતિને મજબૂરીથી દેહના સોદા કરવાના ગંદાધંધામાં ધકેલી દીધી હતી. આ દંપતિએ યુવતિ પાસે અલગ અલગ હોટેલોમાં તેણીને મોકલી અઢીસો વખત દેહના સોદા કરાવી તેમાંથી નાણા મળ્યા તે પોતે રાખી લીધા હતા. યુવતિએ આ કામ છોડવાની વાત કરતાં તેને ધમકી દીધી હતી અને અપમાનીત કરી હતી.

વિગતો પર નજર કરીએ તો શહેરમાં બ્યુટી પાર્લરમાં સારી નોકરી આપવાની અને તેણીના મિત્રને જેલમાંથી છોડાવી આપવાની બાંહેધરી આપી એક યુવતીને એક દંપતિએ જાળમાં ફસાવી તેણી પાસે દેહવ્યાપાર કરાવી ગ્રાહકો તરફથી મળતાં નાણા પોતે રાખી લઇ યુવતિને ન આપી માથે જતાં ધમકી આપતાં આ બનાવમાં ભક્તિનગર પોલીસે હાલ રાજકોટ રહેતી મુળ જુનાગઢ પંથકની ૨૦ વર્ષિય યુવતિની ફરિયાદ પરથી મવડી પ્લોટ બાપા સિતારામ ચોક આદર્શ એવન્યુ બી-૨૦૨માં રહેતાં અને હોટેલનું સંચાલન પણ કરતાં હિરેન કિશોરભાઇ રૂડકીયા, તેની પત્નિ રિધ્ધી હિરેન રૂડકીયા અને હિરેનના ભાઇ મયુર કિશોભાઇ રૂડકીયા વિરૂધ્ધ ફરિયાદ દાખલ કરી આરોપીઓને ઝડપી લેવા તપાસ આગળ ધપાવી હતી.

ઘટનાની વધુ માહિતી અનુસાર ભોગ બનનાર ૨૦ વર્ષની યુવતિએ ફરિયાદમાં જણાવ્યું છે કે એકાદ મહિનાથી હું પતિ સાથે રહુ છું અને અમે કોર્ટમેરેજ કર્યા છે. મેં વર્ષ ૨૦૨૪માં બ્યુટી પાર્લરનો કોર્સ પુરો કર્યો હતો. બાદમાં મારા મિત્ર જે હાલ મારા પતિ છે તેના મારફતે રાજકોટના મવડી પ્લોટ વિસ્તારમાં રહેતા હિરેન રૂડકીયા અને તેની પત્નિ રિધ્ધીનો સંપર્ક થયો હતો.



હિરેન અને રિધ્ધીએ મને રાજકોટમાં બ્યુટી પાર્લરમાં પંદર હજાર રૂપિયાના માસિક પગારથી નોકરીએ રખાવવાની ખાતરી આપી હતી અને એડવાન્સ પેટે મારા પિતાને દસ હજાર રૂપિયા આપ્યા હતા. તેણીઅ આગળ કહ્યું હતું કે આ પછી હું મિત્ર સાથે રાજકોટ આવીને મિલપરા શેરી નં. ૧૪માં આવેલી એચ. આર. કિંગ હોટલમાં રોકાઈ હતી.

આ વખતે અહિ હિરેન અને રિધ્ધી પણ હતાં. જે તેના ઘરે જતા રહ્યા હતાં. અમે બંને હોટેલના રૂમમાં રોકાયા હતાં. એ પછી મિત્ર શાપર જતો રહ્યોહ તો. હું ત્યાં જ રોકાઇ હતી. બાદમાં તા. ૧૬/૧૧/૨૫ના સાંજે મારો મિત્ર પાછો આવ્યો હતો. આ વખતે સાતેક વાગ્યે રૂમમાં હિરેન આવ્યો હતો અને કહ્યું હતું કે તારા મિત્રને કોઇ કેસમાં ગાંધીગ્રામ પોલીસમાં હાજર થવાનું છે, તેની અટકાયત થશે અને ચોવીસ કલાકમાં તે છુટી જશે. આ પછી ૧૭/૧૧ના રોજ મારા મિત્રને હિરેન અને રિધ્ધી ગાંધીગ્રામ પોલીસ સ્ટેશને રજૂ કરવા લઇ ગયા હતાં.

ત્યારબાદ રાતે નવેક વાગ્યે રિધ્ધી હોટલે પાછી આવી હતી અને કહ્યું હતું કે તારા મિત્રનેજેલમાંથી છોડાવવા માટે વકિલ રાખવો પડશે અને અંદાજે ચાર લાખ રૂપિયાનો ખર્ચ થશે. આ પછી હુ રડવા લાગતાં રિધ્ધીએ સમજાવેલુ કે તું દેહવ્યાપારનો ધંધો કરે તો સારા રૂપિયા મળશે, કસ્ટમર હું લાવીશ અને જેટલુ પેમેન્ટ આવશે તેમાંથી એક કસ્ટમર દીઠ બે હજાર આપીશ. નાઇટના આઠ હજાર આપીશ. આ પછી રિધ્ધી મને ફોન કરે તે હોટેલના રૂમમાં જઇ શરીર સંબંધ બાંધવાના હતાં. આખી રાત રોકાવાનું હોય તો રાતના અગીયારથી સવારના છ સુધીનો સમય નક્કી કર્યો હતો. મારે મારા મિત્રને છોડાવવો હોઇ ફી ભરવાના પૈસાની જરૂર હોઇ જેથી મેં હા પાડી હતી.

એ રાતથી જ એચ. આર. કિંગ હોટેલમાં મારી પાસે કામ શરૂ કરાવી દીધુ હતું. મને બીજી હોટેલોમાં પણ મોકલાતી હતી. જેમાં બસ સ્ટેશન પાછળની હોટેલોમાં જવાનું હતું. હિરેનનો નાનો ભાઇ મયુર મને એક્ટીવામાં જે તે હોટલે લઇ જતો હતો. દરમિયાન ૩૧/૧૨/૨૫ના થર્ટી ફર્સ્ટ નાઇટમાં હિરેન તેના પરિવાર સાથે મને સુરત લઇ ગયો હતો. ત્યાં ડુમ્મસ રોડની હોટેલમાં રોકાઇ રાજકોટ પરત આવ્યા હતાં. બાદમાં હિરેનની પત્નિ રિધ્ધીએ મને ત્રણ સાડા ત્રણ મહિનામાં આશરે ૨૫૦ જેટલા કસ્ટમર પાસે શરીર સંબંધ બાંધવા મોકલી હતી. તેમજ કુલ ૨૮ જેટલી નાઇટ કરી હતી. રિધ્ધી ગ્રાહકો પાસેથી મેળવેલ નાણા પોતાના યુપીઆઇ તથા સ્કેનર કે રોકડા સ્વરૂપે મેળવી લઇ મને નજીવી રકમ જ આપતી હતી.

જો કે તેણી નક્કી થયા મુજબ મને રકમ અપાતી નહોતી. અંતે હું આ કામથી કંટાળી ગઇ હોઇ મેં દેહવ્યાપાર કરવાની ના પાડી ત્યારે રિધ્ધીએ મારા પિતા અને પરિવારને આ બાબતે જાણ કરી દેવાની તથા જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. આ પછી મારો મિત્ર જેલમાંથી છુટી ગયો હોઇ મેં હિરેનને વ્હોટ્સએપ કોલ કરી હવે આ કામ નથી કરવું તેમ કહેતાં હિરેન અને રિધ્ધી હોટલે આવ્યા હતા. આ વખતે મેં મારા હિસાબના રૂીપયા માંગતા આ બંનેએ કોઇ રૂપિયા આપવાના થતાં નથી તેમ કહી જ્ઞાતિ પ્રત્યે અપમાનીત કરી હતી. જો કે બાદમાં અમારી વચ્ચે સમાધાન થઇ ગયું હતું અને અઠવાડીયામાં પોતે પૈસા આપી દેશે તેમ હિરેને કહ્યું હતું.

બાદ ખબર પડી હતી કે હિરેન આ હોટેલ ભાડેથી ચલાવતો હતો. આ હોટેલ તે ખાલી કરી નાંખતાં અમને કહેલું કે તમને બીજી હોટેલમાં શીફ્ટ કરી દઇશ. એ પછી અમને કાલાવડ રોડ પરની હોટેલમાં મોકલ્યા હતાં. ત્યાં ત્રણ દિવસનું પેમેન્ટ તેણે આપ્યું હતું.બા રિધ્ધી અને તેનો પતિ હિરેન ફોન ઉપાડતાં ન હોઇ અને હવે ફોન બંધ કરી દીધો હોઇ તેમજ હિરને મારા અને મિત્રના સંબંધની જાણ મારા પિતાને કરી દીધી હતી. મારા મિત્રને જેલમાંથી છોડાવવા આવકનું પ્રલોભન આપી મારી પાસે દેહવ્યાપાર કરાવડાવી પુરા રૂપિયા ન આપી માથે જતાં ધમકી આપી અપમાનીત કરી હોઇ અંતે ફરિયાદ કરવી પડી હતી. તેમ વધુમાં યુવતિએ કહેતાં ભક્તિનગર ઇન્સપેક્ટર જે. ડી. પરમારના માર્ગદર્શનમાં પીએસઆઇ વી. એમ. બરાડીયા, નિલેષભાઇ મકવાણા સહિતે ગુનો નોંધી આરોપીઓને ઝડપી કાર્યવાહી હાથ ધરી હતી. આમ કઇ રીતે મજબૂરીવશ યુવતિ લેભાગુઓની જાળમાં ફસાઇ દેહવ્યાપારના દલદલમાં ગરક થઇ ગઇ તેની લાલબત્તી સમાન ઘટના સામે આવી હતી. જેના કારણે સૌ કોઇ ચોંકી ગયા હતાં.

### 'મિલાવટખોરી'નું ખુલ્લું પાપ

# સીલ કરેલું એનાલોગ પનીરનું કારખાનું મહિનામાં જ ધમધમયુ

## તંત્રની મીલીભગત કે બેદરકારી? સીલ મારેલી પેઢીમાં દૂધના કેન અને મટીરિયલ વચ્ચે માલિકનો લૂલો બચાવ – 'પનીર નહીં, ખીરું બને છે!'

### મીડિયા પર નો-એન્ટ્રીઃ કાળો કારોબાર છુપાવવાનો પ્રયાસ

સત્ય બહાર ન આવી જાય તે માટે પેઢીના માલિક દ્વારા મીડિયાના પ્રવેશ પર કડક પ્રતિબંધ મૂકી દેવાયો છે. જો પેઢીમાં કશું ગેરકાયદેસર બનતું જ ન હતું, તો પછી મીડિયા અને કેમેરાથી ભાગવાની જરૂર કેમ પડી . રાજકોટમાં એનાલોગ પનીરનું બેરોકટોક વેચાણ લોકોના લીવર અને કિડની જેવા મહત્વના અંગોને નુકસાન પહોંચાડી રહ્યું છે. હવે જોવાનું એ રહે છે કે આરોગ્ય વિભાગ આ કિસ્સામાં માત્ર સેમ્પલ લઈને સંતોષ માનશે કે પછી આ ભેળસેળિયાઓ સામે કાયદાકીય પાસા મજબૂત કરીને દાખલારૂપ કડક કાર્યવાહી કરશે.

### અંદર શું ચાલી રહ્યું હતું? તપાસમાં સામે આવેલી ચોંકાવનારી વિગતો

જ્યારે દરોડા પાડવામાં આવ્યા ત્યારે અંદરનું દ્રશ્ય અત્યંત શંકાસ્પદ હતું. ગંદકી વચ્ચે મોટા ડ્રમ અને દૂધના કેન પડ્યા હતા. પેઢીની અંદર રહેલા એક કર્મચારીએ છુપી રીતે દાવો કર્યો હતો કે અંદર પનીર નથી બની રહ્યું પરંતુ ઢોસા કે ઈડલીનું ખીરું બની રહ્યું છે! પરંતુ બનાવટના સ્થળેથી મળી આવેલું મટીરિયલ અને પ્રક્રિયા પનીર બનાવવા તરફ જ ઈશારો કરતી હતી. અગાઉ પણ ગુણવત્તાના મુદ્દે વિવાદમાં આવી ચૂકેલી આ પેઢી સીલ હોવા છતાં કોના આશીર્વાદથી ખુલ્લી? શું આરોગ્ય વિભાગના કાગળ પર જ સીલ વાગ્યા હતા અને જમીની હકીકત કંઈક જુદી જ હતી? આ તમામ સવાલો હાલ શહેરભરમાં ચર્ચાનો વિષય બન્યા છે.



રાજકોટ, તા. ૬

રાજકોટ શહેરના નાગરિકોના આરોગ્ય સાથે ખુલ્લેઆમ ચેડાં કરતી અનેક પેઢીઓ સામે અવારનવાર આરોગ્ય વિભાગ ત્રાટકે છે, પરંતુ તંત્રની નબળી કાર્યવાહી અને ભ્રષ્ટ નીતિઓને કારણે આવા ભેળસેળિયાઓ બેફામ બન્યા છે. માત્ર એક જ મહિના પહેલાં જે કારખાનાને આરોગ્ય વિભાગ દ્વારા અપ્રમાણસર કે ભેળસેળયુક્ત એનાલોગ પનીર બનાવવા બદલ સીલ કરવામાં આવ્યું હતું, તે જ પેઢી આજે ફરીથી ધમધમવા લાગી છે. સ્થાનિક તંત્રના નાક નીચે જ ધમધમતા આ કાળા કારોબારમાં પેઢીના માલિક દ્વારા મીડિયાથી સત્ય છુપાવવાના તમામ પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. અંદર મીડિયાના પ્રવેશ પર પ્રતિબંધ લાદી દેવાયો છે, જેથી ભેળસેળનું નેટવર્ક બહર ન આવે. જોકે, પેઢીના જ અંદરના કર્મચારીઓ અને સ્થળ પરથી મળી આવેલા દૂધના કેન તેમજ અન્ય સંશયાસ્પદ સામગ્રી પરથી અહીં મોટા પાયે નકલી કે એનાલોગ પનીર જ બનતું હોવાની પ્રબળ આશંકા સેવાઈ રહી છે.જ્યારે તંત્ર અને તપાસકર્તાઓ સ્થળ પર પહોંચ્યા ત્યારે પેઢીના માલિકે પોતાની ચામડી બચાવવા 'અહીં પનીર નહીં પણ ખીરું બની રહ્યું છે' તેવો હાસ્યાસ્પદ અને લૂલો બચાવ કર્યો હતો. અગાઉ પણ પનીરની ગુણવત્તાને લઈને વિવાદમાં આવી ચૂકેલી આ પેઢી સીલ હોવા છતાં કેવી રીતે ચાલુ થઈ શકી? શું તંત્રના કાગળ પર જ સીલ વાગ્યા હતા? તેવા અનેક યક્ષ પ્રશ્નો સ્થાનિકોમાં ઉઠી રહ્યા છે. આરોગ્ય વિભાગના અધિકારીઓની સમયસરની ગેરહાજરી અને ઢીલી નીતિને કારણે આવા તત્વોને મોકળું મેદાન મળી ગયું છે. જો સઘન તપાસ કરવામાં આવે તો આ ભેળસેળિયા કારખાનામાંથી વધુ સનસનાટીભરી વિગતો અને નાગરિકોના સ્વાસ્થ્ય સાથે થતા ચેડાંનું મોટું નેટવર્ક બહાર આવે તેવી પૂરેપૂરી શક્યતા છે.

### 'સીલ' માત્ર કાગળ પર? સીલ તૂટ્યું કે તોડવામાં આવ્યું?

આરોગ્ય વિભાગે મહિનો પહેલાં સીલ મારેલું કારખાનું તંત્રની પરવાનગી વગર ફરી કેવી રીતે શરૂ થઈ ગયું? સીલ તૂટવા છતાં સ્થાનિક તંત્ર કેમ ઊંઘતું રહ્યું તે મોટો સવાલ છે. શું તંત્રના અધિકારીઓની ભ્રષ્ટ છત્રછાયા હેઠળ જ આ કારોબાર ફરી ફૂલ્યો-ફાલી રહ્યો છે?

### કર્મચારીઓના નિવેદનો અને સ્થિતિ કંઈક અલગ જ ચાડી ખાઈ છે

કારખાનામાંથી દૂધના મોટા પ્રમાણમાં કેન, એનાલોગ પનીર બનાવવા માટે વપરાતી સામગ્રી અને એનાલોગ પનીરનો જથ્થો મળી આવ્યો હોવા છતાં, માલિક 'ખીરું' બનતું હોવાનો દાવો કરી રહ્યો છે. અંદરથી કર્મચારીઓના નિવેદનો અને સ્થિતિ કંઈક અલગ જ ચાડી ખાઈ રહ્યા છે.

# રોગચાળાના ખૌફ વચ્ચે મનપાનું દૂષિત પાણી

## મોરબી રોડ પર ઘર-ઘર સુધી પહોંચ્યું ગંદુ પાણી, પ્રજાના આરોગ્ય સાથે ખુલ્લેઆમ ચેડાં!

રાજકોટ, તા. ૬

રાજકોટ શહેરમાં ચોમાસાની સત્તાવાર શરૂઆત સાથે જ તાવ, ઝાડા-ઉલટી, કમળો અને ટાઈફોઈડ જેવા પાણીજન્ય તથા વેક્ટર જન્ય રોગચાળાએ અજગરભરડો લીધો છે. હોસ્પિટલો દર્દીઓથી છલકાઈ રહી છે ત્યારે પ્રજાના સ્વાસ્થ્યની રક્ષા કરવાની જેની પ્રાથમિક જવાબદારી છે, તે જ રાજકોટ મહાનગરપાલિકા દ્વારા નાગરિકોના ઘરો સુધી દૂષિત પાણી પહોંચાડવામાં આવતું હોવાનો ગંભીર કિસ્સો સામે આવ્યો છે.

મોરબી રોડ પર આવેલી નાની ફાટક પાસેના અભિરામ-૨ વિસ્તારમાં રહેતા એક જાગૃત નાગરિકે નળમાંથી આવતા પાણીનો વીડિયો બનાવીને જાહેર કરતા મનપા તંત્રની પ્રી-મોન્સૂન કામગીરી અને દાવાઓની પોલ ખુલ્લી પડી ગઈ છે. વાયરલ થયેલા આ વીડિયોમાં સ્પષ્ટ જોઈ શકાય છે કે નળમાંથી આવતું પાણી પીવાલાયક તો દૂર, વાપરવા યોગ્ય પણ નથી. પાણી અત્યંત ગંદુ અને દુર્ગંધયુક્ત હોવાથી પીવાની પાઈપલાઈનમાં ગટરનું પાણી ભળ્યું હોવાની પ્રબળ આશંકા સેવાઈ રહી છે, જે મનપાની ઘોર બેદરકારી દર્શાવે છે.

એક તરફ રાજકોટ મનપાનો આરોગ્ય વિભાગ લોકોને ઉકાળેલું અને શુદ્ધ પાણી પીવાની સલાહ આપતી પત્રિકાઓ છાપે છે અને એડવાઈઝરી બહાર પાડે છે, તો બીજી તરફ વોટર વર્ક્સ વિભાગ લોકોના ઘર સુધી ગંદુ અને ઝેરી પાણી સપ્લાય કરી રહ્યું છે. ચોમાસાના આ સંવેદનશીલ સમયમાં દૂષિત પાણીના કારણે નાના બાળકો, સગર્ભા મહિલાઓ અને વડીલોના જીવ સામે સીધું જોખમ ઊભું થયું છે. જો



સમયસર આ પુરવઠો સુધારવામાં નહીં આવે, તો આ આખો વિસ્તાર ભયાનક મહામારીની ઝપેટમાં આવી શકે તેમ છે. આ પરિસ્થિતિને પગલે સ્થાનિક રહીશોમાં ભારે આક્રોશ વ્યાપી ગયો છે અને તેમણે મનપા તંત્ર સામે ઉગ્ર રોષ ઠાલવ્યો છે.

સ્થાનિકોએ મનપા સમક્ષ કડક સુર સાથે માંગ કરી છે કે તંત્ર દ્વારા તાત્કાલિક અભિરામ-૨ વિસ્તારમાંથી પાણીના સેમ્પલ લેવામાં આવે, તેનું લેબોરેટરી ટેસ્ટિંગ કરાવવામાં આવે અને તેનો સત્તાવાર રિપોર્ટ છુપાવવાને બદલે જાહેર જનતા સમક્ષ મૂકવામાં આવે. આ સાથે જ પાઈપલાઈનમાં ક્યાંથી કચરો કે ગટરનું પાણી ભળે છે તે શોધીને યુદ્ધના ધોરણે લાઈનનું સમારકામ કરવામાં આવે અને જ્યાં સુધી શુદ્ધ પાણી ના આવે ત્યાં સુધી વૈકલ્પિક વ્યવસ્થા ભાગરૂપે ટેન્કરથી પાણી પૂરું પાડવામાં આવે. ચોમાસા દરમિયાન નાગરિકોને સ્વચ્છ પીવાનું પાણી પૂરું પાડવું એ મહાનગરપાલિકાની પ્રાથમિક ફરજ છે અને વેરા ઉઘરાવતું તંત્ર પ્રજાના આરોગ્ય સાથે કોઈ પણ જાતની બાંધછોડ કરી શકે નહીં. જો તંત્ર દ્વારા આ મુદ્દે તાત્કાલિક કડક પગલાં લેવામાં નહીં આવે તો આગામી દિવસોમાં સ્થાનિકો દ્વારા મનપા કચેરી ખાતે ઉગ્ર આંદોલન અને હલ્લાબોલ કરવાની ચીમકી પણ ઉચ્ચારવામાં આવી છે.

ચોમાસા દરમિયાન જમીનમાં ભેજ વધી જાય છે અને ડ્રેનેજ (ગટર) લાઈનો ભરાઈ જાય છે. જૂની કે ક્ષતિગ્રસ્ત પીવાના પાણીની પાઈપલાઈનમાં જંકશન અથવા લીકેજ પોઈન્ટ પાસે ગટરનું દૂષિત પાણી શોષાઈને (સક્શન પ્રક્રિયા દ્વારા) મુખ્ય સપ્લાયમાં ભળી જાય છે. પાણી આપવાના નિર્ધારિત સમય પૂરો થયા પછી જ્યારે પાઈપલાઈનમાં પ્રેસર ઘટે છે, ત્યારે આસપાસના ગંદા પાણી અને માટી પાઈપની અંદર ખેંચાઈ આવે છે, જેના કારણે બીજા દિવસે નળ શરૂ થતાં જ શરૂઆતમાં કાળું કે ગંદુ પાણી આવે છે.

# શાસકોના આગમન છતાં શિક્ષણ સમિતિની રચનામાં વિલંબ

## નગર પ્રાથમિક શિક્ષણ સમિતિમાં નિમણૂંક અને ચેરમેન પદની નવી ફોર્મ્યુલા?

રાજકોટ, તા. ૬

મ્યુનિસિપલ કોર્પોરેશનમાં નવા શાસકોએ સત્તા સંભાળ્યાને ત્રણ મહિનાથી વધુ સમય વીતી ગયો છે. ચૂંટણીના એક મહિના બાદ મુખ્ય પદાધિકારીઓ અને બે મહિના બાદ અન્ય તમામ પેટા સમિતિઓની રચના કરી દેવામાં આવી હતી.

પરંતુ નગર પ્રાથમિક શિક્ષણ સમિતિમાં હજુ સુધી નવી નિમણૂંકો કરવામાં આવી નથી, જેના કારણે જૂની બોડી જ હજુ સુધી કામગીરી સંભાળી રહી છે. રાજકોટ સહિત રાજ્યની તમામ ૧૫ મહાપાલિકાઓમાં શિક્ષણ સમિતિના ચેરમેનની ટર્મ હાલમાં ૬ વર્ષની હોય છે.

જ્યારે મનપાની અન્ય તમામ પેટા કમિટીઓના ચેરમેન અને સભ્યોનો કાર્યકાળ અઢી વર્ષનો હોય છે. આથી, અન્ય કમિટીઓની જેમ શિક્ષણ સમિતિમાં પણ અઢી-અઢી વર્ષની મુદ્દતની નવી ફોર્મ્યુલા અમલી બનાવવાની ગંભીર વિચારણા ચાલી રહી છે.

અઢી વર્ષની ટર્મ કરવામાં આવે તો ૫ વર્ષના કુલ શાસનકાળ દરમિયાન ચેરમેન, વાઈસ ચેરમેન અને સમિતિના સભ્યો સહિત કુલ ૩૦ આગેવાનો અને કાર્યકરોને સ્થાન આપી સાચવી શકાય છે.

મહાપાલિકાની અન્ય પેટા કમિટીઓમાં માત્ર ચૂંટાયેલા કોર્પોરેટરો જ સભ્ય બની શકે છે, જ્યારે નગર પ્રાથમિક શિક્ષણ સમિતિમાં કોઈપણ સંગઠનના કાર્યકર કે સ્થાનિક આગેવાનને પણ સભ્ય બનાવી શકાય છે. શિક્ષણ સમિતિમાં અઢી વર્ષની ટર્મ અને કાર્યકરોને સ્થાન આપવાની ચર્ચા સામે આવતાની સાથે જ રાજકોટ ભાજપ સહિત રાજ્યભરના સેંકડો કાર્યકરો અને આગેવાનો સમિતિના સભ્ય કે હોદ્દેદાર બનવા માટે ઉત્સુક બન્યા છે.

શિક્ષણ સમિતિમાં અઢી વર્ષની ટર્મની નવી ફોર્મ્યુલા અમલી બનવાની શક્યતા અને સામાન્ય કાર્યકરો માટે દરવાજા ખુલવાના એંધાણ મળતાં જ રાજકોટ ભાજપના સ્થાનિક વર્તુળોમાં ભારે ચર્ચા જાગી છે. સેંકડો સક્રિય કાર્યકરો અને સંગઠનના દાવેદારો સમિતિમાં સ્થાન મેળવવા માટે દાવેદારી નોંધાવી રહ્યા છે.

આગામી દિવસોમાં પ્રદેશ મોવડીમંડળ દ્વારા આ અંગે આખરી નિર્ણય લેવાય બાદ નવી બોડીની સત્તાવાર જાહેરાત કરવામાં આવે તેવી પ્રબળ શક્યતા છે. અઢી વર્ષની ફોર્મ્યુલાથી મહાનગરપાલિકાની ચૂંટણી વખતે ટિકિટ મેળવવામાં વંચિત રહેલા કે સંગઠનમાં સક્રિય રહેલા કાર્યકરોને સન્માનજનક સ્થાન આપીને રાજકીય સંતુલન જાળવી શકાશે.

# સ્ટેન્ડિંગ કમિટીમાં ૨૦.૨૫ કરોડના વિકાસકામો મંજૂર

## ઓડિટર અને સોલિડ વેસ્ટ કન્સલ્ટન્ટની દરખાસ્ત પેન્ડિંગ : છૂટક દરખાસ્તો રદ કરી વર્ષમાં ૨૫ લાખ વૃક્ષો વાવવાનો માસ્ટર પ્લાન માંગતી સ્ટેન્ડિંગ કમિટી

રાજકોટ, તા. ૬

રાજકોટ મહાનગરપાલિકાની સ્ટેન્ડિંગ કમિટીની મહત્વની બેઠક ચેરમેન પરેશ પીપળીયાના અધ્યક્ષસ્થાને યોજાઈ હતી. આ બેઠકના એજન્ડા પર રહેલી કુલ ૧૬ દરખાસ્તોમાંથી ₹૨૦.૨૫ કરોડના વિવિધ વિકાસકામોને મંજૂરી આપવામાં આવી છે, જ્યારે જરૂરી વિગતોના અભાવે ૨ દરખાસ્તો પેન્ડિંગ (મોકૂફ) રાખવામાં આવી છે અને ૨ દરખાસ્તો પરત કરવામાં આવી છે. આજની બેઠકમાં ખાસ કરીને સ્ટેચ્યુટરી ઓડિટરની નિમણૂંક, સોલિડ વેસ્ટ પ્રોજેક્ટના કન્સલ્ટન્ટ અને વૃક્ષારોપણના આયોજન મુદ્દે કમિટીએ કડક વલણ અપનાવ્યું હતું.

રાજકોટના જુદા જુદા છ ટીપી પ્લોટ, રામવન પાર્કિંગ, સર્વે નં. ૬૨૫ તથા મોટા મવા હેડવર્ક્સ ખાતે ₹૪૪.૬૬ લાખના ખર્ચે ૧૮,૨૨૯ વૃક્ષો રોપવાની દરખાસ્ત કમિટી સમક્ષ આવી હતી. પોપટપરા સેન્ટ્રલ જેલ પાછળ અને મોટા મવા હેડવર્ક્સ, ફનબ્લાસ્ટ પાસેના રોડ પર ૩,૨૦૦ ચો.મી. વિસ્તારમાં




૧૨,૮૦૦ વૃક્ષો ₹૯.૯૨ લાખના ખર્ચે મિયાવાકી પદ્ધતિથી રોપવાનું આયોજન હતું. આ સિવાય રૈયા સ્માર્ટ સીટી વિસ્તાર, સિલ્વર-ગોલ્ડ, રામવન પાર્કિંગ, મટુકી રેસ્ટોરન્ટ પાછળ, મોચીનગર-૧, રાજીવનગર અને રંગોલી પાર્ટી પ્લોટ સહિત ૭ સ્થળોએ ₹૩૪.૭૪ લાખના ખર્ચે ૫,૪૨૯ વૃક્ષો રોપવાની દરખાસ્ત હતી. મિયાવાકી પદ્ધતિ માટે પ્રતિ ચો. મી. ₹૩૧૦ અને ઘનિષ્ઠ વૃક્ષારોપણ માટે ₹૬૪૦ નો ભાવ મંજૂર થયેલો છે. સરકારે વર્ષમાં ૨૫ લાખ વૃક્ષો રોપવા સૂચના આપી હોવાથી, કમિટીએ આવી છૂટક દરખાસ્તો ચલાવવાને બદલે ગાર્ડન શાખા પાસે સમગ્ર વર્ષ દરમિયાન વાવેતરનું સંપૂર્ણ અને સંકલિત આયોજન માગ્યું છે. આથી આ દરખાસ્ત પરત કરી દેવામાં આવી છે.

મીટીંગ બાદ લેવાયેલા નિર્ણયો અંગે માહિતી આપતા ચેરમેન પરેશ પીપળીયાએ જણાવ્યું હતું કે પૂરતી સ્પષ્ટતા ન હોવાથી નીચે મુજબની દરખાસ્તો મુલત્વી રાખવામાં આવી છે. સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ પ્રોજેક્ટ તથા અન્ય કામો માટે ₹૧.૧૧ કરોડના ખર્ચે ગઈઈજીઈ ના કન્સલ્ટન્ટ રોકવાની દરખાસ્ત આવી હતી. પરંતુ સફાઈ તંત્ર સહિતના વિભાગો માટે આ એજન્સી ચોક્કસ શું કામ કરવાની છે તેની માહિતી અધિકારીઓ આપી શક્યા ન હોવાથી આ બાબત પેન્ડિંગ રખાઈ છે.

મનપામાં બે વર્ષ માટે ખાસ હિસાબોના સ્ટેચ્યુટરી ઓડિટર નીમવા માટે ₹૧૮.૮૮ લાખનો ખર્ચ મૂકવામાં આવ્યો હતો. પરંતુ સંબંધિત સી.એ. પેઢીની પસંદગી કયા આધારે અને કયા અનુભવના આધારે કરવામાં આવી છે તેવો પ્રશ્ન ઉઠાવી, ચેરમેને હિસાબી શાખા પાસે સંપૂર્ણ વિગતો માગી દરખાસ્ત મોકૂફ રાખી છે. શહેરના ત્રણેય ઝોનમાં રોડ સેન્ટ્રલ વર્જ, ટ્રાફિક જંકશનના આઈલેન્ડ અને સર્કલની નિભાવણી માટે ₹૪.૧૦ કરોડના બે વર્ષના કોન્ટ્રાક્ટ અંગેની દરખાસ્ત પણ પૂરતી વિગતો માગીને પેન્ડિંગ રાખવામાં આવી છે.